કુમાર

અંક ૧૧૮મો



જલનિનાદ ચિત્રકાર નિકોલસ રોરિચ

આવતી કાલનાં નાગરિકો ઘડતું
આજનાં ઘરોનું માસિક તંત્રી:
રવિશંકર રાવળ · આસો ૧૯૮૯

કુમાર
આસો ૧૯૮૯
અંક ૧૧૮

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



નાગાર્જુન
ચિત્રકાર · નિકોલસ રૅરિશ

આ પીળી પત્રિકા

દર દીવાળીએ શા માટે આવે છે તે સૌ બરાબર જાણે છે

પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા ફરીને દીવાળી લાવે છે; અઠવાડિયાં પર અઠવાડિયાં વીતાવતું સમયચક્ર વર્ષનો ફેરો પૂરો કરતું આવે છે, તેની સાથે તમારા લવાજમની રકમ પણ પૂરી કરતું આવે છે. હવેના બે અંકો તમને મળે એટલે તમારૂં લવાજમ પૂરૂં થાય.

બધા જૂના ગ્રાહકો જાણે છે કે અમે નવા વર્ષનો પહેલો અંક વી.પી. ન કરતાં, ચાલુ વર્ષનો છેલ્લો અંક વી. પી. થી મોકલી, આવતા વર્ષનું લવાજમ વસુલ લઇએ છીએ; કેમકે જેમને આવતે વર્ષે ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઈચ્છા નથી હોતી તેમાંના ઘણા-ખરા અમારી બે માસ અગાઉની વિનતિ છતાં અમને તેવા ખબર નહોતા આપતા અને છેક નવા વર્ષનો પહેલો અંક તેમને વી. પી. થી મળે ત્યારે એ વી. પી. પાછું ઠેલતા. એથી અમને બેવડું નુકસાન થતું: (૧) વી પી. ટપાલખર્ચના સવા ત્રણ આના ૨દ જતા, અને (૨) પોસ્ટની અથડામણીને લીધે અંક ચૂંથાઈ ગએલી હાલતમાં પાછો આવતો એટલે નકામો પડતો. એ નુકસાની અટકાવવા માટે અમારે નછુટકે ચાલુ લવાજમનો છેલ્લો અંક વી.પી. કરવો પડે છે.

એ વી. પી. કરતાં પહેલાં અમે આજે બે માસ અગાઉથી વિનતિ કરીએ છીએ કે જેમની મરજી આવતે વર્ષે ગ્રાહક તરીકે રહેવાની ન હોય તેઓ અમને કૃપા કરીને તેવા ખબર માગશર સુદ પૂનમ એટલે કે પહેલી ડિસેમ્બર અગાઉ આપી દેશે તો તેમને એ છેલ્લો અંક વી. પી. થી ન મોકલતાં અમે સાદી પોસ્ટથી મોકલીશું: બાકીનાઓને વી. પી. કરીશું. અમારી આ વેળાસરની વિનતિ છતાં પણ અમને જેઓ તેવા ખબર ન આપતાં માગશરનું વી. પી. પાછું વાળશે તેઓ, અમને લાગેલા વી. પી. ખર્ચના નુકસાનના ૦-૩-૩ ભરીને પોતાનો એ લેણો અંક પાછો મેળવી શકશે.

વિચારવંત ગ્રાહકો સમજી શકશે કે તેમને આ પદ્ધતિથી કોઈ પ્રકારનું નુકસાન નથી. 'કુમાર' વિષે જેમને આદર અને પ્રેમ છે તેઓ અમારી નુકસાની અટકાવવા ખાતર તથા વ્યવસ્થાની સગવડ માટે આ રીતે એક માસ અગાઉ લવાજમ મોકલતાં આના-કાની નહિ કરે. જોકે વર્ષોવર્ષ આ પદ્ધતિ ચાલુ રહે છે, એટલે ખરી રીતે તો એમને બાર માસે જ લવાજમ ભરવાનું આવે છે.

માટે જેમણે ગ્રાહક તરીકે બંધ થવું હોય તેઓ, તથા જેમણે ચાલુ રહેવું હોય તેઓ પણ, મહેરબાની કરીને આવતા (કારતક) અંક સાથે વહેંચવામાં આવે તે પોસ્ટકાર્ડમાં પોતાની ઇચ્છા-અનિચ્છા લખી જણાવી. માગશરનો અંક વી. પી. થી કે સાદો મોકલવા સૂચવી અમારી આ યોજનામાં અમને સાથ આપશે તો અત્યંત આભારી થઇશું. નાણાં મનીઑર્ડરથી વેળાસર મોકલવા ઇચ્છનારા તેમ પણ કરી શકશે: પણ એ રીતે તમારો સમય જશે અને તકલિફ પડશે; એટલે વી.પી.ની પદ્ધતિ ગ્રાહકોએ વધુ પસંદ કરવા યોગ્ય છે.

—**વ્યવસ્થાપક**

અમારી વિનતિ + તમારો સહકાર = વ્યવસ્થાની સફળતા

વ્યથા

શિખરિણી.

પ્રભો! મારૂં નાનું જીવન, દુઃખ એનાં અણુ સમાં
મથું જો લેખાવા પરવત સમાં એહ મમતા;
અને આંસુ સારૂં અધિક પછી એથી શી જડતા ?
કમી ના ભૂલું જો સકળ જગ સ્વત્વે મરણમાં.


ભર્યું છે ચોપાસે દુઃખ, ખદબદે જીવ જગના,
મહા વ્યાધિઓના વિવિધ વમળે વિશ્વ સબડે,
જળે એને જ્વાળા અણુઅણુ વિષે ને રગરગે;
અરે! એમાં મારી લઘુતમ વ્યથાની શી ગણના?

ભલે મારી શક્તિ નહિ જગતના ક્લેશ હરવા,
તૂટેલાં હૈયાંના સજીવ શબમાં પ્રાણ પૂરવા;
પ્રભો! કિન્તુ દુઃખો સકળ જગનાં હું મુજ ગણું,
ડુબાવું એ મધ્યે લઘુ હૃદયની દુર્બળ વ્યથા.

અને જો બાકી રૂહે જીવનમહીં એકાદ સ્મિત તો,
દઉં વેરી એના કિરણકણ આછા થળથળે.

રામપ્રસાદ શુક્લ

વિક્રમના નવા વર્ષના પ્રારંભે આ અંક સૌને મળશે એવે મંગલ સમયે, ઉપરના કાવ્યમાં વ્યક્ત કરેલી ભાવનાથી વધુ ઉન્નત વિચાર બીજો કયો ધરવાનો હોય ? માત્ર પોતાનાં જ દુઃખનો વિચાર કરનાર માનવી આ વિશાળ સંસારમાં ચોમેર વ્યાપી રહેલાં વિવિધ પ્રકારનાં અસંખ્ય દુઃખોનો ખ્યાલ કરે તો એ સમભાવ એના દુઃખને ભુલાવી એના આત્માને કેટલો ઉન્નત કરે તેનો સુંદર ખ્યાલ એમાં આપ્યો છે: 'પ્રભુ, મારૂં આ નાનું અમથું જે જીવન, એનાં અણુ જેવાં દુઃખને ગાઈગાઇને પરવત જેવાં લેખાવા મથું તો એમાં મારી જ મમતા છે; એના પર રડવા બેસું એથી વધારે મોટી જડતા કઇ? અને કેવળ મારી જ જાતના વિચારમાં જગતને જો ભૂલી જાઉં તો પછી એ એક પ્રકારનું મરણ જ થયું.' પછીની ત્રણ લીટીમાં, જગતમાં જે દુઃખ ચોપાસ ભર્યું છે તે દર્શાવીને કહે છે કે એની આગળ 'મારી આ લઘુતમ વ્યથાની તે શી ગણના ?' અને પછીથી નવા શરૂ થતા ષટ્કથી એ વિચાર પલટાય છે. જગતના દુઃખનું ભાન તો થયું; પણ એ વિશાળ દુઃખસાગરને માટે પોતા જેવો પામર માનવી શું કરી શકે? જગતના ક્લેશ હરવાની કે દુઃખથી ભાંગેલાં હૈયાવાળાંઓના જીવતાં મુડદાંમાં પ્રાણ પૂરવાની કંઇ પોતાની શક્તિ ઓછી જ છે? નથી; ભલે. પરંતુ એ સકળ જગતનાં દુઃખો જાણે પોતાનાં જ છે એટલો વિશાળ સમભાવ પોતે ધારે. એટલું થાય એટલે પોતાના નાનકડા હૃદયની નાની અમથી વ્યથા તો ક્યાં ય ભૂલાઇ જાય. અને અંતમાં આ ભાવને છેલ્લી બે લીટીમાં ટોચે પહોંચાડવા વધુ આગળ લઇ કહે છે: 'અને એમ કરતાં જીવનમાં એકાદ સ્મિત બાકી રહે તો?—તો એ પણ પોતા કાજે ન રાખતાં 'એના આછા કિરણકણ બધે વેરી દઉં.' —બ.રા.



■ જીવનસાફલ્યના મંત્ર સાધવા હોય તો માણસે પોતાના લક્ષ્ય માટે કેવી રીતે જોવું જોઇએ તેનું એક દૃષ્ટાંત મેં હમણાં જ વાંચ્યું. 'હિમાલયની વેગવતી પહાડી નદીઓ ઓળંગતાં અજાણ્યા પ્રવાસીને ભોમિયા ચેતવણી આપે છે કે 'નીચે ન જોતાં ઉપર જ જોજો.' માણસ દોરડાંના શીકામાં બેઠોબેઠો કદી નીચે નજર કરે તો અનહદ વેગથી ઘસડાતા બરફના ટુકડા, વૃક્ષો અને પાણીનાં વમળો જોઇ કદાચ બેભાન પણ બની જવાનો સંભવ; એટલે જ સામે પાર જતાં દોરડામાં પરોવેલી ગરગડીને ઠેલતો છતાં તે નજર તો આકાશ સામે જ રાખે છે. સામે પાર પહોંચવાનું લક્ષ્ય સિદ્ધ કરવા તેને હમેશાં નજર આકાશ તરફ જ રાખવી પડે છે અને તેથી ચક્કર કે બેશુદ્ધિ અનુભવ્યા સિવાય તે નિયત સ્થાને પહોંચી જાય છે.

પ્રત્યેક જીવનસાધનામાં એ ચેતવણી જરૂરની છે. 'ઉપર જ જુઓ; નીચે ન જોતા.' નહિ તો તમારા મગજને ચક્કર ખવડાવે એવી ઘણી યે બીનાઓ તમને અકળાવશે, મૂંઝવશે, વખતે બેભાન પણ કરી મૂકશે.

■ તમે કરેલા કામના સરવાળા લેવા કરતાં તમારે હજુ કેટલું કરવાનું બાકી છે, આગળ કેટલે ઊંચે વધવાનું છે તેનો વિચાર કરશો તો જ તમે સાધના પૂરતી નમ્રતા અને પ્રયાસ ટકાવી શકશો. આપણા દેશમાં ઘણાં યે વામણાં મનુષ્ય પૂજાય છે ને માનપાન પામે છે. તેમના કદથી તમારી પ્રગતિ આંકશો તો તમને અભિમાન ઉત્પન્ન કરનાર કારણોનો પાર નહિ રહે. તમે તમારી જીવનપ્રગતિને સત્વર કુંઠિત કરી દેવા માગતા હો તો જ તમારી પ્રશંસાઓ અને અભિનંદનોનાં પોટલાં વીખજો. પણ પછી તમને જીવનની નાનીમોટી લાલસાઓ પૂરવાની, તમારૂં સ્થાન જાળવી રાખવાની, અને રખેને કીર્તિમાળ કરમાઇ જાય તે બીકે તેને રોજરોજ સંભાળ્યા કરવાની ચટપટી રહેવાની. આને લીધે અનેક જાતની કુટિલ હરીફાઇઓ, ટોળીવટાં અને તડભેદના જૂથમાં તમારે લક્ષ્ય અને ઉપાસનાની લિજ્જત જતી કરવી પડશે જ.

■ આપણામાંના કેટલા જણ સાચેસાચ ઉપર જ નજર રાખીને, આ જગતના કાવાદાવા તથા સમાજની આંટીઘૂંટીઓથી તટસ્થ રહી પોતાના જીવનલક્ષ્ય તરફ વધતા દેખાય છે? 'આજ નહિ, મૃત્યુ સુધી પણ નહિ; મારા કામ કે મારી સમસ્યા તરફ જગત જુએ કે ન જુએ, હું આટલું તો કર્યે જ રહેવાનો' એવા સિદ્ધ સંકલ્પો કેટલાનાં જીવનભાથાં બન્યાં છે? હજારો યુવાનો જ્ઞાનને નામે ચોપડીઓ ફેરવે છે, વિદ્યાલયોમાં અર્ધી જિંદગી ગાળી નાખે છે; પણ તેમની નજર ક્યાં છે? ઊંચે કે નીચે? તે પરથી જ તેમના આત્માની કક્ષા પરખાઇ આવશે આપણા જીવનની ગોટ ક્યાં છે, આપણે કયા હેતુ પર જીવન ગુજારી રહ્યા છીએ, તેનાં સરવૈયાં કાઢનારા જ ખરી દિવાળી જુએ છે. પ્રાણનો ઉત્કર્ષ અને પ્રકાશ તેમને જ દેખાશે. જેઓ માત્ર સંઘરેલી ધાતુ તરફ નજર કરશે અને તેની જ સમૃદ્ધિ પર સંતોષ માણશે તેને માટે નિત્યની ચિંતા, હરીફાઈ અને ચટપટી લખાએલાં જ છે. જેનાં સરવૈયાંમાં પ્રગતિમાન અભ્યાસ, નૂતન માનવમૈત્રી, પ્રવાસ અને સદ્ભાવનાઓ તથા સત્કાર્યોની સમૃદ્ધિ દેખાશે તેને સંસારના હરઘડીના કટુ વાયરા અને સંતાપથી મુક્ત બનાવનો રસ ચડશે. જગતનાં ગુપ્ત સૌંદર્યો અને સુખાનુભવનો તે ભોક્તા બની નિરંતર માનસિક પુષ્ટિથી ભરત બનતો જશે.

■ ગુજરાતના એક સુમધુર પુષ્પ સમો એક આત્મા 'કુમાર'નો વાચક હતો. ૧૯૮૯ના ચૈત્ર સુદી સાતમને રોજ તે વિદેહ થયો. તેનું નામ બાબુભાઇ ભવાનજી (કચ્છી). એના ફુટતા જિગરે 'કુમાર'ના તંત્રી માટે લખી રાખેલો એક પત્ર તેના મિત્રે હમણાં અમને મોકલી આપ્યો છે. એમાંની કેટલીક હકીકત કોઇને પણ ઊર્મિલ બનાવે એવી છે. અમને અજ્ઞાત પણ 'કુમાર'ના એ સ્વર્ગવાસી મિત્રનો આટલો સ્મરણાવશેષ અહીં અંકિત કરીએ છીએ:

'મારી ઉંમર હાલ ૧૭ વર્ષની છે. મને નાનપણથી વાંચવાનો શોખ ખરો જ. હું ચારપાંચ વર્ષનો થયો ત્યારે મારામાં નવું જાણવાની જિજ્ઞાસા પ્રબળ હતી. મને ચોક્કસ સ્મરણ છે કે ક, ખ, ગ, ઘ વગેરે સઘળા વ્યંજન કોઇની પાસેથી શીખ્યા સિવાય કે સ્લેટ પર ઘૂંટ્યા સિવાય હું વાંચતાં શીખી ગયો હતો. મારા મિત્રોને આજસુધી આશ્ચર્ય થતું હતું કે લખતાં આવડ્યા પહેલાં વાંચતાં શી રીતે આવડે? અત્યારની નવી શિક્ષણપદ્ધતિએ તો બધા મિત્રો-ની એ માન્યતા ફેરવી નાખી છે.

મારી શારીરિક પ્રકૃતિ નબળી હતી તેથી ડૉક્ટરોની સલાહ લઈ મારા પિતાજીએ મને શાળાનો બોજો ન દીધો. મારો પ્રાથમિક અભ્યાસ ઘેર રમતાંરમતાં થયો.

પોપટભાઈ (પોપટભાઇ સુખલાલ શાહ) મારા પિતાજીના સાચા મિત્ર છે; મારા સાચા ગુરુ છે. તેમની સલાહ લઈ મારા પિતાજીએ મારા નામથી 'કુમાર' તથા 'બાલમિત્ર'નાં લવાજમ ભર્યાં તે

વખતે હું 'બાલમિત્ર'ને લાયક હતો. હર્ષથી હું તે વાંચતો... દર માસની ત્રીજી તારીખે હું તેની રાહ જોતો અને પોસ્ટઑફિસે ખાસ લેવા જતો. 'કુમાર'-માંથી હું પાનાં ફેરવી ચિત્રો જ જોતો... મૅટ્રિક સુધી ભણ્યા હોય તે જ 'કુમાર' સમજી શકે એમ હું માનતો. ગિજુભાઈની ૮૦ પુસ્તિકાની બાલસાહિત્યમાળાનો હું ગ્રાહક થયો.... ધીમેધીમે બાલસાહિત્ય વટાવ્યું.

એક વખત મારા હાથમાં જૂનાં 'કુમાર' આવ્યાં. હું વાંચવા લાગ્યો. જાણે હું લાકડું મટી લોઢું થયો. લોહચુંબકની અસર પેઠે હું 'કુમાર' તરફ આકર્ષાયો. 'કુમાર'ના જે વિભાગો વિષે હું માનતો કે આમાં હું કશું સમજી શકવાનો નથી તે જ વિભાગો હાલ મને પ્રેરણા પાઇ રહ્યા છે, આનંદ આપી રહ્યા છે. મારી ખાનગી નોંધબુકમાં મેં 'કુમાર' વિષે કેટલીક નોંધ લખી છે. 'કુમાર' વિષે મારા અભિલાષો બાંધ્યા છે. કેટલાક હું આપને જણાવીશ, જેથી 'કુમાર' માટે હું કેટલો ઘેલો છું તેનો આપને કંઇક ખ્યાલ આવે. 'કુમાર'ને હું એક ઉચ્ચ કોટિનો મિત્રશિક્ષક માનું છું.... દરેક અંકે આવતાં ઉચ્ચ, સુંદર જીવનચરિતો, માધુકરીમાં આવતા ટૂંક પરિચયો, નાનામોટા સુંદર લેખો, સુંદર ટૂંકી વાર્તાઓ, શિલ્પસ્થાપત્યના લેખો, પરિચયો, પ્રવાસકથાઓ, આદર્શ નાયિકાઓ, કાવ્યો, ચિત્રો વગેરેની જે ઊંડી છાપ મારા જીવન પર પડી છે તે કદી ભૂંસાવાની નથી.'

આ પછી 'કુમારે' બધા લેખોની જુદીજુદી ગ્રંથમાળાઓ કરવી જોઇએ તે વિષે પત્રલેખકે પોતાની સૂચનાઓ લખી છે, જે અમે પણ ઘણા સમયથી ચિંતવી રહ્યા છીએ; પણ સંજોગવશાત્ એવા કેક મનોભાવો અમારે દાબી દેવા પડે છે. છેવટે તે લખે છે કે 'હું પણ મારા અંતરમાં ભાળી રહ્યો છું કે મારા ધાર્યા પ્રમાણે બને તો કેવું સારું?..... વિશેષ શું લખું? મારી પાસે સગવડ હશે ત્યાંસુધી હું 'કુમાર'ને નહિ છોડું. મારા મિત્રો 'કુમાર'પાછળ કેટલા આફીન છે તે કોઇ બીજીવાર.'

અમને આ લખનારનો એકેએક શબ્દ સાચી લાગણીભર્યો જણાયો છે. એનો પુણ્યાત્મા જ્યાં હોય ત્યાં પરમ સુખ અને શાન્તિનો ભોક્તા હજો.

દર્શન

અંધારની કામણુ કાંચળી કરી,
આષાઢની સીસમ વાંસળી ધરી;
બે ગૂઢ આંખે ચિર સાધનાભરી,
કો મુગ્ધ દેવી ઊતરી વિભાવરી.

પૂરેલાં તેજના દ્વારે વિશ્વસત્યો વિભાકરે
ઉઘાડાં પાડવા રાત્રિ પૃથ્વીને પાટ સંચરે.

આવી ઊભી જાદુભરી છટાઇમાં,
આદેશ થાતાં પળ એક વારમાં
દિગન્તનાં દ્વાર બધાં ખુલી ગયાં,
અનન્ત વિશ્વો નયને રમી રહ્યાં.

પ્રેમશંકર ભટ્ટ

જ્યારે સાહિત્ય, સંગીત તથા કલાના અતિરેકે રોમને ઘોડાની પીઠ પરથી ઉતારી મખમલોના ગાદી તકિયાઓ ઉપર સૂવાડી દીધું, જ્યારે આળસ અને લંપટતાભર્યા મોજશોખે જંગલ અને પહાડોની સાફ હવાના અસલ્ય અને ઉદ્દંડ જીવન પ્રત્યે રોમન લોકોનાં મનમાં અણગમો અને ધૃણા ઉત્પન્ન કર્યાં ત્યારે એ સુંવાળા ગાદીતકિયાઓ ઉપર રોમ જે સૂતું તે એવું તો સૂતું કે આજની ઘડી સુધી નથી પોતે જાગ્યું કે નથી કોઈ એને જગાડી શક્યું! ઍંગ્લો-સૅક્સન જાતિએ આજ જગતમાં જે ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું છે તે તેણે પોતાના સમુદ્ર, જંગલ અને પર્વતના ખડતલ જીવનદ્વારા જ પ્રાપ્ત કર્યું છે. લડવું-ઝૂઝવું, મરવું-મારવું, લૂંટવું અને લુંટાવું, શિકાર કરવો અને શિકાર થઇ પડવું, એવું અવિશ્રાંત સંગ્રામમય જીવન જ એમની વર્તમાન ઉન્નતિનું બીજ છે. ધાર્મિકો કહે છે કે 'Righteousness exalteth a nation' યાને કેવળ ધર્મ જ હરકોઈ જાતિને ઉન્નત કરે છે, એ ઠીક છે; પરંતુ જાતિને ઉન્નત કરનારો એ ધર્માંકુર અત્યારે નજરે પડતા સ્વાર્થી, નીચ, અત્રંગ વેપારી જીવનની દુર્ગંધ વચ્ચે ઊગતો નથી. ઊંચાં ગવરવાળાં મંદિરો અને ચર્ચોમાં મંદમંદ બળતી લાંબી મીણબત્તીઓની રોશનીથી યુરોપ આજની ઉચ્ચાવસ્થાએ નથી પહોંચ્યું. જે કઠણ કંટકમય જીવન દેશદેશાંતરો ઢૂંઢતા ફર્યા વિના તૃપ્તિ પામતું નથી, જેની અંતર-જ્વાળા અન્ય જાતિઓને જીતવી, લૂંટવી, પાદાક્રાંત કરી અને તેમના પર રાજ્ય કરવું, એ વિના શમતી નથી,–એ વિશાળ જીવન-એ અસભ્ય, અણઘડ, ખડતલ જીવન–જ અથાગ જળ ચીરી, સમુદ્રની વિશાળ છાતી પર પગ દઈ, ઊંચા પર્વતોની હારો રમતમાં ઓળંગી જઇ, યુરોપવાસીઓને અત્યારની મહાનતા તરફ લઇ ગયું છે અને હજુ લઇ જાય છે.

(ચારિત્ર્યની સભ્યતા)

મહર્ષિ ચિત્રકાર

નિકોલસ રોરિશ



રોરિશનાં પ્રકાશનોની ધ્યાનસંજ્ઞા



રશિયાની મહાન વિભૂતિ નિકોલસ રોરિશ બ્રહ્માંડ-વ્યાપી ભાવો ને કલ્પનાઓને ઝીલનાર એક પયગંબર આત્મા છે. આજે તે હિમાલયમાં નિવાસ કરી જગતના ઉચ્ચ ગિરિશૃંગો પરથી માનવજીવનની પરમ સફળતાનો સંદેશ ચિત્રો, વાણી અને કર્તવ્ય દ્વારા પ્રકટ કરી રહ્યા છે. સૌંદર્ય અને સત્યનો ધ્વજ ફરકાવી તે જગતના લોકોને એકતાને પંથે દોરી રહ્યા છે. પ્રેમ, સૌંદર્ય અને પુરુષાર્થનો મંત્ર પ્રચારી માનવજીવન માટે નવી આધ્યાત્મિક સૃષ્ટિનું સર્જન તેમણે આદર્યું છે.

જગત–સુલેહ માટે તેમના સંદેશ પ્રચારવાને વીસેક મુલકોમાં તેમના નામની સંસ્થાઓ ચાલે છે. ચિત્રકાર તરીકે ઇતિહાસમાં તે અનેરું સ્થાન ધરાવે છે ને તેમનાં પોતાનાં પ્રાસાદિક વચનો સાર્થ કરતી તેમની કલાકૃતિઓએ અપાર સૌંદર્ય અને દૈવી પ્રકાશનો પરિચય આપ્યો છે. વ્યાખ્યાનો, અન્વેષણો, ચિત્રો અને બીજી અનેક ક્ષેત્રવ્યાપી પોતાની પ્રવૃત્તિઓમાં પ્રભુત્વવાળા વ્યક્તિત્વથી તેમણે માનવબંધુત્વના પ્રચારને અતીવ વેગ આપ્યો છે. એ માને છે કે 'કળા મારફત જ જનતા એકતા પ્રાપ્ત કરશે. અનેક શાખાઓમાં પ્રકટતી છતાં કલા એક અખંડ તત્ત્વ છે. ભાવના સમન્વયની નિશાનીઓ કળામાં છે. કળા સર્વ માનવ કાજે છે.'

ઇ. ૧૮૭૪ના સપ્ટેમ્બરની ૨૭મીએ લેનિનગ્રાડમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા મૂળ સ્કૅન્ડિનેવિયન જાતિમાંથી રશિયામાં આવી વસેલા એક પ્રસિદ્ધ ઍટર્ની (વકીલ) હતા. તેમની માતાના વંશનાં મૂળ છેક દસમા સૈકાની (Pscav) સ્કાવ જાતિ સુધી નીકળે છે. એટલે રોરિશમાં વાઇકિંગ અને રશિયાનું અસલ લોહી મળેલું છે. બાળક રોરિશે નાનપણનો વખત ઇશ્વારા ખાતેની કુટુંબની જાગીર પર ગ્રામ્ય રખડપટ્ટીઓમાં ગાળ્યો હતો. તે વખતે એ જાગીરની આસપાસ જામેલા ટેકરાઓનું પુરાતનપણું શોધવા યત્ન કરતો.

એ વખતથી તેની પ્રાચીનપ્રિયતા જાગૃત થઇ હતી અને પાષાણ યુગની ઘણી જૂની કબરો પણ એણે ત્યાંથી શોધી કાઢી હતી.

રોરિશના પિતા તેને પોતાના જેવા ધારાશાસ્ત્રી બનાવવા ઇચ્છતા હતા; પણ આ કુમારે સૌંદર્યનાં દ્વારમાંથી તેનાં દર્શન કરી લીધાં હતાં અને તેના નવસર્જન માટે તેનો આત્મા ઉત્સુક થઇ રહ્યો હતો. છતાં તે વખતથી જ તેનામાં અતિ વિરોધી સંજોગોનો સમન્વય કરી લેવાની શક્તિ આવી ગઇ હતી. પિતાની ઇચ્છાને માન આપી તે વિદ્યાલયમાં ને મહાવિદ્યાલયમાં તો ગયો, પણ સાથેસાથે કળાશાળામાં પણ અભ્યાસ ચાલુ રાખ્યો ને બંને સંસ્થાઓમાં માનભેર ઉત્તીર્ણ થયો.

ઊછરતી વયમાંથી જ રોરિશને વિચિત્ર વિષયો પર લખવાનો મહાવરો હતો. તેમાં પણ તેની પોતાની જ અનોખી રીત અને મૌલિક ઢબ હતી જ. વીરકાવ્યો, પરીકથાઓ, કાવ્યો, વિચિત્ર વાતો, શિકાર, કુદરત, દરેક પર તે લખતો. પણ તે સર્વમાં એક જ આશય પ્રધાન રહેતો: સૌંદર્ય અને તેની જીવન પર અસર. મહાવિદ્યાલયમાં તેને કિવજી નામના અધ્યાપકનો સમાગમ થયો. એ પુરુષ રશિયાનો મહાન કળાપ્રચારક હતો. તેણે રોરિશની પ્રતિભાને સૌથી પહેલી પિછાની.ઈ.૧૮૯૬માં રોરિશે પોતાનું The Messenger (સંદેશવાહક)નું ચિત્ર પ્રદર્શનમાં રજુ કર્યું ત્યારે એ પ્રતિભા સર્વકોઇને સ્વીકારવી પડી. તરત એ ચિત્ર Tretiakovના ચિત્રાલય માટે ખરીદી લેવામાં આવ્યું. કોઇપણ યુવાન ચિત્રકાર માટે રશિયા વધુમાં વધુ કરી શકે એવું એ સન્માન હતું. તે પ્રસંગ પછી રોરિશની કળાશક્તિ અને સામર્થ્ય વધતાં જ ચાલ્યાં ને દુનિયાના બધા ભાગોમાં તેનાં તેજ વિસ્તર્યાં.

ઇ.સ. ૧૯૦૦માં રોરિશે અભ્યાસ માટે પારીસ વગેરે દેશપરદેશનો પ્રવાસ કર્યો અને તેને પરિણામે પોતાના અગાધ અખૂટ વસ્તુભંડારમાંથી કળાસર્જન કરવાને પોતાની સર્વ શક્તિઓને એકાગ્ર કરી.

રશિયા પાછા આવતાં વેંત તેમને ત્યાંના કળા ઉત્તેજક સમાજના મંત્રી તથા કળાશાળાના મુખ્ય નિયામક તરીકેની જગ્યા મળી. આ સંસ્થાના પેટ્રન ઝાર નીકોલાઇ બીજાની સાથે કળા વિષે તેને અનેક વાર લાંબા વાર્તાલાપો થતા. જોકે તે પોતે તો આ રાજકૃપાને આફત માનતા અને બને તેટલા દૂર રહેવા યત્ન કરતા.



જગતને એક સુવર્ણમંજૂષામાં સાંસ્કૃતિક સમૃદ્ધિ અર્પતા રોરિશનું તેમના પુત્રે આલેખેલું સૂચક ચિત્ર

આ સ્થાને તેમની સંગઠન કરવાની શક્તિઓ કામે લાગી અને તેમની સંસ્થા આખા રશિયાની કેળવણીમાં એક જબરદસ્ત સંચાલક તત્ત્વ થઇ પડી. એક મહાન સર્જકની જેમ તેમણે કેટકેટલી દિશામાં કામ કરવા માંડ્યું. સ્થપતિ તરીકે, લેખક તરીકે, કેળવણીકાર તરીકે અને મીર ઇસ્કુસ્ત્વા (Mir Iskurstva)ના પ્રમુખ તરીકે તેમણે અજબ ઉકલત અને કાર્યશક્તિની પ્રતીતિ કરાવી. તેમનાં ચિત્રો યુરોપનાં પ્રદર્શનોમાં રજુ થવા લાગ્યાં અને એક નવીન ઉસ્તાદ તરીકે તેમનો સ્વીકાર થવા લાગ્યો.

ઇ.સ. ૧૯૦૭થી ૧૯૧૪ સુધીના કાળમાં તેમણે મૉસ્કો આર્ટ થીએટરની સુધારણામાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ઇ.સ. ૧૯૧૦માં આખા યુરોપમાં 'વર્લ્ડ ઑફ આર્ટ' નામે સુપ્રસિદ્ધ થએલી સંસ્થાના તે પહેલા પ્રમુખ થયા અને ૧૯૧૫માં તેમના કલા-



જગતની સાંસ્કૃતિક સામગ્રીઓના રક્ષણ માટે Roerich Peace Pact (રૅરિશ શાંતિકરાર) તરીકે આખી દુનિયામાં એક અનિવાર્ય જરૂરિયાત તરીકે સ્વીકાર પામેલા 'શાંતિ ધ્વજ'ની ધારિણી દેવીનું રૅરિશે આલેખેલું ચિત્ર


જીવનની ૨૫મી સાલગ્રેહ ઊજવાઇ. ૧૯૧૬માં રશિયામાં રાજ્યક્રાન્તિ થઇ તે વખતે તેમની શાળામાં સિપાઇઓ પડાવ નાખતા, પણ તેમને કશી હેરાનગતી કરી નહોતી. એ વખતે આવેલા નવા વિદ્યાર્થીઓ તેમની સામે થશે એવી પણ ઘણાને બીક હતી, છતાં રૅરિશ તેમની વચ્ચે નીડરપણે ગયા અને આવકારના નાદો વચ્ચે પહેલી સભા પૂરી કરી.

ઈ.સ. ૧૯૧૭માં મૅક્સિમ ગૉર્કીએ એક કલાપરિષદ બોલાવી. તેના પ્રમુખ રૅરિશ થયા. એ વર્ષે મે માસમાં ફિન્લૅંડ ખાતે કુટુંબ સાથે આરામ લેવા પોતાના પદથી તે છૂટા થયા. તે પછી તેમણે યુરોપમાં પ્રવાસ કર્યો. તે વખતે વ્યાખ્યાનો દ્વારા કળામાં કયા આદર્શો માટે પોતાનું જીવન તલસી રહ્યું છે અને કયા આદર્શો પાછળ પોતે મચી રહ્યા છે તે સ્વમુખે લોકોને સમજાવતા. દેશદેશના માનવો ઉચ્ચ પ્રકારના સંબંધોથી જોડાઇને સૌંદર્યનાં દર્શને ભ્રાતૃભાવ પામે એ તેમની ઝંખના સતત આગળ રહેતી.

૧૯૨૦માં લંડનમાં તેમને શિકાગો આર્ટ ઇન્સ્ટીટ્યૂટ તરફથી તેમનાં ચિત્રો અમેરિકામાં પ્રદર્શિત કરવાનું નિમંત્રણ મળ્યું. એ વખતે તેમણે પૂર્વના પ્રદેશોમાં ઘૂમવાની યોજના કરી હતી. પણ તે છોડી દઇને તે અમેરિકા ગયા. એ વખતે અમેરિકા સાથેનો તેમનો વ્યવહાર તો કંઇ પચીસ વર્ષ પહેલાં બંધાઇ ચૂક્યો હતો. અમેરિકાના કળાજગત સાથે એમણે પોતે જ પ્રથમ નાતો બાંધ્યો હતો. યુરોપ આખું અમેરિકાને કળામાં સાવ નવતર નિશાળ માનતું હતું તે વખતે રૅરિશે અમેરિકાની નવી કળાકૃતિઓનું પ્રદર્શન રશિયામાં ભરીને તે અભિપ્રાય બદલવાની યુરોપને ફરજ પાડી હતી. એટલે અમેરિકાએ તેમને એક જૂના સંબંધીજન તરીકે આવકાર આપ્યો. ન્યૂ યૉર્કમાં રૅરિશની કળાનું પ્રદર્શન થયું. તે દિવસથી હજારો માનવીઓ તેના ભક્ત બનવા લાગ્યા. એનું કારણ એ ચિત્રોનું બૌદ્ધિક તેમજ દાર્શનિક સૌંદર્ય જ માત્ર નહોતું; ભવ્યતા, પ્રકાશમયતા અને કૌશલ્યની ખૂબીઓ સાથે તેમાં એક એવો દૈવી સંકેત અને સાદાઇ હતાં કે જેને લઇને, દરેક અમર કૃતિ માનવહૃદય પર જે અધિકાર કરી જાય છે તેવો અધિકાર એ કૃતિઓએ જમાવ્યો. દ્રવ્યપિપાસુ અમેરિકા તેની આગળ ભાવભીનું બની ગયું અને કિંગોર ચિત્રાલય આગળ અભૂતપૂર્વ મેદની જમાવી દીધી. દોસ્તોયવસ્કીએ એમને વિષે કહેલું કે 'સૌંદર્ય જ સંસારનું ઉદ્ધારક બનશે અને આ પુરુષ જગતની જૂની યજ્ઞવેદીઓ પ્રજ્વાલશે.' અને ખરેખર, જ્યારે અમેરિકા આખામાં તેમની કલાકૃતિઓનો પ્રવાસ થયો ત્યારે એ દેશે પોતાના ઇતિહાસની ઉષા નીરખી. આટલાન્ટિસનાં સુવર્ણસ્વપ્નો, વન્ય જાતિઓના નાચો ને ગીતો તથા ઉત્તરના વાઇકિંગરાજની સવારીની સ્મૃતિઓ એ પ્રજા આગળ ખડી થઇ. ભૂતકાળની કથાઓ જ્વલંત રૂપમાં પ્રકટી ઊઠી. ચિત્રકારોને નવાં વસ્તુસૂચનો મળ્યાં.

આ નવજાગૃતિનું સ્વરૂપ રૅરિશે બરોબર સમજી લીધું અને સૌંદર્યનાં ચેતનવંતાં કણો માટે ભૂમિ તૈયાર કરવા માંડી. જે સ્વપ્નો અને આદર્શો તેમણે વર્ષોથી સેવ્યાં હતાં તે પ્રત્યક્ષ કરવાનું ક્ષેત્ર તેમને અહીં દેખાયું.

'આવી ભૂમિની યુવાન પ્રજાએ તો સૌંદર્યને જીવનસંગાથી કરી લેવું જોઇએ. કળા ગૃહમાત્રની સુપરિચિત સખી બની રહે ને કળાકારો એકમેકના હાથ મિલાવી જગતમાં બંધુત્વનો સંદેશ સુસ્પષ્ટ રૂપમાં પ્રચારે.'





ડાબી બાજુ: રોરિશની કલાના પ્રશંસકો અને અનુયાયીઓએ તેના કલામંત્રોને સર્વવ્યાપી કરવાના ઉદ્દેશથી ન્યૂ યૉર્ક (અમેરિકા)માં સ્થાપેલા રોરિશ મ્યૂઝિયમના દ્વારદેશે ઊભેલા રોરિશ; બાજુએ--ઉપર: મ્યૂઝિયમનું જંગી મકાન; નીચે મ્યૂઝિયમની ધ્યાનસંજ્ઞા

'કળા માનવમાત્રમાં એકતા કરનાર હો. કળા એક અખંડ તત્ત્વ છે. અનેક કળાઓ અંતે તો એકની એક જ છે. જીવનની એકવાક્યતાનો ઉચ્ચાર કળા છે. કળા જનસમસ્તની છે. સાચી કળા સૌને ગમશે. ગંગાનાં પવિત્ર ઝરણાં સર્વ માટે વહેતાં રહેવાં જોઇએ. કળાનો પ્રકાશ જ અસંખ્ય હૃદયોમાં નવી પ્રેમોર્મિઓ ઉછાળશે. અરે! કેટલાં યુવાન હૃદયો ખરેખર સૌંદર્યમય "કંઇક"ની શોધ કરી રહ્યાં છે! તેમને તે આપો. કળા જનસમાજની છે અને તેની સમીપ તેને પહોંચાડો મ્યૂઝિયમો, નાટ્યગૃહો, યુનિવર્સિટીઓ, રેલવે સ્ટેશનો ને ઇસ્પિતાલો જ માત્ર નહિ પણ કારાગારો પણ સુશોભિત અને સુંદર બનાવો; એટલે ક્યાંય કારાગારનું અસ્તિત્વ જ રહેશે નહિ.'

આવા ને આવા મંત્રજાપ અને તેના પ્રબળ આંદોલનોએ Master Institute of United Arts (કળાસમસ્તના ગુરુભવન)નો ખ્યાલ મૂર્તિમંત કર્યો. કેટલાયને જે મૃગજળ સમાન દેખાતું તે ભવન સત્ય સ્વરૂપે ૧૯૨૧ના નવેમ્બર માસમાં ઊઘડ્યું. ત્યાં અમેરિકાનો યુવકગણ આજે સૌંદર્યના વિવિધ પ્રકારો દાખવતી કળાનું શિક્ષણ અને દીક્ષા મેળવી શકે છે.

પણ જે મહા માનવસંખ્યા આ સંસ્થાના સંસ્પર્શથી વંચિત રહેતી હતી તેને ય રોરિશ ભૂલી શક્યા નહોતા.





હિમાલયમાં કુલુ પર્વતો વચ્ચે 'નગર'માં મહર્ષિ રોરિશે સ્થાપેલું 'ઉરુસ્વતી હિમાલયન રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ': જ્યાં હમણાં તેઓ રહે છે અને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવે છે. બાજુએ: હિમાલયમાં મહર્ષિ રોરિશ.

અનેકના હૃદયમાં આશ્વાસન અને આનંદ પેદા કરનાર અતિથિ પેઠે કલાને અમેરિકા વધાવી લે તે દિવસને તે નજીક નીરખી રહ્યા હતા; અને એક જ વર્ષ બાદ તેમણે આંતરરાષ્ટ્રીય કલાસંસ્થાન સમું, કૉરોના મંડી (Corona Mundi) સ્થાપ્યું. આ સંસ્થાદ્વારા તેમની કલાપ્રવૃત્તિ ઘણી વ્યાપક અને સમૃદ્ધ બની. જ્યાં સૌંદર્યનું સ્વપ્નું ય નહોતું એવી શાળાઓ, નેસડા, કારખાનાં અને કેદખાનાં સુધી તે પ્રવૃત્તિ વ્યાપી ગઇ. રંકનાં ઘરોમાં તો કળા ખાસ પાંગરી રહેવી જોઇએ કે જેથી નગરની ગલીકૂંચીઓમાં જીવનનો અવનવો પ્રકાર વિલસી રહે. આવા ઉદ્દેશથી એમણે કલાનાસ્તિકો અને બેદરકાર જનોના ખોળામાં કળાનો પ્રસાદ પહોંચાડવા માંડ્યો.

કૉરોના મંડીની ધ્યાનસંજ્ઞા

સૌંદર્યના સૈનિકો--કલાકારો માટે તેમણે કૉર આર્ડેન્સ (Cor Ardens) નામની સંસ્થા સ્થાપી. એ સંસ્થા જગતના સર્જકો અને કલાકારોની વચ્ચે એકતા બાંધનાર આંતરરાષ્ટ્રીય મંડળ સમી બની રહી છે.

હજુ પણ વધારે કળા અને સંસ્કૃતિના ઉપાસકો તથા પ્રેમીઓને પરસ્પરના પરિચયમાં જોડવાને, નવીનવી સર્જનસામગ્રીના સમાચારો મેળવવાને તેમજ મનુષ્યના આધ્યાત્મિક સંબંધમાં નવી વિચારણા રજુ કરવાને Atlas (આટલાસ) નામની પ્રકાશનસંસ્થા તેમણે ઊભી કરી છે. બહુપક્ષી સમૃદ્ધિભરી આ સંસ્થા રોરિશે અમેરિકાને આપી ત્યારથી સૌંદર્યની અભિવૃદ્ધિ માટે અમેરિકાનો અધિકાર વધ્યો છે.


આવી સંસ્થાઓ થયા પછી રોરિશના અનુયાયીઓનું મહાન સૈન્ય તેના મંત્રો સાંભળવા એક થઇ શકે એવું કોઇ કાયમી સ્થળ માગે એ સ્વાભાવિક છે. પણ રોરિશ કાંઇ એકલા અમેરિકાના કે કોઈ એક પ્રાંતના વતની જીવ નથી. એની અનુકંપા તો બ્રહ્માંડવ્યાપી છે. એટલે થોડા જ વખતમાં તેમની નજર એશિયાની યુગોની

(અનુસંધાન આગળ પૃષ્ઠ ૩૯૧મે)



પ્રભાતગાન ચિત્રકાર · નિકોલસ રોરિચ

પ્રો. રોરિચ અનેક દેશોની કળાપદ્ધતિ કેવી રીતે સાંરવે છે તેનું આ સચોટ દષ્ટાંત છે. હિંદી કળાની રાજપુત શૈલીના એક ચિત્રનો આધાર લઇ તેમણે તેના રેખામંડળમાં પોતાની લાક્ષણિક રચના ઉમેરી એક આહ્લાદક ચિત્રપટ બનાવ્યો છે. રંગાવટની સ્વચ્છતા ને સત્ત્વશાળી રેખાઓ તેમનાં ચિત્રોમાં જે પ્રભુત્વ ભોગવે છે એને લીધે તેઓ પૌર્વાત્ય કળાશૈલીમાંથી બીજા યુરોપી ચિત્રકારો કરતાં વિશેષ પ્રેરણા લઇ શકે છે. એ કહે છે કે 'ભૂતકાળની કળાકૃતિઓ સાથે અનુભૂતિ કેળવ્યા વિના વર્તમાનમાં કળાતત્ત્વ લાવવાનું નથી.'



અભિજેતા બુદ્ધ
ચિત્રકાર • નિકોલસ રેરિશ

જાલિમ પોતાની નીચેના ગુલામને, એનાથી યે નીચેના લોકો પર જાલિમપણું અજાવવા પ્રેરીને એને ઉલટો વધુ ગુલામ બનાવે છે એ

ઢેડના ઢેડ ભંગી

નો ન્યાય સમાજમાં જ નહિ પણ રાજકારણ તેમજ વ્યક્તિગત જીવનમાં બધે પ્રવર્તે છે

દૃશ્ય ૧ લું

[સમય: અમાસની ઘેરાતી રાત.

તળાવને કિનારે બે મરદ અને એક છોકરાના ઓછાયા સંધ્યાકાળ પછી જામતા અંધારામાં આછાઆછા દેખાય છે. તળાવના પાણીનો રંગ જમીનના રંગથી નોખો વરતાઈ આવતો નથી, પણ કંઈ જળચર પાણીમાં સળવળે તો એનો 'ડબબ' અવાજ થતો સંભળાય છે. બે માણસોમાંનો એક વાંકો વળેલો છે. એની આગળ પાણીમાં 'બુડબુડ' અવાજ થાય છે.]

કચરો: (ઊભો થઇને) અલ્યા, લાવ જો માટલું !

છોકરો: (ધીમા દબાએલા અવાજે) લો, કાકા !

કચરો: (માટલું ભરે છે ને છોકરાને માથે ચડાવે છે) કેવું ઘી જેવું પાણી છે !


વાલીઓ: હવાડાની ઢોરાંની લાળ પીપીને આયખું કાઢ્યું એટલે ઘી જેવું જ લાગેને? ગમે તેવું હોય, પીવાય એ પાણી વળી. આપણે જલમથી નાકે ગયણું બાંધેલું ભા ! એ ચોખ્ખાવેડા ઊંચી વરણને પાલવે.

કચરો: કાલે તો પેલે છેડે ભાગોળે હવાડામાં ઘડો ડબોળીને જવા કરતો'તો, ત્યાં કોક ખૂંખાર્યું. મેં'કું માર્યા મારા વાણી. દોડતોદોડતો વાડ પછવાડે લપાઇ ગયો. ત્યારે આજ વળી પાણી દેખવા પામ્યો છું.

છોકરો: (એના અવાજમાં થથરાટ છે) આજ આટલા વહેલા શીદ આયા?

કચરો: (ધીરેથી) લાવો જો ભગત, માટલાં.

[કચરિયાને આપે છે, તે વાંકો વળે છે. પાણી ભરાવાનો અવાજ થાય છે.]



છોકરો: (અવાજથી ચોંકતો) કેટલી વાર છે કાકા !

કચરો: નકામો ભારે શીદ મરે છે? તું તારે પકડને રસ્તો ! અમે આ આયા પાછળપાછળ. નાગિયામાં પકડી પાડશું.

વાલીઓ: જો, પેલા આંગલિયો પછવાડે થઇને જજે.

છોકરો: (જતાંજતાં) વહેલા આવજો, નકર આંગલિયોમાં તો ભૂતવંતરાં . . . . .

[કચરિયો માટલું બહાર કાઢે છે ત્યાં થોડે છેટે કોઈ 'ફૂડફૂડ' અવાજ કરે છે. સાથે જ એક ઢીંકું માટલા પર પડે છે ને પાણી ભેળા ગળી જતા પાણીનો ફફડાટ સંભળાય છે. ગેલો છોકરો દસેક ડગલાં ગયો હશે તે બીકનો માર્યો કે ઠેસ વાગવાથી પડી જાય છે ને ભુસ્સ કરતા માટલાના પછડાટમાં એના પોતાના પડવાનો અવાજ ડૂબી જાય છે.

આ તરફ અંધારામાં બેડી દઈનો એક માણસ આવતો જણાય છે. નાની પોતડી અને ખભે નાખેલા ટૂંકડા કપરણાની સફેદીથી આખી આકૃતિ અંધારામાં આંકી શકાય છે. કચરો ને વાલીઓ ડોસાને ઓળખી જઇ કાંપતા અંદરઅંદર ગુસપુસ કરે છે.]

ડોસો: (માણસનો અણસારો આવ્યે) અલ્યા કોણ આદમી છે એ? રેલ્લાં ભાળ્યાં આટલામાં ક્યાંઈ?

વાલીઓ: (દબાતે અવાજે) એ તો . . . . .

કચરો: (એને દબાવતો ચૂપકાથી) છાનો મરને !

[હાથ ખેંચીને એને બેસાડે છે.]

ડોસો: (પાસે આવીને) કોણ છે એ? એટલામાં ક્યાં અલોપ થઈ ગયું? (મન સાથે) આ તળાવ પર તો ભૂતડાં ય સાળાં ભારે જનમ્યાં છે નો ! હજી દા'ડો આથમ્યો નથી ત્યાં . . . .

[નીચે નમીને હાથમાં ઢેખાળા જેવું કંઇ લઇ હાથ વીંઝે છે.]

કચરો: (છળી ઊઠીને) જોજો બાપુ મારતા !

[ડોસો ચોંકે છે ને હાથમાંથી પાણો એની મેળે પડી જાય છે.]

વાલીઓ: (કચરાને) કેમ, છાના મરવું'તું ને?

ડોસો: કોણ છો લ્યા? આવા અસુરા?

કચરો: (ઘેરો સૂર કાઢીને) બાવજી ભૂત ! (ધીરેથી વાલીઆને) દોડ, લ્યા ! બચવું હોય તો, રામ !

[ખાલી માટલાં માથે ટેકવી દોડતી બે આકૃતિઓ જણાય છે.]

ડોસો: (આટલી વારમાં અંધારૂં ભલે જામ્યું હોય, પણ ડોસાની નજર પણ કાંઇક જામી છે. એકદમ વાંકા વળી, ઢેખાળો લઇ ત્રીંઝીને આખા ગામને સંભળાવવાનો ઇરાદો હોય તેમ ચીસ નાખે છે.) અરે! આ તો સાળાં ઢેઢડાં! (ઢેખાળાવાળો હાથ ત્રીંઝીને) એ એ .... આ .. નાખું છું! મર્યા સમજજો!

[પડી ગએલો છોકરો ચીસ પાડી ઊઠે છે. 'ઓ કાકા!' ડોસાના હાથમાંથી યંત્રવત્ પાણો ધબ્બ દઇને પડી જાય છે. કચરો ને વાલીઓ ઊભા રહી ગયા છે.]

(પાસે ખસી આવી) કોણ છો, 'લ્યા?

કચરો: એ તો અમે માબાપ!

ડોસો: કોણ છો એ, આખી દન્યાઇના માબાપ થઇને ફરો છો તે? નામઠામ તો બળ્યું હશે ને કંઇ?

કચરો: (હાલે અવાજે) બાવજી, ઢેડ!

ડોસો: હરામખોર! મેં તો કાધું કે કોક ઢોરઢાર હશે; પણ આ તો સાલી કમજાત ....

કચરો: બાવજી, અમને ઢોરના લેખામાં તો ગણો!

ડોસો: તું કોણ છે 'લ્યા! મારી સામું બોલે છે તે? અમે તમને ઢોર ગણીએ, તે, બનાવવા હોત તો પહેલેથી ભગવાન તમને ઢોર ન બનાવત?

કચરો: ભગવાને તો માણસ જેવા માણસ બનાયા છે, બાવજી.

વાલીઓ: હવે મૂકને લવરી, પાછો દોઢડાહ્યો! તું માણસ તો પછી આ ઓમકારબાપુ તે ય માણસ? તારામાં ને એમનામાં ફરક જોતો નથી?

ઓમકાર: કોણ 'લ્યા? આ તો વાલીઆનો બોલાશ વરતાય છે. અલ્યા, આજકાલ તો કહે છે કે તું ભગત થઇ ગ્યો છે, ને આખી વસ્તીને વટલાવી મારવા નીકળ્યો એટલામાં?

કચરો: બાવજી, ભગતિથી તે કંઇ તરસ ઓછી છીપે છે? [ખસવા કરે છે.]

ઓમકાર: પણ તમારી તે ભગતિ જ શેની? ખરી ભગતિ હોય તો ભગવાન પંડે હાજરાહજુર પાણીની ઝારી લઇને બારણે ઊભો રહે, બારણે!

કચરો: ભગવાન તો આ તળાવ ભરીને પોઢ્યો છે, પણ કોઇ ચાંચ બોળવા દે તો ને?

ઓમકાર: (છેડાઇને) એ કંઇ ઢેઢડાં માટે ભર્યું નથી.

વાલીઓ: (કચરાને) આમ ઊંચી વરણના ચાળા કરવા જશે તો આ જલમે તો ઢેડ છે, ને આવતે જલમે વળી ભંગીઓ થાશે ભંગીઓ! (ડોસાને) ખરૂં છે ઓમકાર બાપુ!

ઓમકાર: તો આ બોળાવાળો શીદ ઘાલવા બેઠો છે? આ તો ઠીક થયું, રેહ્લી ખોળતોખોળતો હું આવી ચડ્યો ને તમને પકડ્યા; નકર રોજ તમે તો ... અમારે બોતેરે કુળ પાણીમાં બોળવાં નથી તો!

[પેલા છોકરાનો દયામણો દબાએલો ઉંકારો સંભળાય છે. કચરિયો તેની ભાળી દોડે છે.]

વાલીઓ: કેમ, એ સાવ મડદું થઇ ગ્યો એટલામાં?

ઓમકાર: કોણ છે ત્યાં વળી? આખો વાસ ઊતરી આવ્યો છે ને!

વાલીઓ: એ તો બાપુ, પેલી બચારી રાંડીરાંડ ધનીનો છોરો છે.

ઓમકાર: તો મોકલેને એની માને પાણી ભરવા... તમે તમારે નાનાંનાનાં છોકરાંને આજથી બોળાવાળો કરવામાં પાવરધા કરી રાખો! આ... એકને જીવતો નહિ છોડીએ, યાદ રાખજો! મારૂં નામ ઓમકાર નહિ!

વાલીઓ: બાપુ, પણ પાણી વના તો કંઠે પરાણ આવે છે!

ઓમકાર: તે કોણ કહે છે તરસ્યા રહો. આખી નદી વહી જાય છે. વહેતાં પાણી નિર્મળાં.

વાલીઓ: પણ બાપુ, નદી તો છેટે રહી તો— ત્રણ ગાઉ. એક બેડે અરધો દન જાય.

ઓમકાર: તો તમને અહીં કોણે તેડાવ્યા'તા? ત્યાં જઇને રહો. પણ આ તળાવમાં તો તમારે બૂડવા પણ આવવાનો અધિકાર નથી. પાળ પર જગદંબાનું થાનક છે રૂપાળું!

કચરો: (કશામાં તલ્લીન હોય તેમ) વાલિયા!

ઓમકાર: ને અમારા પંચના શુકલોના ગામમાં તો વહેતાં પાણીને પણ અડવાની મનાઇ છે. વીરડા ખોદે ને પાણી ભરી જાય.

કચરો: (તાણીને) એ વાલિયા! સાંભળતો નથી?

વાલીઓ: કેમ સાવ ફૂટેલા ઢોલ જેવો બરાડે છે?

કચરો: આમ આવ તો આમ! આ .....

[વાલીઓ ખસે છે.]

ઓમકાર: (મન સાથે) સાળાં કેટલાં પાકે છે? જ્યાં

જાઇ'એ ત્યાં આડાં ઊભાં જ છે! ભગવાને પાછો બ્રાહ્મણો પાસે શાસ્ત્રરક્ષા શું જોઇને કરાવવા માગતો હશે?

કચરોઃ ત્યારનો મથું છું. હાલતો નથી, ચાલતો નથી!

[ઓમકાર અને એમની વચ્ચે પંદરેક કદમનું અંતર હશે એમ અવાજ પરથી વરતાય છે.]

વાલીઓઃ કહેતો નો'તો? આવડાં છોરાં તો ભૂત-ભૂતનાં માર્યાં ય અધમૂવાં થઈ જાય!

કચરોઃ (ધીમેથી) તે આ ભૂત નહિ ત્યારે કોણ હતું?

[ઓમકાર ખોંખારો ખાતા ઉપલી બાજુ ખસતા લાગે છે]

કચરોઃ જરા ચાંગળુ પાણી લાવ જો! મોઢા પર કાંઈ ઠીકરીબીકરી ખરાની વાગી હશે કે શુ? અંધારામાં...

[વાલીઓ તળાવ તરફ જાય છે. ઓમકાર થોડે છેટે ખોંખારો ખાતા અટકીને ઊભા રહ્યા હોય એમ લાગે છે.]

ઓમકારઃ અલ્યા! કિયો એ? લગરીક હટ્યો એટલામાં તો પાછા પોક્યા તળાવે!

[અવાજ નજીક આવતો જણાય છે. એમની આકૃતિ નીચી નમી ઊભી થતી જણાય છે.]

તમારાં બધાં માટલાં જ મેં ફોડી ન નાખ્યાં એ ભૂલ કરી. ને હવે ફરી અહીં દેખીશ તો માટલાં ભેગાં માથાં પણ ફૂટચાં સમજજો!

વાલીઓઃ બાપુ! પેલા છૈયાની સાન જતી રહી છે. અબોલ થઈ ગ્યો છે. ટીપું પાણી હોઠે ટોવા દો! ભગવાનને નામે.

ઓમકારઃ ભગવાનને નામે હું કોણ આપનાર? ભગવાન તમારે માટે નવરો હોત તો તમારે સારૂ એક ટીપાનું નોખું તળાવડું ન કરત!

કચરોઃ (જોસથી) એ ભગત! તારે શાસ્તરનો બોધ લેવો હોય તો કાલે એમનો ચેલો થઇને જજે લેવા; અત્યારે આનો જાન જાય છે. અરધી ઘડી લગણ તો બિચારાની સામું ન જોયું, ને પાછો ....

ઓમકારઃ એક એટલો ઓછો ધરતી પરથી!

વાલીઓઃ બાપુ! ઓમકાર બાપુ! અમે તો હવે અહીં પગ મૂકીએ તો કે'જો. તમારી મેરબાની હશે તો તળાવના ખૂણા પર એક કુવેડી ખોદી કાઢશું, માબાપ! પણ અત્યારે આ રાંડીરાંડના એકના એક દીકરા કાજે ના ન પાડો.

ઓમકારઃ (કંઇ લાગણી પલટાતાં) તો મને જવા કેમ ન દીધો પૂરો? મારા દેખતાં જ બધાં શાસ્ત્રો તારે ધરાબોળ કરવાં છે? (મન સાથે) સાળાંને એમનો ધંધો પણ પાછા આપણે શીખવીએ!

કચરોઃ (અધીરપથી, જાતે દોડી આવીને) શું તાકી રહ્યા છે, વાલીઆ? પેલાનો તો અત્યારે જીવ ....

ઓમકારઃ ખબરદાર જો!

કચરોઃ જોઉં છું કોણ રોકે છે તે? .....

વાલીઓઃ (કચરાને પકડી લઇને) ઓમકાર બાપુ! તમારે હાથે જરી ખોબામાં પાણી આપો, એટલે પ-વિતર થઇને બિચારો બેઠો થઇ જાય. ધની બાપડી તમારો પાડ માનશે. તમારે ત્યાં એણે આખું આયખું ઘાસલાકડાં કર્યાં છે.

ઓમકારઃ (પાછી કોણ જાણે લાગણી પલટાતાં) હવે જ્યારે તમે પાણીને અડચા જ છો ત્યારે ... (પાછા વિચારમાં પડી જઇને) ખબરદાર, ફરી કદી અહીં પગ મૂક્યો છે તો!... એલા ફટાકડા! ધ્યાનમાં રાખજે પાછો! અમે ક્યાં તમારી ચોકી કરતા ફરીએ? .... જાઓ, આટલી વખત પેલી તળાવની ચાંચ નીકળી છે ને?—તેને છેડેથી લઇને છાનામાના ઘેર મરો. કોઇ જાણશે તો ... અંધારાને પણ આંખો છે!... મને જતો રહેવા દો આ ભ્રષ્ટતામાંથી ....

[ઉપલી બાજુ ખસે છે]

કચરોઃ (ધીમેથી) એક ચાંગળું પેલા ગોકળિયા કાજે જોઇએ છે, તેમાં તો .....

ઓમકારઃ (વચ્ચેથી જતાંજતાં) હવે પાછો ન જોગો હોય તો ગોકળિયાવાળો!... ઢેડમાં વળી ગોકળિયા! સાળાંએ અમારાં નામ પણ અભડાવી માર્યાં!

[આ બોલી રહે છે ત્યારે એમનો અવાજ બહુ દૂર ગએલો સંભળાય છે.

અંધકારના પેટાળમાં ડૂબકી મારવાનું એક તારાને મન થાય છે. એની પલકવાર ઝગમગતી પૂછડીના પ્રકાશમાં બંને જણ બાઘાની જેમ એકમેક સામું તાકી રહેતા જણાય છે. વળી જાણે ક્યાંય કશું ન હોય એમ અંધારામાં અંધારૂં ભળી જાય છે]

દૃશ્ય બીજું

[અજવાળી ચૌદશે ચાંદાનું તેજ હજી ઊઘડુંઊઘડું કરતું હોય ને 'સૂરજનું તેજ તો ઓસરી ગયું હોય, અને ચારે કોર ગોધૂલીનાં આછાં વાદળો હજી પૂરાં શમ્યાં ન હોય તેથી સંધ્યા અલોપ થતાં આકાશમાં ને ધરતી પર થોડી ક્ષણો એક

પ્રકારની ઝગઝગીની પથરાય છે તેવે સમયે, પહેલા દૃશ્યના સ્થળથી થોડે છેટે, બે આધેડ વયના માણસો હાથમાં બબ્બે ઘડા લઈને દબાતે પણ ચાંપતે પગલે ચાલ્યા આવતા વરતાય છે. આ પ્રકાશિત અંધકારમાં તેમનાં શરીર દેખાય ન દેખાય એવું છે. કમ્મરે વળગાડેલા અને માથા પરના ગંદા ધોળા લીરા રંગભેદથી વરતાઇ આવે છે એટલું]

બાલો: (એકદમ થંભીને, ભૂલ્યો હોય તેમ આજુબાજુ જોતો) આપણે આગળ આવી ગ્યા બે ડગલાં! (થોડું ખસી) હેમખેમ પાછા જશું એમ તો લાગે છે.

મેરુ: જો! તને આવ્યો મળવા, ત્યાં તેં બેસાડ્યો દળવા! હાડકાં ખોખરાં થશે તો મને ઘેર કોણ પોકતું કરશે?

બાલો: છાનો મરને! (આડીઅવળી નજર ફેરવી) જો પેલી કુવેડી રહી. (આંગળી ચીંધે છે ને તે તરફ બંને ખસે છે.) ઢેડડા મંડ્યા ને, તે દસ દિવસમાં કુવેડી ખોદી કાઢી! પણ મોટાભા, એ વળી બામણત્રા ય ચોખ્ખા થઇ પડ્યા છે! કદીક તળાવમાંથી માટલું છાનુંછપકું ડબોળી જઇએ તો ચાલે, પણ ભંગીઆને પાણી ભર્યે ઢેડાની આ કુવેડી રિસાઈ જાય છે!

[ઝાંખી ઝાંય ઓસરતી જાય છે. અજવાળું જામતું જાય છે.]

કહે છે કે અમરત પાણી છે, ને તળાવ સૂકાશે પણ એની આય ખૂટશે નહિ એવી વાયકા છે.

મેરુ: (આજુબાજુ જોઇને) કોઇ છે તો નહિ ને? . . . . કેવી દૂધ જેવી રાત છે?

બાલો: (હસતો) તે એ દૂધથા તને ધરપત હતી તો પાણીનો તરસ્યો અહીં શીદ આયો? હવે ઝાઝી લપ કર્યા વના છાનોમાનો પગલામાં પગ મૂકતો આવ જોઉં!

[બંને થોડું ખસે છે.]

મેરુ: અમારે નદીનું ભારે સખ! આ તો . . .

[ત્યાં ક્યાંકથી, ઊંચેથી નહિ, બાજુએથી નહિ, પણ જાણે જમીનમાંથી આવતો હોય તેમ અવાજ આવે છે—'ઓ!' 'ઓ!' બંને ખમચાય છે.]

માર્યા રામ! દોડ જીવ લઇને, ઘરભેળા થઇ જઇએ હેમખેમ!

બાલો: (ચોમેર જોઈ ધીમે અવાજે) કોઇ નથી! શેનો ડરે છે? (સ્વસ્થ થઇને) મનનાં ભૂત એ તો!

મેરુ: મારે સગે કાને સાંભળ્યું ને? (આંગળી કરી) આ . . . . પણે અવાજ થયો.

[ફરી 'ઓ!' ઓ!' નો ઘર્ઘર અવાજ આવે છે.]

બાલો: (આજુબાજુ તીણી નજરે ત્રણચાર વાર ફરીફરીને જોયા પછી) કોઈ દેખાતું નથી! આ તો ધરતીમાતા જ જાણે આપણને જાકારો દે છે.

મેરુ: (ચૂપકીથી) હીંડને ભાઇ ઘેર, ડાહ્યો થઇને!

બાલો: (આવેશમાં આવી જઇને) હવે તો ભલે ધરતીમાતા આપણને ગળી જાય, એની મરજી એમ હોય તો! મારી બકરીઓ ને મેંઢી ગાય તે પાણી પીને તડાતૂડ પેટે ઘેર આયાં, ને બૈરીછોરાંના—બિચારાં માણસના—તે કંઠ સૂકાય છે!

[અવાજ આવે છે, 'કોણ છે એ?']

મેરુ: માનો ન માનો, પણ માણસનો સાદ છે!

બાલો: (થોડા ખસીને) હશે જે હશે તે! . . . કે પછી કુવેડીને તો મોઢું નથી આયું? . . . . . . જોઇએ તો ખરા! . . . . .

[બંને કુવેડીને કિનારે આવે છે. જમીન પર એક બે'ક ફૂટ ઊંચી નાનકડી ગોળ પાળ છે. એની ઉપર એક પગ અને બીજો નીચે જમીન પર રાખી કુવેડીની અંદર બાલો ડોકિયું કરવા જાય છે તેવો જ 'એ ભાઇ!'નો અવાજ સાંભળી 'અલ્યા! ભૂત!!' કરતોક પાછો પડી જાય છે, ને મેરુએ પકડી ન લીધો હોત તો ગબડી પણ પડત કદાચ અજવાળું વધતું જાય છે.]

મેરુ: ભાઇ, ઘેર હીંડ! તરસ્યા કંઇ મરી નહિ જવાય. કોક આયો ને તો ચામડું ઊતરડી નાખશે!

[અંદરથી ક્ષીણ ઘર્ઘર અવાજ આવે છે, 'કોણ છે એ? મને બહાર કાઢોને બાપ જરી!']

બાલો: કોક આદમી માણસ છે. તું ખરું કહેતો'તો. હીંડ, કાઢીએ બિચારાને . . . નકામા ડરી મર્યા! નહિ?

મેરુ: પણ હવે તારે કરવું છે શું? ઊલટાનું હાથે કરીને હેડમાં પૂરાવું છે?

[અંદરથી અવાજ આવે છે, 'બહાર કાઢો બાપ!']

બાલો: માણસ જેવું માણસ રાત આખી અંદર પડ્યું રહે તો . . . કોક ઓળખીતાનો સાદ છે હો!

[માથે આંગળી રાખી વિચારે છે.]

મેરુ: તો તું હાથ આપીને કાઢ જલદીથી, પણ પછી મારે વગોવાવું ન પડે, તારે વાદે!

બાલો: (કુવેડીમા ડોકિયું કરી) ઊભા રહેજો જરી! (મેરુને) મારે વાલે કુવેડી ઊંડી પણ ઠીક કરી છે

હો ! આપણાથી આવી શેં થાય ? (માથાનું ફાળિયું લઇ બેવડું કરી, એક છેડો પોતાને કાંડે વીંટી હાથમાં મજબૂત પકડી બીજો છેડો અંદર મૂકે છે.) લો ! છેડો પકડીને જોર કરીને ઊંચા આવી જાઓ, જોઉં ! (વાંકો વળે છે) મારા હાથમાં એક હાથ આપો એટલે . . . .



['ઊહ !' કરીને અંદરનો માણસ ઉપર આવવા કરે છે, ત્યાં બાલાનો પગ લથડે છે. 'દોડ લ્યા ! ઝાલ !' એમ બાલાને બોલતો સાંભળી મેરૂ સાવધાનતાથી એને પકડી રાખે છે, ને બાલાને હાથમાં હાથ સોંપીને એક બેઠી દડીનો ડોસો કાંપતોકાંપતો જમીન પર પગ મૂકે છે. પંચિયું ને ગળાનું ઉપરણું ભીનું થઇ ગયું છે. ડોસો એક હાથે પંચિયાનો છેડો મૂઠીમાં નિચોવવા મંડી પડે છે. બાલો ડોસાને જોઇ હેબતાઇ જઇ કાંપી ઊઠે છે અને એને પગે પડે છે.]

આજે તો હું પવિતર થઇ ગ્યો, ઓમકાર બાપુ ! મારાં . . . મારાં પેલા જલમનાં પુન્ય ! હવે તો અડ્યા છો તો . . . તો પગનો કાદવ માથે અડાડીને ઊગરી જાઉં.

[એક હાથમાં પંચિયું રાખી, બીજાની હથેળી ભમ્મરે ટેકવી ઓમકાર એની તરફ તાકી રહે છે ને ઝટપટ પગ ખસેડી લે છે. પાછળથી મેરૂ એમને કુવેડીમાં ગબડી પડતા બચાવે છે.]

ઓમકાર: (પૂંઠે જોઇ) મને અડય નહિ ! સાળા ભંગીઆ ! . . . (બાલાને) અલ્યા બાલિયા ! ખસ, આઘો મર અહીંથી !

[પંચિયાને પગ પર નિચોવે છે અને મેરૂ અડ-કેલો ત્યાં પીઠ પર એ ભીનું પંચિયું ફેરવે છે.]

બાલો: તમારા પગના પગરખાનું તળિયું છું, બાવજી. આજે ભવ તરી ગ્યો.

ઓમકાર: તું તરી ગયો, પણ મારી તો બાવને પેઢી પાતાળે ડૂબી તો ! મને અડતાં તને શરમે નથી આવતી ? હર ! હર ! હર ! હર ! શિવ ! શિવ !

[ચારેક ડગલાં ખસી જાય છે.]

શો હળાહળ કળજગ વ્યાપ્યો છે ? શિવ ! શિવ ! શિવ !

બાલો: (ડઘાઇ જઇને) બાપુ, તમને કાઢ્યા એ ગનો ? મારો સાદ કાંઈ તમે સાંભળ્યો ન'તો ?

મેરૂ: ના પાડવી હતી.

ઓમકાર: એ તો આપદ્ધર્મ, ગંડુ ! પણ પાછળથી મને શેનો અડવા આવે છે ? તેં કાઢ્યો એટલે હું કાંઇ ભંગીઓ થઇ ગ્યો નથી.

મેરૂ: હવે બાલા, ઘેર હીંડે છે ? ક્યાં ભેંસનાં શીં-ગડાંમાં ભરાયા ? (સામે જોઇ આંગળી કરી) પેલો વળી કોક કાળ આવે. [ચાંદની ખીલતી જાય છે.]

બાલો: આપણે હાથે આજ બરામણનો જાન બચ્યો એ કહેને ! આપણું તો ગમે તે થજો. ભગવાને ભવ તારી દીધો.

ઓમકાર: (આજુબાજુ નજર કરી માટલાં જોઇ) અલ્યા, પાણી માટે આવ્યા'તા ? તે આચાર ચાર મહિના પાણી વરસીને તળાવ ભરી જાય છે તે તમારાં ભંગડાં માટે ? તળાવ ઉનાળેઉનાળે હમણાંનાં વરસોમાં સૂકાઇ જાય છે તે તમારા ઓછાયા અડે છે એટલે જ.

બાલો: (વહાલો થવા) ના બાપ ! કીધું કે કુવેડી જોતા જઇએ. તળાવમાં અમે શેના . . . . ?

ઓમકાર: આ કુવેડીસ્તો ! સાળાં ઢેઢડાંને તળાવે ભરવાની ના પાડી એટલે આ સોડમાં જ કુવેડી કરી. કોઇ ગબડી પડે ઓચિંતાનું, એવી કથલે ખોદી છે, ને ફરતી પાળી પણ બરોબર બાંધી નથી ! (ઉશ્કેરાઇને) જોઉં છું, કાલ સવારે . . . .

મેરૂ: (જોરથી) બાલા, હીંડને કહું છું. શીદને નકામો . . . . ?

[સામી દિશામાં તાકી રહે છે. પંચિયું અને પહેરણ પહેરેલો એક જુવાન પ્રવેશે છે.]

ઓમકાર: (નજર ફેરવી કંઇ મૂંઝાઇને) કેમ વલ્લભ ! ક્યાંથી આવ્યો ?

વલ્લભ: (ઢીલ તરફ માથાનો ઇસારો કરી) કેમ આમ ?

ઓમકાર: (સ્વસ્થ થતાં) તું ક્યાંથી કટાણે ટપકી પડ્યો, એ કહેને ?

વલ્લભ: મંદિરમાં મહારાજે કહ્યું કે તમે રેલ્વી લઇને તરત પાછા આવવાના છો, એટલે ત્યાં તમારી વાટ જોઇ ઘડી વાર તો. રેલ્વી તો મારી કાશી ભાગોળે

ગએલાં તે લેતાં આવેલાં. મને થયું, તમે કેમ મોડું કર્યું. ઘેર પરોણા બેઠા છે એટલે કહ્યું, ચાલ' તળાવ ગમ જોઇ આવું, ત્યાં જ હોય છે રોજ આ વેળાના.

ઓમકારઃ (પડેલે અવાજે) કોણ મહેમાન છે?

વલ્લભઃ શુકલ.

ઓમકારઃ ઓ પ્રભુ! મહાદેવ! શિવ! શિવ! શિવ!!

વલ્લભઃ કેમ? (બાજુ નજર કરી) અલ્યા કોણ? બાલિયો?

ઓમકારઃ સાળા ભંગડાને લગીર ઓખરો કરને! મારી જનમભરની સંધ્યાપૂજા એણે પાણીમાં બોળી!

વલ્લભઃ કેમ?

ઓમકારઃ શું કહું? રેલ્લી જેવું પણે (આંગળી કરે છે) જણાતું'તું. જતો'તો ત્યાં આ ખાડામાં પગ લપટી ગયો. અંદર કમ્મર લગણ પાણી ખરુંને, એટલે ઝાઝું વાગ્યું નહિ, નકર તારે માથે બારમું આયું'તું! આ કુવેઠી કાલે પુરાવી નંખાવો, પંચને કહીને.

વલ્લભઃ પણ એમાં બાલિયાને શું છે? (બાલા તરફ ફરીને) તમારો છે આ વીરડો?

બાલોઃ ના બાપુ! ઢેડોના વાસનો છે.

ઓમકારઃ એસ્તો! એણે મને બહાર કાઢ્યો એ તો જાણે આપદ્ધર્મમાં ગયું. છાંટા નાખી નાહી લઇએ, પ્રાયશ્ચિત્ત કરી લઇએ, એટલે પત્યું; પણ આ તો જાણે હું ય એમની નાતનો થઇ ગ્યો હોઉં એમ મારે પગે બાઝી પડ્યો!

વલ્લભઃ (ક્રોધાવેશથી) સાળા હરામખોર! તને એમને અડતાં શરમે ન આવી? આવીને મને બોલાવી લાવવો હતો. હું બહાર કાઢત.

બાલોઃ બાપુ, એમના કહેવાથી કાઢ્યા છે ને?

મેરૂઃ કુવેઠી તો આમે ઢેડની જ હતી ને?

ઓમકારઃ (હોશિયાર થઇ) તે ઢેડને કૂવે તારે આવવાનું કાંઇ કારણ? તારે નાં'વ્યે હું મરી ન જાત. આ મારો ભત્રીજો ય આ'વ્યો જ ને પાછળ પાછળ? એ કાઢત. અને . . . (કંઇ સૂઝી આવતાં) ઢેડના પાણીને અડવાની તારે જરૂર? આ તો ઢેડા છે તે ઊંચી વરણનાં પાણી અભડાવી મારે, ને ભંગીઆ ઢેડોનાં પાણી અભડાવી મારે. બધે જ છેક નરાનાર ભ્રષ્ટવેડા!

વલ્લભઃ (એની ખીલતી જતી બુદ્ધિ પર પ્રકાશ પડતાં) બરાબર છે! ઢેડા ભંગીઆનું અડયું ન અડયું કરે એટલે જ કહેશે કે આપણે ઊંચી વરણને પણ અડીએ તો એમાં શું ખાટુંમોળું થવાનું છે?

ઓમકારઃ (સ્મૃતિવચન ઉચ્ચારતા હોય તેમ) એટલે જ કહું છું કે ઢેડાઓને સમજાવો કે ભંગી એ ભંગી છે. ઢેડ અને ભંગી વચ્ચે અંતર ઓછું થયું તો જાણજો કે ઊંચી વરણ અને ઢેડ વચ્ચે પણ અંતર ઘટયું . . . (અવાજ હજી ઊંચો કરી) તેથી કહું છું કે આ કુવેઠી ભંગીને અડયે ઢેડાઓ માટે બાતલ થઇ ગણી પુરાવી નંખાવી જોઇએ. આ શાસ્ત્રવચન એ લોકોને તું ઠસાવી આવ કાલ વહેલા પહોરમાં.

બાલોઃ બાપ! અમારે પાપે એમને શા માટે મારો છો? ઘોને પાપે પીંપળાને શીદને બાળો છો?

ઓમકારઃ વલ્લભ! પહેલી વાત તો એ જ કર કે આ લોકોનાં માટલાં જ સાજાં કરી નાખ! . . . કે પછી માથાંનાં જ માટલાં કરી દે!

[બાલો–મેરૂ કાંપે છે. શરીરબળમાં બે જણા ધારે તો આ બંનેને ક્યાંય ખરાબ કરી નાખે, પણ જે ગુલામી એમના પર ઠોકી બેસાડી છે તેની સામે એમની પાછલી પંદર-પચીસ પેઢીઓનાં શરીરબળ પણ આંગળી ઊંચકી ન શકે.]

વલ્લભઃ તમે તળાવે ડૂબકું ખાઇ લો ને મારું ફાળિયું વીંટી લો! મોડું થશે.

ઓમકારઃ શિવ! શિવ! શિવ! મારી જિંદગી પર પાણી ફેરવી વાળ્યું!

વલ્લભઃ અરે! શુકલને પૂછીને પ્રાયશ્ચિત્ત કરી નાખશું; અકળાઓ છો શીદને આટલા? એમાં તે શું?

ઓમકારઃ એ તો તારે તો! કદી આચમની પાણી પણ ઉડાડવું નહિ એટલે! મારે તો કેટલી પેઢીથી આ આચારવિચાર ને સંધ્યાપૂજા થતાં આવ્યાં છે? પૂર્વજો અભડાઇ ન મરે તે ખાતર તો આખી જિંદગી કદી ગાડીમાં બેઠો નથી. એમને ગાડી વગર ચાલતું'તું એમ, કહ્યું, આપણે પણ ચાલશે. પણ આ તો એકીસાથે . . . (થોડો શ્વાસ ખાઇને કંઈ રહી જતું હોય તેમ) કાલે સવારે પહેલું કામ એ કર કે રેલ્લીને કોક ભીલને ત્યાં બાંધી આવ. ગોસેવા કરતાંકરતાં સમૂળગો ધર્મ આ તો . . . .

વલ્લભઃ ચાલો, ચાલો, નકામા ટાઢે મરશો . . . (મન સાથે) દૂધ કંઇ એમ ને એમ ખાવા મળતાં હશે? . . . (પૂંઠે ફરી) સાળાઓ, શું તાકી રહ્યા છો?

[એક ઢેફું લઇને માટલાં પર નાખે છે. 'કડડ' કરતાં માટલાં ભાંગીને ભૂકો થાય છે.-માટલાં કે કેટલાંક હૃદય?]

દૃશ્ય ત્રીજું

[બીજા દૃશ્ય પછીના દિવસની રાત. પૂર્ણિમા ખીલેલી છે. ઝૂંપડીના લીંપીગૂંપીને સ્વચ્છ રાખેલા આંગણામાં ચાંદની છલકાય છે. બારણાની બાજુએ જ બાલો બેઠોબેઠો વાંસની ચીપો એક પછી એક લઈને ટોપલી ગૂંથી રહ્યો છે ઝૂંપડીમાં દીવો નથી, પણ છાપરાનાં બાકોરાંમાંથી નીતરીને અંદર ઠેકઠેકાણે નાનકડાં ચાંદરણાં જામ્યાં છે]

બાલો: અલી બણુડી! ક્યાં ગઈ એ? બે ખાપોટીઓ લાવને!

[અરધી ગૂંથેલી ટોપલી હાથમાં ફેરફૂદડી ફરતી જાય છે. એમાં ભરાઇ ભરાઇને ચાંદની જાણે આંગણામાં ઠલવાય છે. ઝૂંપડીના બારણાને અઢેલીને ઉંબરની અંદરના ભાગમાંના આછા સૌમ્ય અંધારામાં કાળાશ પડતો વાદળી જૂનો સાડલો ઓઢેલી એક મૂર્તિ ઊભી છે તે હીરી; આ ઝૂંપડીની લક્ષ્મી.]

હીરી: બણુડી તો ક્યારની ય રામ રમી ગઇ. ભનિયો ને ગલિયો પણ ખાઉંખાઉં કરતા'તા તે જરી બે ધમકા માર્યાંને, એટલે એ . . પેટમાં પગ ચોંટાડીને ઢળી ગ્યા!

બાલો: હશે. તું ને હું ય કઇ રીતે આવડાં થયાં છીએ? થોડી ખાપોટો લાવને. આ ચીપો તો ખૂટી.

હીરી: ખાપોટો શા સારૂ? ચીપો મેં કરી રાખી છે. ઓ લાવી! [અંદર અદૃશ્ય થાય છે.]

બાલો: (સહેજ મોટેથી) તું શેની ચીપો કરી રાખે છે? એ તારૂં કામ નથી!

હીરી: (ચીપો અને એક નાની અધગૂંથી છાબડી લઇને બહાર આવતાં) કેમ?

બાલો: ગૂંથવું મારે, ને તારે ફગત વેચવું.

હીરી: (બારણાની બીજી બાજુ બેસીને કામે મંડી જઇ) તે આવી છાબડીઓ લોકોને બહુ જો'યે છે.

બાલો: તો આપણે કરવા ત્યાર છીએ.

હીરી: પણ હવે કોઇ મફત પણ લે કે? આજ સવારે ગામ આખું ફરી જ આવીને? પણ ફળીને તોરણે કોઇ પગ માંડવા ન દે.

બાલો: કેમ?

હીરી: મારી નસની ખૂત ગંગાબાઇ તેય મને દેખતાંવેંત પાછળ કૂતરાં મેલવા લાગીને!

બાલો: હોય, તો આપણ ભંગી શેના ને એ બામણ શેનાં? [અંદરથી ભનિયો જાગીને બરાડે છે. હીરી ઝૂંપડીમાં જાય છે.]

હીરી: (જતાંજતાં) ઠાલે પેટે છૈયો ઊંઘમાં બી ઊઠ્યો! (અંદરથી અવાજ. લડાવતાં) સૂઇ રહે બાપ! હું મરી જાઉં . . . !

બાલો: એની કને જરી રહે એટલે બી ન ઊઠે ફરી.

હીરી: ના, ના. એ તો પલકમાં જંપી ગ્યો. હજી તો બિચારાને ધમકા વાંસામાં સંભળાતા હશે! હું યે મૂઇ અકળાઇને મારી બેસું છું. શું કરૂં?

બાલો: હાથ બાંધી રાખવા.

[સહેજ હસીને ટોપલીની કિનારી પર હથેળીથી ઠોકો મારી બરાબર ચીપ બેસાડે છે.]

હીરી: હા, હું તો ઘણા યે બાંધી રાખું. બાપડાને કાંઇ ખાવા ન મળે તો માર તો ખવડાવવોને?

[પાછલું વાક્ય બોલતાં એનો અવાજ કૃત્રિમ હાસ્યથી શરૂ થઇ ધીમા ડૂસકામાં ડૂબી જાય છે.]

બાલો: ઘરમાં જૂનાં મહુડાં ઘણાં યે છે તે શા કામમાં આવવાનાં છે? ખોબો ખોબો શેકી આપવાં'તાંને?

હીરી: મારા હૈયામાં શેકું ત્યારે! ઢેડવાડે દેવતા લેવા ગઇ, તે કોઇએ ઝાંપે ન ચડવા દીધી. ને હું યે પ'મદાડે કવખતની ચૂલામાં દેવતા ભારી રાખવો ભૂલી ગઇ!



બાલો: પણ વાણિયાને ત્યાંથી દીવાપેટી લાવવી'તીને?

હીરી: (બહાર આવીને) વાણિયો આખા ટોપલાના મૂલે પણ કહે કે ન આપું. ને આપણે ઘેર હતી તે તો તમે કોકને ચલમ ફૂંકવા આલી છે ત્યારની આવી જ ક્યાં છે?

બાલો: હશે, કાલે સવારે સૂતો ઊઠ્યો ફઇને ગામ જઇ મેરૂડા કનેથી લઇ આવીશ.

હીરી: જે ગામમાં દેવતા ન મળે ત્યાં રહીને તે શું? . . . ત્યાંથી એટલેથી દેવતા અહીં તે શીદ હવે, ઝૂંપડીમાં મૂકવા . . . ?

[જમણી બાજુથી અવાજ આવે છે: 'બાલીઆ!']

બાલો: (તે તરફ ડોકું લંબાવી) કોણ છે એ?

અવાજ: બાલીઓ છે કે?

બાલો: (ઊભડક પગે) કોણ એ? મારૂં કામ હતું?

અવાજ: જો! ત્યારે આ તને કહી દીધું . . . .

બાલો: (ચાર ડગલાં તે તરફ આંગણાને છેડે એટલી લગી જઈને) કોણ, વાલા ભગત? અત્યારે ક્યાંથી?

ભગત: જો! પાછો કહીશ કે કીધું નો'તું . . .

બાલો: શેનું ભગત? બાપુ, મારો ગનો માફ કરજો! કાલે ઘેર પરોણો હતો ને ખેડાંમાં છાંટ . . . . .

ભગત: (વચ્ચેથી) એટલે અમને ઢેડને તારે અભડાવી મારવા, એમ? આજે શાસ્તરમાંથી શુકલજીએ અમને સંભળાવ્યું'ને કે અમારે પરાચિત કરવું પડશે. અહીં ગામને ખૂણે તને રહેવા દીધો એટલે અમારાં મૂળ ખોદવા બેઠો, કેમ?

બાલો: ભગત, તમને પણ વપત્યો નથી પડી તે તમને કંઇ કહું? હું શું બોલું તમારી આગળ?

ભગત: અમારા વાદ લેવા જઇશ તો ધરતી પર ઊભો હીંડી નહિ શકે. અમે ઊંચી વરણનો વાદ કરવા જઇએ ને કૂવે-વાવે પાણી ભરવા જઇએ તો અમારા ઘર પર છાપરાં ટકે કે? . . . (આવેશમાં આવી જઇને) સાળી કમજાત! ઊલટો અમારો વીરડો પુરાવી દીધો.

બાલો: હું શું કરું કહો?

ભગત: તારે તે શું કરવાનું હતું? પણ અમારાથી તારું અડેલું પાણી ઓછું પીવાય છે? શાસ્તરમાંથી શુકલે સમજાવ્યું ને કે કુવેડી હાલ ને હાલ પુરાવી નાખો. અમારે કંઇ ધરમ ભુડાડવો નથી સાવ! તો તો કદી ઢેડમાંથી તરીએ જ નહિ ને?

હીરી: બાવજી, અમે તો ઢેડના ય ઢેડ.

બાલો: તમે તો, ભગત, બામણ સમાણા છો. કોક દન ઝાંપે રહીને ભજન સાંભળવા દો છો ત્યારે હું તો તમને પરભુ લેખું છું.

ભગત: બરામણ થતાં તો મારે કેટલા જલમ લેવા પડશે હજી! બરામણ પણ રહેતાં આવડવું જોઇએ. આ ઓમકારબાપુએ આખો દા'ડો પરાચિત કર્યે કર્યું. અનારે ઘેણ ટાણે નદી આગળ તરીલોકઘાટ પર નાશે ને પવિતર થશે ત્યારે . . .

બાલો: (વચ્ચે) આજે ઘેણ છે? કોઇને પૂછું, પણ કોઇ સમો જવાબ આપે તો ને? કીડી સામું શીદ આ કટક ચડ્યું હશે?!

ભગત: ના, ત્યારે તને પંપાળે! પંચે મળીને ઠરાવ કર્યો છે કે મસાણસાલ્લો કે ઘોતિયું કાંટ પર નહિ નાખવું; મડદા સાથે જ બાળી નાખવું. ભંગીને ડીલે જશે તો કોક દિન વાટમાં ચીંથરાંની આભડછેટ થશે ને અગનમાં તો પવિતર રાખ થશે ઊલટી!

હીરી: (મન સાથે, દુઃખથી) આયખા પર પણ હવે હીરીબાઈ, રાખોડી ઢાંકજો!

બાલો: શું બોલો છો ભગત?ગરીબને માથે આટલું?..

ભગત: ગરીબ શેનો? આખા ગામને તેં તો હલાવી માર્યુંને? ને ઢેડોનો તો જાણે ગરુ જેવો ફરતો'તો! . . . આ . . . તરીલોકેશર આગળ ઓમકારબાપો કાલે સવારે હોમ કરવાના છે, ને પેલો વલ્લભ તો કહે કે પરાચિત તો, તો જ પૂરું થાય, . . . જો હોમના અગનને ભોગ આલો . . . ભંગીઆની ઝૂંપડીનો! . . . એ ડાહ્યો થજે; . . . કહીશ કે વળી કીધું નો'તું.

[ધીમેધીમે ઓછા થતા અવાજ પરથી લાગે છે કે તે ચાલતો થયો છે.]

હીરી-બાલો: આમ તો કોઇ દેવતા આપતું નથી તો . . . હીંડો, દેવતા તો મળશે!

[આવીને બારણા પાસે બેસી બાલો ટોપલી સંભાળે છે. હીરી પણ પડખે આવીને છાબડી ગૂંથવા મંડી પડે છે.]

હીરી: (રડવા જેવી) જોજો, હો! મને મનમાં એવા શકન દેખાય છે એટલે કહું છું. આમનો ભરોંસો નહિ. રાતે ઊંઘમાં કોઇ ઘરનું તાપણું ન કરી દે!

બાલો: જા, જા! વ્હેમીલી ખોટી!

[એકદમ ચાંદની ફીકી પડી જાય છે.]

હીરી: (ઊંચે જોઇ) જુઓ! ચંદરમા પણ હોલાણા!

[પ્રકાશ વિલાતો જાય છે. પતિપત્નીના મોઢા પરના ઘેરાતા ભાવો બરોબર વરતાતા નથી.]

બાલો: આપણા આયખા પર પણ હમેશનું ઘેણ ઘેરાએલું જ છે ને? . . . . ઘેણ મેલાતી વેળા, નાગાં-પૂગાં છોકરાં કાજે બે ગાભાં ભીખી આવત, તે ય ચૂક્યાં. હવે . . . આપણું નસીબે હોલાવા માંડ્યું!

હીરી: (ફિક્કા દરદભર્યા અવાજે) જુઓ, જુઓ! ફુલફટાક ચંદરમા અરધોઅરધ કાળામેશ રંગાઇ ગ્યા! બીજું તો શું? . . .

[બાલાને ખભે ઢળી પડે છે.]

બાલો: ધરતીનો આરો આયો!

[વધતી જતી કાળાશથી પ્રકાશ બિહામણો થતો જાય છે. એને વધુ બિહામણો કરતું હીરીનું એક ડૂસકું સંભળાય છે.]

ઉમાશંકર જોષી

અઘમર્ષણ

ઋષિના નામવાળા આ લેખની ભૂમિકામાં આધુનિક ખગોળવિદ્યાનો અદ્‌ભુતરસ ગૂંથીને કાકાસાહેબ કાલેલકરે વૈદિક તત્ત્વજ્ઞાનનો સાર બહુ સરળ રીતે મનોગત કરાવ્યો છે.

અઘમર્ષણ એટલે પાપ ધોઇ કાઢવું તે. ઋગ્વેદમાં આ નામનું એક પ્રખ્યાત સૂક્ત છે. (મંડળ ૧૦મું: ઋચા ૧૯૦) એના ઋષિનું નામ પણ અઘમર્ષણ જ છે. આ સૂક્ત સંધ્યાવંદનમાં સવારસાંજ વપરાય છે. સૂક્તની ખૂબી તો એ છે કે એમાં પાપનો ઉલ્લેખ સરખો પણ નથી.

पापोऽहं पापकर्माऽहं पापात्मा पापसंभवः ઇત્યાદિ શ્લોકો આપણી પાસે પડ્યા છે, જેમા મોઢું ભરીને પાપનો એકરાર માણસ કરતો જાય છે અને ઇશ્વર પાસેથી ક્ષમા અને મદદ યાચે છે. અઘમર્ષણ ઋષિની પદ્ધતિ જુદી છે. તેણે પાપ કેમ પેદા થાય છે એનું મૂળ શોધી કાઢ્યું છે. ગીતાએ તો કહ્યું જ છે કે, કામ-ક્રોધને લીધે માણસ પાપમાં ડૂબે છે; પણ આ કામ-ક્રોધ પણ આત્મા સામે કેમ ફાવી જાય છે? અઘમર્ષણ ઋષિની માન્યતા દેખાય છે કે માણસ સાંકડા મનનો થાય એટલે એનામાં કામ-ક્રોધ અને એમની સાથેનાં બધાં પાપો ઘૂસવાનાં જ. ઉપનિષદના ઋષિઓએ જેમ કહ્યું કે महामनाःस्यात् તેમ અઘમર્ષણ ઋષિ પણ કહે છે: વિશ્વની વિશાળતા અનુભવો; હૃદયનું ઊંડાણ તપાસો; આ બધી આંતરબાહ્ય સૃષ્ટિ શાને આધારે નભી રહી છે એ જોઇ લો; કાળની અનંતતા અને સૃષ્ટિની અનંતતા ધ્યાનમાં લાવો; એટલે તમારૂં મન એની મેળે વિશાળ થશે. અને વિશાળ મનમાં પાપને સ્થાન મળતું જ નથી. અંધારામાં, ખૂણામાં, સાંકડાપણામાં, નાનાનાના વાડામાં જ પાપ ભરાઈ રહે છે. એને ભૂલી જાઓ અને પૃથ્વીના વિશાળ પટ ઉપર, અનંત આકાશ તળે, પરમ વિરાટનું ધ્યાન ધરવા બેસો. આકાશમાં શું દેખાય છે? સૂરજ છે, ચંદ્ર છે, અંતરિક્ષ છે, એની પેલી પાર તારાઓના મહાન સાગર ઊછળે છે. એ બધા આગળ તમારૂં શરીર, એ શરીરની વાસનાઓ અને વેદનાઓ કેવડી ગણાય? અને તમારૂં જીવન પણ કેવડું?

અને છતાં આજે સૃષ્ટિ દેખાય છે, તે પહેલી કે છેલ્લી નથી જ. એવી કેટલી યે સૃષ્ટિઓ આના પહેલાં થઇ ગઇ છે કે જેનો શુમાર જ નથી. અને હવે પછી કેટલી થશે એ કોણ કહી શકે? આ અનાદિ, અનંત સૃષ્ટિમાં જો કંઈ સ્થાયી હોય, વિભુ હોય, તો તે પરમાત્માનું ઋતમ્ અને સત્યમ્ છે. ઋતમ્ એટલે વિશ્વનો સાર્વભૌમ નિયમ, કાયદો. ચરાચર વિશ્વનો સનાતન ધર્મ તે ઋતમ્ છે. આ ઋતમ્‌ના આધારે જ આ અનાદિ, અનંત સૃષ્ટિ ચાલે છે (ઋ=ચાલવું). એ ઋતની અંદર રહેલું પરમ તત્ત્વ, જે હમેશાં રહેલું છે જ અને જેનો નાશ નથી, તેને સત્ય કહે છે. એ સત્ય સર્વવ્યાપી હોઇ એને વિષ્ણુ પણ કહે છે. એનું બીજું નામ ઋતધામન પણ છે; કેમકે એને આધારે એ વિશ્વનો સાર્વભૌમ અને સાર્વકાલિક નિયમ પ્રતિષ્ઠિત છે.

એ ઋતમ્ અને સત્યમ્ દ્વારા અનંત વિશ્વો પેદા થાય છે, વિલીન થાય છે અને ફરી પેદા થાય છે. આ વિશ્વચક્રને બહારનો આધાર નથી. એનો અંદરનો આધાર તે જ ઋતમ્ અને સત્યમ્.

અને આ વિશ્વચક્રને અખંડ ચાલતું રાખનાર, એને અખંડ નૂતન રાખનાર જે શક્તિ તેને તપ કહે છે. અઘમર્ષણ ઋષિ કહે છે: આ ઋતમ્ અને સત્યમ્‌નો સાક્ષાત્કાર કરો, એ પરમ તપ સાથે એકરૂપ થાઓ, જેના બંને છેડા કોઇએ જોયા નથી તે સનાતન કાલ કેમ ફેરા ફરે છે તેનું તત્ત્વ જાણી લો અને પછી આ વિશ્વની રચનાના અદ્‌ભુત કાવ્યનો આસ્વાદ લો. કવિઓ અસંખ્ય થઇ ગયા. મનુષ્યહૃદય છે ત્યાં સુધી એમનાં કાવ્યો—ચેતનવંતાં કાવ્યો જીવશે અને ચેતન પ્રદાન કરશે. પણ દેવોનું મહાકાવ્ય તો આ વિશાળ વિશ્વ જ છે. अणोरणीयान् महतो महीयान् એવું આ અતર્ક્ય વિશ્વ છે. એક બાજુ દૂરદર્શક યંત્રની મદદથી અને બીજી બાજુ સૂક્ષ્મદર્શક યંત્રની સહાયથી તમારાં ચર્મચક્ષુની શક્તિ ગમે તેટલી વધારી દો; આ વિશ્વનો છેડો તમારા હાથમાં આવવાનો નથી. અને આ ત્રિકાલવ્યાપી વિશ્વ તો પરમાત્માનો કેવળ મહિમા ગણાયો છે. પરમાત્મા તો એના કરતાં યે મોટો છે. એ સુખનું ધામ છે; આનંદનું નિધાન છે.

એની કલ્પના હૃદયમાં જેમજેમ ફેલાશે, તેમતેમ હૃદય એની મેળે સ્વચ્છ અને ઉજ્જવળ થશે. પાપનું સ્મરણ સરખું કરવાની જરૂર નથી. જેમજેમ મોટા થશો, પ્રતિષ્ઠાથી મોટા નહિ પણ હૃદયથી મોટા થશો, તેમતેમ એની મેળે પાપની સૂગ ચડશે અને પાપને ઊભવાને સ્થાન જ નહિ રહે. यो वै भूमा तत्सुखम्। नाल्पे सुखमस्ति એટલું જાણી લેવું એ જ પાપનાશક મંત્ર છે.

અઘમર્ષણ ઋષિની એ પ્રેરણા લઇ વિધાતાનું વિશ્વકાવ્ય આપણે નિહાળવું જોઇએ. એમાં જ્ઞાનાનંદ છે, સનાતન કાવ્ય છે અને અખૂટ શાંતિ છે. શક્તિ તો છે જ.

અર્જુનને કર્તવ્યનો મોહ થયો હતો. ક્ષાત્રધર્મનો સામાન્ય ઉપદેશ કરતાં પત્તો ન ખાધો, એટલે ભગવાને આત્માનું સનાતનત્વ, વિભુત્વ, સમત્વ અને નિર્દોષત્વ એક અમર સ્તોત્રમાં અર્જુન આગળ રજુ કર્યું અને આ વિશ્વ પાછળ રહેલો કાલરૂપી મહાન નિયમ એને સમજાવી દીધો. પણ દર્શન વગર શ્રવણ-મનન અધૂરૂં રહે છે. તેથી ભગવાને અર્જુનની એ અલૌકિક જિજ્ઞાસા અથવા દર્શનલાલસા તૃપ્ત કરવા ખાતર એને પોતાનું વિશ્વરૂપ બતાવ્યું. વિરાટનું, વિભુનું, વ્યાપક તત્ત્વનું દર્શન થયા પછી જ માણસને પોતાની મહત્તાનો, પોતાની શક્તિનો, પોતાના વારસાનો સાક્ષાત્કાર થાય છે. વિશ્વરૂપદર્શન એ ગીતાજ્ઞાનનું આવશ્યક અંગ છે.

આપણે અર્જુન નથી, કે શ્રીકૃષ્ણને કહી શકીએ: द्रष्टुमिच्छामि ते रूपम् ऐश्वरम् पुरुषोत्तम। પણ ઇતિહાસ, પુરાણ, પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર આદિ સૂક્ષ્મ વિરાટ શાસ્ત્રોના અધ્યયન દ્વારા આપણે એ વિશ્વરૂપનું દર્શન આપણી શક્તિ પ્રમાણે અવશ્ય કરી શકીએ છીએ. અર્જુનનું સમાધાન થાય એવું વિશ્વરૂપ એણે જોયું, આપણું સમાધાન થાય અથવા અદમ્ય અસમાધાન આપણા હૃદયમાં જાગે એવું વિશ્વરૂપ આપણે ખગોળવિદ્યા દ્વારા જરૂર કરી શકીએ છીએ. અને એ ખગોળવિદ્યાનું જ્ઞાન બુદ્ધિને તૃપ્ત કરે, રસિકતાને આનંદ પમાડે, ઔચિત્યને ધન્યતા અનુભવાવે એવું નીવડ્યા વગર રહેવાનું નથી.

પૃથ્વીનો પટ વિશાળ છે; સમુદ્ર એથી યે વિશાળ ને ગંભીર છે. છતાં એ બંનેનું માપ કઢાયું છે. તેથી જ દૂરમાં દૂરની મુસાફરી કરવા નીકળનાર માણસ જ્યાંથી નીકળે ત્યાં જ પાછો આવી પહોંચે છે. આકાશનાં અંતરો પૃથ્વીના પ્રમાણમાં બહુ જ મોટાં છે. પૃથ્વીની સેવામાં અખંડ ફરનાર ખવાસ ચંદ્રમા આપણી બહુ જ નજીક છે, એટલે એનું અંતર કેવળ ૨,૪૦,૦૦૦ માઇલ જેટલું પણ નથી. હવે ખગોળવિદ્યામાં લાખ માઇલનો તો કોઇ હિસાબ જ ગણતું નથી. હાથીનો તોલ કરતી વખતે એના કુંભસ્થળ ઉપર બેઠેલાં એકબે મચ્છરાંનો જેમ કોઇ હિસાબ કરતું નથી, તેમ ખગોળના ગણિતમાં હજાર અને લાખ માઇલનું છે. સૂરજનું અંતર ૯ કરોડ અને લગભગ ૩૦ લાખ માઇલનું છે. તેર લાખ પૃથ્વીઓ ભેગી કરીએ તો જ માંડ સૂરજ જેટલો ગોળો થશે.

અને આપણો સૂરજ એ તો આકાશના નવ લખ ગણાતા કરોડોના પણ કરોડો તારાઓમાંનો મધ્યમ કોટિનો એક તારો જ છે. નરી આંખે તો આશરે ૭ હજાર તારાઓ દેખાય છે, પણ દૂરબીન મારફતે એ સંખ્યા દહાડેદહાડે વધતી જ જાય છે. ગૅલેલીઓએ આશરે સવા ત્રણસો વરસ પહેલાં પહેલું દૂરબીન તૈયાર કર્યું તે વખતે દૂરબીનની શક્તિ નરી આંખો કરતાં સો ગણો પ્રકાશ લેવાની હતી. આજે અમેરિકામાં માઉન્ટ વિલ્સનની વેધશાળામાં જે દૂરબીન છે એની શક્તિ નરી આંખો કરતાં અઢી લાખ ગણો વધારે પ્રકાશ લેવાની છે. આ દૂરબીનના કાચનો વ્યાસ સો ઇંચનો છે. બસો ઇંચ વાળું બીજું એક દૂરબીન તૈયાર થાય છે. એટલે એની શક્તિ દસ લાખ આંખો જેટલી હશે. દેવોનો દેવ ઇન્દ્ર હજાર આંખ વાળો ગણાતો. એટલે ઇન્દ્ર પણ જેને સહસ્રનેત્ર તરીકે સ્વીકારી શકે એવું દૂરબીન હવે પછી આકાશના દેવોને નિહાળતું થશે! પોતાના સ્થાન ઉપર સ્થિર રહીને દર ક્ષણે કરોડો માઇલના વેગે દોડતા તારાઓને અને તારાઓના કાંતારોને તે પહોંચી વળશે. तत् धावतो अन्यान् अत्येति तिष्ठत्।

તારાઓનું ગણિત લાખ ને કરોડ વર્ષથી નથી થતું પણ તેજબ્દોથી થાય છે. એક સેકંડમાં તેજ (એટલે કે પ્રકાશ) એક લાખ છયાસી હજાર ચારસો વીસ (૧,૮૬,૪૨૦) માઇલના વેગે દોડે છે. પ્રકાશની ગતિ વીજળીની ગતિ જેવી સમજવી. આ વેગે પ્રકાશ એક

અબ્દ એટલે કે એક વરસ સુધીની મુસાફરી કરે, એટલે જે પંથ એ કાપે, તે અંતરને એક તેજાબ્દની સંજ્ઞા આપેલી છે. વરસની સેકંડ (૩,૧૫,૩૬,૦૦૦) ત્રણ કરોડ પંદર લાખ અને છત્રીસ હજાર થાય છે અને દર સેકંડે એક લાખ છયાસી હજાર માઈલને વેગે પ્રકાશ દોડે છે. આ બેના ગુણાકારથી જેટલા માઈલનું અંતર આવે તે અંતરને તેજાબ્દ કહે છે. એ તેજાબ્દ ઉપરથી તારાઓનું અંતર મપાય છે. સૂરજ તો ઘરનો રહ્યો, એને બાદ કરતાં નજીકમાં નજીકનો તારો ૪.૨૭ તેજાબ્દના અંતરે છે. એને માઇલના હિસાબે લખવા જઇએ તો ૨,૫૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (પચીસ મહાપદ્મ અથવા પચીસ હજાર અબજ) માઈલ લખવું પડે. આકાશમાં મૃગનક્ષત્રની પાછળ દોડનાર વ્યાધ ૮.૬૫ તેજાબ્દના અંતરે છે. અભિજિત છવ્વીસ તેજાબ્દ, વૃશ્ચિકના પેટમાં ચળકતો પારિજાત ત્રણસો એંસી તેજાબ્દ, હૌંસ છસો તેજાબ્દ, મૃગનો પાછળનો જમણો પગ પાંચસો તેજાબ્દ એવાં અંતરો છે! દક્ષિણ તરફ સ્વર્ગદ્વારના રક્ષક જયવિજય ને ત્રિશંકુ પછી ઊગતા આપણે જોઇએ છીએ. એમાંનો જય ૪.૩ તેજાબ્દના અંતરે છે, જ્યારે વિજય ત્રણસો તેજાબ્દના અંતરે છે. મૃગનો આગળનો ડાબો પગ, જેને આર્દ્રા પણ કહે છે, તે બસો તેજાબ્દ છે. આવાં અંતરો સાવ નજીકનાં ગણાય છે. કેટલાક તારાઓનાં અંતરો તો કરોડો તેજાબ્દોથી જ મપાય છે! અને હજી કેટલાયે તારાઓ છે કે જેમનાં અંતરો મપાયાં જ નથી.

પૃથ્વીની આસપાસ ચન્દ્ર ફરે છે. ગુરુ તથા શનિની આસપાસ ચારચાર ને સાતસાત ચન્દ્રો ફરે છે. વળી શનિએ તો અસંખ્ય ચંદ્રોથી બનેલાં રૂપાળાં કંકણો પણ પહેર્યાં છે. એ જ હિસાબે સૂરજની આસપાસ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપચ્યુન અને પ્લુટો આટલા મુખ્ય ગ્રહો ફરે છે. આપણી પૃથ્વી સૂરજથી સવા નવ કરોડ માઇલ દૂર છે; જ્યારે બે વરસ પહેલાં જ શોધાએલો પ્લુટો નામનો ગ્રહ પૃથ્વી કરતાં લગભગ ચાળીસ ગણો સૂર્યથી દૂર છે. પૃથ્વીને સૂરજની આસપાસ ફરતાં એક વરસ જોઇએ છે, શનિને સાડા ઓગણત્રીસ વરસ જોઇએ છે, જ્યારે ભાઇ પ્લુટોને બસો ઉડતાળીસ વરસ મળે ત્યારે જ એની પરિક્રમા પૂરી થાય! આ બધો સૂર્યમાળાનો હિસાબ થયો. પોતાનું આ નાનકડું કુટુંબ લઇને સૂરજ આકાશમાં દોડે છે. એની દોડવાની ગતિ એને લાયક જ હોવી જોઇએ. એક સેકંડે બસો માઇલ! આપણને બધાને સાથે લઇને સૂર્યનારાયણ આ ગતિએ આકાશગંગાના ચક્રમાં ફરે છે. પણ એને પોતાને જે ચક્ર ફરવું છે એ તો એટલું મોટું છે કે આ મંદ ગતિએ દોડતાં એને ૨૦થી ૩૦ કરોડ વરસ દોડવું પડે છે, ત્યારે એની પરિક્રમા પૂરી થાય છે. અને આવા કરોડો તારાઓ ભેગા થઇને આકાશગંગાનો રથચક્ર આકાશમાં વિચરે છે!!

એમ માનવાનું કારણ નથી કે આકાશગંગા એટલે વિશ્વનો આખો વિસ્તાર. આકાશગંગા એ તો તારાઓનું એક મોટું શહેર કહેવાય છે. મુંબાઈ કે કલકત્તા જેવાં શહેરોમાં લક્ષાવધિ દીવાઓ હોય છે. આકાશનાં શહેરો તો કરોડો તારાઓથી બનેલાં હોય છે. આપણાં મોટા શહેરો કાંઇ પાસેપાસે નથી હોતાં. મુંબાઇ મદ્રાસ, દિલ્હી, કલકત્તા કેટલાં દૂરદૂર? એવી જ રીતે આકાશમાં બધી આકાશગંગાઓ એકબીજાથી દૂરદૂર જ વસે છે. મુંબાઇ એક છેડાથી બીજા છેડા સુધી દસ કે અગિયાર માઇલ લાંબું હશે. આકાશની આકાશગંગાઓ અથવા તારાનગરો પચાસ હજાર તેજાબ્દ-

ગિરિદ્વવ

હરિગીત.

ઝરણ વહતાં હૈયે ઊંડે શીળાં મૃદુતાભર્યાં,
પછી ગિરિવરો! શાને આવા દાવાનળથી બળો?
જીવન મહીં શું બાહિર આબે બળી મરવું રહ્યું,
અનળ ઉરનાં ઊંડાણોની શીળી થકી રાચવું?

ઉરઝરણ વા થીજ્યાં લેખી, પ્રમાદ પિગાળવા
શરીર પર શું ધારો મોટા દવાનળ આ તમે?
કવણ કહશે થીજ્યાં રીઝ્યાં અને રમતાં થયાં
બળી ભસમ થૈ સીજ્યાં ઊંડે અજાણ અદીઠ વા?

ઉમાશંકર જોષી

ની લંબાઈનાં પણ હોય છે. એટલેકે પ્રકાશ એ શહેરના એક છેડેથી બીજે છેડે દોડતો જાય, તો પચાસ હજાર પ્રકાશ-વરસે પહોંચે. સપ્તર્ષિમાં એક એવું તારાનગર છે જેનો પ્રકાશ આપણા સુધી આવતાં સોળ લાખ તેજાબ્દ થાય છે. સપ્તર્ષિ અને ચિત્રા વચ્ચે બીજું એક તારાનગર છે. એનો જે પ્રકાશ આજે આપણે જોઈ શકીએ છીએ તે પાંચ કરોડ તેજાબ્દ પહેલાં ત્યાંથી નીકળ્યો હતો. પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા વચ્ચે જે ચોરસ આકાશભાગ છે, એનો તો હિસાબ મળતો નથી! એમા નરી આંખે બહુ જ થોડા તારાઓ દેખાય છે. એમાં જે તેજોમેઘ છે, તેમાંથી કરોડો તારાઓનું એકએક તારાનગર સહેજે તૈયાર થઈ શકે એમ છે! એવા એકસો બાસઠ તેજોમેઘોનાં ઝુમખાં મોટામાં મોટા દૂરબીનથી મહામહેનતે દેખાય છે.

ખગોળવિદ્યા આવા તારાઓનો જન્મ કેમ થાય છે, વિકાસ કેમ થાય છે, એમને ઘડપણ આવ્યું ક્યારે ગણાય ઇત્યાદિ બધી વસ્તુઓનો હિસાબ આપણને કરી આપે છે, એટલું જ નહિ પણ એકેએક વસ્તુ સિદ્ધ પણ કરી આપે છે.

આવાં અનંત વિશ્વો જે આકાશમાં સમાયાં છે,

પાપી

કોટિકોટિ નિહારિકા ઘૂમે,
કોટિ પ્રકાશના ગોળ:
કોટિ પ્રકાશના ગોળ:
નવલખ તારલા લોકવાણીના
સૂરજ રાતા ચોળ:
એવું અંતરિખ તણાયું!
અનંતનું ગેબ ચણાયું!

ટમટમે ઘરદીવડા જેવો
સૂરજ આપણો એક:
સૂરજ આપણો એક:
આભઅટારીના એક ખૂણામાં,
એક ખૂણામાં છેક:
વળી એનું મંડળ મોટું!
ગુરુ શનિ આઠનું જોટું!

આઠ ગ્રહોનાં આઠ કુંડાળાં,
એમાં કુંડાળું એક:
એમાં કુંડાળું એક:
પૃથ્વીનો મારગ પાંચમો, ને આડા
ચાંદાના ચાંદ અનેક:
એમાં પાંચ ખંડ સમાણા!
પાંચેનાં અલાયદા થાણાં!

પાંચમાં તો જરી એશિયા મોટું,
એમાં ય હિન્દુસ્તાન:
એમાં ય હિન્દુસ્તાન:
હિન્દમાં મુંબઇ એક ઇલાકો,
વાણિયાઓનું ધામ:
ઇલાકે ગુર્જરવાડી!
દારૂ ઓછો ઝાઝી તાડી!

ગુજરાતમાં ય કચ્છની પાંખમાં,
આવ્યો કાઠિયાવાડ:
આવ્યો કાઠિયાવાડ:
એમાં યે વળી એક ખૂણામાં,
શેતરૂંજાના પ્હાડ:
એમાં એક ગામ સંતાણું!
એનું મારે કરવું ગાણું!

શેતરૂંજાના ડુંગરા ડોલે,
વચમાં ગાંભુ ગામ:
વચમાં ગાંભુ ગામ:
કાળા ભગતની લીંબડીનું ઠૂંઠું:
આંગળી ચીંધે તમામ:
મોટી મોટી વાતમાં માઇં,
નાનું ગાણું લાગશે ખારૂં!

શેતરૂંજીના નીર વહ્યાં જાય,
ગાંભાની કોર ઘસાય:
ગાંભાની કોર ઘસાય:
ગામને પાદર રામદુવારે,
સાંજના આરતી થાય:
ફળીમાં લીમડી લૂમે!
લીંબોળીના લૂમખા ઝૂમે!

એક દિ'ને સમે વાત રહી ગઇ,
ધાર્યું ધણીનું થાય:
ધાર્યું ધણીનું થાય:
મારનારો ઊગારનારો બધું
એ જ: કશું નવ થાય:
કે'તાં જીભ તાળવે ચોંટે!
વહે લોહી ડીલમાં દોટે!

સાવ હતો દિન ઊજળો હતો ને,
ઘોમ ધખેલો બપોર!
ઘોમ ધખેલો બપોર:
ગરમી! ગરમી! યોગ્ય હતું ટાણું,
કાંધ જો મારવો ચોર:
બેઠું'તું રામદુવારે!
હરિજન એકાકારે!

નવ હતા બેઠા ભાવિક, વચ્ચે
બાવાજી વાંચે પાઠ:
બાવાજી વાંચે પાઠ:
એક ખૂણામાં ગોદડી નાખી,
વાળી અદબપલાંઠ,
અગ્યારમા કાળુ ભાભા!
મૂછો જાણે રૂના ગાભા!

કેમ થયું એ તો રામજી જાણે,
છૂટ્યા વા બારે બાર:
છૂટ્યા વા બારે બાર:
આભમાં મેઘાડંબર ગાજ્યો,
વરસે મૂશળધાર:

તે આકાશને પણ અંત છે. પાણીના પરપોટા જેમ ગોળ હોય છે, તેવી જ રીતે આ આકાશ પોતાનામાં અનંતકોટિ બ્રહ્માંડો ધારણ કરી રહ્યું છે. એની અંદર પ્રકાશ પણ વાંકો વળીને જ્યાંથી નીકળ્યો ત્યાં પાછો આવી પહોંચે છે એમ આઇન્સ્ટાઇન જેવા ગણિતાચાર્યો આપણને કહે છે. આ આકાશના પરપોટાની બહાર શું છે એ આપણા ધ્યાનમાં પણ ન આવી શકે.

આ બધાનો સંભવ, એની રચના, એનો વિકાસ અને એનાં પરિવર્તનો જે ન્યાયે થાય છે એ ન્યાય તે ઋતમ્. એ ઋતમ્નું આદ્ય તત્ત્વ તે જ ભગવાન સત્યનારાયણ. એને આપણે નારાયણ કહીએ છીએ, કેમકે એ મનુષ્યજાતિના હૃદયમાં વસી એ બધી લીલા નિહાળે છે. એ સત્યનારાયણના દર્શન પછી પાપ સંભવે જ નહિ. પણ નરી આંખે અથવા બસો ઇંચવાળી મોટીમોટી આંખો પહેરીને જે દર્શન થાય છે તે દર્શનથી કંઇ માણસ શુદ્ધ થવાનો નથી. એ દર્શનની અસર હૃદય પર જેઓ થવા દેશે એ જ પાપમુક્ત થશે અને પાપીઓ પ્રત્યે કરુણા પણ બતાવી શકશે. એ સત્યનારાયણની જે અખંડ તપસ્યા છે તેની સાથે એકરૂપ થવું એ જ આપણું અઘમર્ષણ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ડોળુંડોળું આભ ડોળાયું!
નદી મહીં ઘોડલું ધાયું!
સનન સનન વીજ ઝબૂકે,
કાન ફૂટે કકડાટ:
કાન ફૂટે કકડાટ:
કોઇના ઊંચે છાપરાં ઊડતાં,
કોઇનાં ઊડતાં હાટ:
માળામાં કાગ કળેળે!
ઝીંકાઝીંક ડાળિયો ખેલે!

કડડ કરતા થાય કડાકા,
વીજ ઝઝૂમે શિર:
વીજ ઝઝૂમે શિર:
પડી કે પડશે, મરશું બાપલા!
મૂંઝાયા ધારણધીર:
અગ્યારેએ આંકડા ભીડ્યા!
એવામાં બાવાજી ચીડ્યા!

'"પાપીને માથે વીજ ઝઝૂમે"
(એમ) લોકની વાણી ગાય:
લોકની વાણી ગાય:
અગિયારેને મારવા કરતાં
સારૂં જો એકને ખાય:'
બાવાજીએ સાફ સુણાવ્યું!
કોઇને મન ના ભાવ્યું!

'સાંભળો સાચનાં વેણ સાધુજન!
સૂચવું એક ઉપાય:
સૂચવું એક ઉપાય:
સામી ફળીમાં ડોલતી લીમડી,
પંચ એ પાપણી થાય:
જઈ જઈ હાથ અડાડો!
પાપી શિરે વીજનો ખાડો!'

એક પછી એક લોક ઊઠે, ને
સહુના ધ્રૂજતા પાય:
સહુના ધ્રૂજતા પાય:
અડ્યા કે ના અડ્યા એમ કરીને,
ચટકે પાછા ધાય:
આવીને 'હાશ!' કરંતા!
સહુ સાથે બાથ ભીડંતા!

નવ જણાએ હાથ અડાડ્યા,
જીવ્યા નવેના નવ:
જીવ્યા નવેના નવ:
'કાળો ભગત તો ઘરડું માણસ;'
બાવો કે' 'જાવા ન દઉં?'
લીમડીએ હાથ અડાડ્યો!
બાવો યે પાછો આવ્યો!

'કાળું કરો તમ મુખડું, કાળા!
ફટ રે ભગત નામ!
ફટ રે ભગત નામ!
પાપી તમે નકી: વારો તમારો!
નામ જેવાં તમ કામ!'
સહુ ફિટકાર વહાવે!
ભગતને મન ન આવે!


ડૂલતાં, ધ્રૂજતાં, ભગત ઊઠ્યા
પોં'ચ્યા એ લીમડા પાસ:
પોં'ચ્યા એ લીમડા પાસ:
કડડ કરતો થાય કડાકો,
સહુના અદ્ધર શ્વાસ:
'ભગતના રામ રમ્યા શું?
પાપી કેરૂં પારખું તો થ્યું!'

સનન કરતી વીજળી આવી,
દસને લીધા બાથ:
દસને લીધા બાથ:
કાળા થઇને કોલસા કેરા,
સહુના પગને હાથ:
જીવ્યો કાળો લીમડા હેઠે!
મર્યા દસ રામજી એઠે!

જાવ જદિ કોઇ પાન્થ મુસાફર!
શેત્રુંજીને તીર:
શેત્રુંજીને તીર:
ગાંભાને પાદર રામદુવારે,
થાંભજો ભાઈ લગીર:
કદિ કો બાળને જાચો!
બતાવશે થાનક સાચો!

કૃષ્ણલાલ શ્રીધરાણી

[પ્રકટવાના 'કોડિયાં' નામક કાવ્યસંગ્રહમાંના 'કથાકાવ્યો' નામક વિભાગમાંથી]



એક હજાર હાથી, ત્રીસ હજાર ઘોડા ને ચૌદસો પાળેલાં હરણ; ઉપરાંત વાઘ, ભેંસ, કુકડાં ને બાજ—! ઇ.સ. ૧૫૮૫ની સાલમાં મહાન અકબરના જમાનામાં આવેલા ત્રણ અંગ્રેજો ન્યૂબરી, લીડ્ઝ ને ફીચ આગ્રાનો આ વૈભવ જોઇને છક્ક થઇ ગયા. 'નામદાર જલાલુદ્દીન અકબર–ખંભાતના રાજા' ઉપરનો રાણી એલિઝાબેથનો કાગળ લઇને નીકળ્યા હતા તો ચાર જણા—જૉન ન્યૂબરી, ફીચ, વિલિયમ લીડ્ઝ અને જેઈમ્સ સ્ટોરી. ઘણી મુશ્કેલીએ માંડમાંડ તેઓ હિંદુસ્તાન પહોંચ્યા હતા. પણ તેમાંનો જેઈમ્સ તો રહ્યો ચિત્રકાર, એટલે તેણે તો ગોવામાં કોઈ સુંદરીના મોહમાં પડી ત્યાં જ ઘર કર્યું. ફતેહપુર સિક્રીમાં બાદશાહ અકબરનો દરબાર જોઇને લીડ્ઝનું મન પણ ચળી ગયું. જાતે હતો હીરામાણેકનો વેપારી, અને મોગલ દરબારમાં તો હીરા-મોતી-માણેકની છોળ ઊડે! એટલે એ જોઈ એ પણ અકબર બાદશાહનો ઝવેરી બની ગયો. રહેવા એક ઘર મળ્યું, નોકરી કરવા પાંચ ગુલામ મળ્યા, અને દરરોજનો ૭ શિલિંગ જેટલો મુસારો પણ મળ્યો. આમ ચારમાંથી બે ડગ્યા. હવે પોતાને વતન હિંદની બધી વાત પહોંચાડવા માટે બે જ જણા રહ્યા: ન્યૂબરી ને ફીચ. તેમાંથી ન્યૂબરી લાહોરને રસ્તે પાછો ફરી કૉન્સ્ટાન્ટીનોપલ પહોંચી ત્યાંથી ફરતોફરતો બંગાળના કિનારા પર આવવાનો હતો, ને ફીચ બંગાળાના કિનારે એની રાહ જોવાનો હતો. પણ ન્યૂબરીનો કાંઇ પત્તો લાગ્યો નહિ.

અંતે ઇ.સ. ૧૫૮૯માં એકલો ફીચ પોતાને દેશ જવા પાછો ફર્યો. ૧૫૮૨નો તે નીકળેલો. બરાબર નવ વર્ષે પોતાના દેશ માટે ઘણીઘણી નવી વાતો લઇને ઇ.સ. ૧૫૯૧માં ઈંગ્લંડને કિનારે તેણે પગ મૂક્યો. ચાર જણા એક જ ધ્યેય સિદ્ધ કરવા નીકળેલા તેમાંથી અંતે એક જણે દેશને જે આપવાનું હતું તે દેશને ચરણે ધર્યું. એણે એકલાએ પાછી મુસાફરી શરૂ કરી હશે—પોતાના ત્રણે મિત્રો ગુમાવીને—ત્યારે એના હૃદયમાં કેટલું મંથન ચાલી રહ્યું હશે?

卐

શાહાનશાહ જહાંગીરે ઈંગ્લંડના રાજા જેઇમ્સ પહેલા ઉપર જે કાગળ સર ટૉમસ રોને આપ્યો તે અમદાવાદથી લખ્યો હતો. અકબર બાદશાહના વખતમાં જે વાત ફીચે ઈંગ્લંડ પહોંચાડી તે વાત ઉપરથી સર ટૉમસ રો હિંદમાં આવીને અંગ્રેજ વેપારીઓ માટે સગવડતા મેળવી ગયો. સુરત એ અંગ્રેજ સત્તાનું બીજ બન્યું એ સર ટૉમસ રોના પ્રતાપે.

卐

રામશાસ્ત્રી મરાઠી સામ્રાજ્યના મહાન પુરુષોમાં ગણાય છે. કૃષ્ણા નદી પર આવેલા એક નાનકડા ગામડા માહુલીમાં એમનો જન્મ થયો હતો. પહેલાં તો એ પેશ્વા બાલાજી બાજીરાવ પાસે તહેનાતમાં રહેતા. પણ એક પ્રસંગે પેશ્વાએ એમને કોઇ કારણસર ઠપકો આપ્યો એટલે એમણે નોકરી છોડી દીધી;—કદાચ એ ઠપકો એમના અભણપણા માટે જ હશે. રામશાસ્ત્રી બનારસ ગયા અને ત્યાં વિદ્યાભ્યાસમાં ડૂબી ગયા. ત્યાંથી પાછા ફર્યા ત્યારે એમની વિદ્વત્તા જોઇને પેશ્વાને ઘણી નવાઇ લાગી. એમની એ વિદ્વત્તા અને ચારિત્ર્યે સઘળા પર અજબ પ્રતાપ પાડ્યો. માધવરાવ પેશ્વા એમને પિતાતુલ્ય માનતો. એક વખત એવું બન્યું કે પંડિતોની શાસ્ત્રચર્ચા અને વેદાંતવિવેચન સાંભળીને માધવરાવ શાસ્ત્રોક્ત અનુષ્ઠાનના કાર્યમાં પડી ગયો. પેશ્વાને આવા

શાસ્ત્ર પ્રમાણેના પૂજનવિધિમાં પુષ્કળ સમય ગાળતો જોઇ રામશાસ્ત્રીને ખેદ થયો. માધવરાવનો સ્વભાવ આગ્રહી હતો એટલે એને સીધી શિખામણ આપવા જતાં વખતે ઊંધું વેતરાશે એમ શાસ્ત્રીને લાગ્યું. એક દિવસ તો રાજનીતિના મહત્ત્વના કામ માટે રામશાસ્ત્રી માધવરાવને મળવા ગયા ત્યારે માધવરાવ જપજપાદિમાં એવા લીન હતા કે મળી પણ શકાયું નહિ. બીજે દિવસે રામશાસ્ત્રીએ પોતાનું રાજીનામું મોકલી આપ્યું અને પોતે પણ કાશી–વારાણસી જઇને ધ્યાનમગ્ન રહી તપસ્વી જીવન ગાળવા માગે છે એવું કારણ એમાં આપ્યું. માધવરાવને તરત પોતાની ભૂલ સમજાઇ અને શાસ્ત્રીજીને મળી ન શકાયું તે માટે માફી માગી. પણ રામશાસ્ત્રીએ તો કહ્યું કે મળી ન શકયા એ બાબતનો મને વસવસો નથી, પણ રાજા તરીકેનાં કર્તવ્યો સ્વીકાર્યાં પછી આવું બ્રાહ્મણજીવન શરૂ કરો છો એની જ મને તો ચિંતા થાય છે. તમને બ્રાહ્મણજીવન ગાળવાનું મન થયું હોય તો રાજ્યધુરા કોઇ બીજા યોગ્ય માણસના હાથમાં સોંપી દઇ મારી સાથે ચાલી નીકળો, એટલે આપણે બંને બ્રાહ્મણજીવન ગાળીશું.' બીજા જ દિવસથી માધવરાવનાં જપજપાદિ અદશ્ય થઇ ગયાં અને એણે રાજકારભારમાં લક્ષ આપવા માંડ્યું.

નારાયણરાવ પેશ્વાનું ખૂન થયા પછી રામશાસ્ત્રીના ચારિત્ર્યની ખરી ભવ્યતા ઝળકી ઊઠી. જ્યારે રાઘોબાએ એમને પૂછ્યું કે આવી વસ્તુસ્થિતિ હોય તો પ્રાયશ્ચિત્ત શું હોઇ શકે, ત્યારે શાસ્ત્રીએ અગ્નિ જેવા તેજસ્વી શબ્દોમાં જવાબ વાળ્યો: 'પ્રાયશ્ચિત્ત ? અગ્નિમાં બળી મરવું એ એક જ એનું પ્રાયશ્ચિત છે. જેણે પોતાના ભત્રીજાને માર્યો એવા પેશ્વાની નોકરી મારાથી ન થાય.' અને આમ કહીને એમણે તરત નોકરી છોડી દીધી.

તે પછી નાના ફડ્નવીસે પોતાની સત્તા સ્થપાઇ ત્યારે શાસ્ત્રીજીને માનભેર બોલાવી મુખ્ય ન્યાયાધીશની જગ્યા સંભાળવાની વિનતિ કરી હતી, ને તે પ્રમાણે તેમણે મૃત્યુપર્યંત એ હોદ્દાની તટસ્થતા જાળવી હતી. કહેવાય છે કે નાનાને પણ, રામશાસ્ત્રીની નજરમાં પોતે ઊતરી ન જાય માટે ચીવટ રાખીને તટસ્થતાથી કામ કરવું પડતું.

ૐ

નરકેસરી નેપોલિયન જે વખતે સેંટ હેલીનામાં રાજકેદી હતો તે જ વખતે પેશ્વા બાજીરાવ બીજો પણ બિથુરમાં રાજકેદી હતો. પણ એ બંને રાજકેદીના માનસ ને વર્તનમાં આકાશપાતાળ જેટલું અંતર હતું. પેશ્વાને પોતાની સત્તા ખોયાનો કોઇ દિવસ પશ્ચાત્તાપ પણ થતો નહોતો. દિવસ પછી દિવસ એક સુખી સ્વપ્નની માફક એણે કાઢી નાખ્યા. આવી વૃત્તિમાં સંન્યાસીની વિરક્તતા હતી એમ કોઇ માની ન બેસે માટે એનું થોડુંક જીવનચરિત્ર તપાસી લેવાની જરૂર છે.

હસે

• પૃથ્વી •

હસે મૃદુલ ફૂલડાં, સભર સૃષ્ટિ સારી હસે,
હસે ઝબક તારલા, વિપુલ વ્યોમ મીઠું હસે;
હસે સૂરજ ચન્દ્રમા, પ્રદીપ સાન્ધ્યના ભારથી,
હસી હસમસી ઊઠે ધરતી દિવ્ય ઉત્સાહથી:

પ્રમોદ ભરતી બધે પ્રવર લાલિમા પાંગરે
અનંત જડ પથ્થરે,
અમોઘ ગીત ઈશનાં અચળ મૌનમાં નીતરે;
વિહંગ સ્વરમાળથી મધુરતા બધે રેલતાં,
પ્રભા અગમની ભરી અદમ ઊર્મિએ નાચતાં:

વનો સલિલવસ્ત્રથી નિજ શરીરને ઢાંકતાં,
છતાં હસી ઊઠે બધી સકળ અંગ નિર્વ્યાજતા;
ઉઘાડી નિજ ચક્ષુઓ પ્રકૃતિતત્ત્વને માપતાં,
પછી ડળક એકબે હરખઆંસુડાં સારતાં:

હસે લલિત વેલ શી અવનિ વ્યોમને વીંટતી,
હસે નીરવ ચારુતા મનુજબાળકો ભીડતી;
જૂનાં જીરણ પર્ણ શું નવલ રૂપ લેઈ હસે!
ઊભી ઊભી જ આવડી જગતદીવડી શી હસે!

હસે મધુર ચેતના, જનનીદીધ કાયા બધી,
અને કુસુમકુમળાં અવયવો વપુનાં હસે;
હસે જીવન સામટું, તરલ વાયુ શું ચિત્ત ગે:
પરંતુ કહી ના શકું હૃદય આટલું કાં હસે?

'મોહિનીચન્દ્ર'

બિથુરમાં લગભગ છ માઇલના ઘેરાવાનો પ્રદેશ બાજીરાવના રહેઠાણ માટે નિર્માણ કર્યો હતો. નર્તકીઓ, ગવૈયા, મલ્લ, ખેલાડી, જાદુગર એક પછી એક ત્યાં આવ્યા જ કરતા. એને વિલાસ અને વૈભવના કરતાં વધારે આનંદ કોઇને કાંઇ આપી દેવામાં આવતો. ગ્વાલિયરથી, અલ્લાહાબાદથી, દક્ષિણમાંથી, બનારસમાથી ભૂખ્યા શાસ્ત્રીઓનાં ટોળાં બાજીરાવને ત્યાં આવ્યા જ કરતાં. પૂનામાં એ પાંચ સ્ત્રી પરણ્યો હતો અને બિથુરમાં રહ્યા પછી બીજી વધુ પાંચ પરણ્યો! એકબે નહિ પણ લગભગ ત્રીસ વર્ષ એણે બિથુરમાં ગાળ્યાં, પણ એ સઘળો સમય કયાં ગયો એની પણ બાજીરાવને ખબર પડી નથી! માત્ર સુંદર રીતભાત—બીજાને પ્રસન્ન કરવાની સુંદર રીતભાત અને બીજું કાંઇ નહિ—જ લઇએ તો, સર જેઇમ્સ મૅકિન્ટૉશે નોંધ્યું છે કે, નેપોલિયન પહેલો, બાજીરાવ બીજો અને જ્યૉર્જ ત્રીજો એ ત્રણે એ એક બાબતમાં સમાન હતા, અને તેમાં પણ બાજીરાવનો નંબર પહેલો હતો!

ૐ

નેપાળનો અર્થ 'ને' નામના મુનિથી રક્ષિત એવો છે. મહાભારતના પ્રખ્યાત યુદ્ધમાં નેપાળનો રાજા પાંડવોને મદદ કરવા ગયાનો ઉલ્લેખ છે. અશોકે નેપાળ જીત્યું ત્યારે ભગવાન બુદ્ધ તરફની ભક્તિથી પ્રેરાઇને તે ભક્તિભાવે નેપાળમાં આવેલો. અશોકની પુત્રી ચારુમતી ત્યાંના રાજા સાથે પરણી હતી અને અત્યારે નેપાળમાં લલિતપટ્ટન છે તે તેનું વસાવેલું છે. 'નેપાળના ગુરખા' એવી માન્યતામાં થોડીક ભૂલ છે. નેપાળના મૂળ રહેવાસી 'નેવાર' છે. ગુરખા નામે ત્યાં એક ગામ છે અને એની આસપાસના રહેનારા જ ગુરખા કહેવાય છે. નેપાળની કારીગરીમાં ઊંચા પ્રકારની આર્ય સંસ્કૃતિની છાયા છે. મત્સ્યેન્દ્રનાથ એક વખત નેપાળના રાજગુરુ હતા અને હજુ પણ ત્યાં તેમની રથજાત્રા નીકળે છે. ઇ.સ. ૧૪૦૮ સુધી મત્સ્યેન્દ્રનાથની ત્યાં પૂજા પણ થતી અને તેમનું ત્યાં મંદિર હતું. આજે ધરતીકંપથી એ મંદિર નાશ પામ્યું છે.

ૐ

સ્વદેશી માલને વિદેશમાં ખપાવવાની યોજના છેક ચન્દ્રગુપ્ત અને તે પહેલાંના કાળની ચાલી આવે છે. ચાણક્ય એવા કામ માટે એક ખાસ અધ્યક્ષ–પણ્યાધ્યક્ષની નિમણુક કરવાનું સૂચવે છે. પણ્ય અને પ્રતિપણ્ય—પરદેશમાં વેચવાનો માલ અને પરદેશમાંથી લેવાનો માલ, એ બંનેના મૂલ્યની તુલના, સડક–કર, ગાડીભાડું, છાવણીનો કર, નૌકાભાડું, ભયપ્રતિકાર (વીમો) એ બધાંનો બરાબર મેળ કરીને શુદ્ધ લાભ મળે તો જ એવો વેપાર કરવાની ચાણક્ય સલાહ આપે છે. જે દેશો સાથે એવો વેપાર કરવાથી શુદ્ધ લાભ મળે તે દેશો સાથે જ પણ્યાધ્યક્ષે એવા વ્યાપારની ગોઠવણ કરવી. રાષ્ટ્રને નુકસાન કરવાવાળો માલ અથવા જેમાંથી કાંઇ ફળ ન મળે એવો માલ બજારમાં વેચવા દેવાની મના હતી, તેમજ રાષ્ટ્રને ઉપકારક એવા માલ પર 'શુલ્ક' માફ હતું. **'ધૂમકેતુ'**

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

હરીફાઇના આ વખતના નમૂનાઓમાં બેશક વિવિધતા છે, પરંતુ કલ્પના અને યોજનામાં વિશેષતા નથી. છતાં પહેલું ઈનામ લેનાર સૈયદ અહમદ ધબાવાળા (બ્રિટ્સ–આફ્રિકા)નું ચિત્ર 'છેલ્લી વાતચિત' જુઓ. કાઇક જ વાર નૅગેટિવ જરા પણ ઓછી કર્યા વિના આવું મોટી આકૃતિઓવાળું છતાં ભાવ ને રેખામંડળ સાચવનારૂં ચિત્ર મળી આવે છે. આ ચિત્રની છાયાઓ, પ્રકાશ તથા પૃષ્ઠભાગ બધું જ પ્રસંગને સાનુકૂળ છતાં જોઈતા પ્રમાણમાં લેવાયું છે. તે સાથે આપણી દૃષ્ટિ મુદ્રાભર્યા અભિનય તરફ વિનાવિલંબે સ્થિર થાય છે. બીજું ઇનામ લેનાર 'કુતૂહલ' (ઠાકોરદાસ ગાંધી–રંગૂન)માં ફોનોગ્રાફમાંથી નીકળતા સ્વરની શોધ પર મુગ્ધ બનેલું બાળક ચિત્રરચના અને ફોટોગ્રાફીના નિયમો પૂર્ણપણે બતાવે છે. માત્ર પાત્રકદ વિચારી શકાયું હોત તો પ્રથમ આવી શકે એવું થાત. ત્રીજું ઇનામ બાલકૃષ્ણ શાહ (દાહોદ)ને ગુજરાતના કોઈ અગોચર ખૂણામાંથી 'સ્વર્ગ સરોવર'નું સુરમ્ય દૃશ્ય લઇ આવવા માટે મળે છે. આ સ્થળ તેમના લખવા પ્રમાણે દાહોદની દક્ષિણે દેવગઢ બારિયાની હદ પાસે આવેલા કડોળના ગીચ જંગલમાં છે. બીજાં બે પ્રોત્સાહક પારિતોષિકો અમદાવાદના ભાઈ શ્રીદામ ભટ્ટને 'ગુજારો જિંદગી હસી હસી' માટે અને ભાઈ પ્રાણલાલ પટેલને 'કુરસદે' નામના ગ્રામજીવનના ચિત્ર માટે મળે છે. છેલ્લા ચિત્રમાં નામ યથાર્થ નથી. એ ગ્રામજન શી ક્રિયા કરે છે તે સમજી ચિત્રનું નામ આપ્યું હોત તો સાર્થ બનત.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ પ્રાણલાલે 'કાકડી' નામનું સ્થિર પદાર્થનું ચિત્ર મોકલ્યું છે. તેમાં રેખામંડળની રચના સુયોગ્ય હોવા છતાં સ્થિતિ સમજાવનારી છરીની ગેરહાજરીથી કૃત્રિમ રચના લાગે છે. પાલણપુરથી અસદમિયાં સૈયદે ' ઠંડામીઠા



ઉપર: 'ફુરસદે' (પ્રાણલાલ પટેલ)-ઉત્તેજક પારિતોષિક; 'કુતૂહલ' (ઠાકોરદાસ ગાંધી)-બીજું ઇનામ; 'સ્વર્ગ સરોવર' (બાલકૃષ્ણ શાહ)-ત્રીજું ઇનામ; 'છેલ્લી વાતચીત' (સૈયદ અહમદ)-પહેલું ઇનામ; 'ગુજારો ચારો જિંદગાની હસીહસી' (શ્રીરામ ભટ્ટ)-ઉત્તેજક ઈનામ.

શરબત'ના ચિત્રમાં વિષય સરસ પસંદ કર્યો છે, પરંતુ માત્ર વૈવિધ્ય નહિ હોવાથી ફિક્કું પડે છે. S.A.B. ગિયાં (ચિટ્સ)નું 'નાનું બાળક' અને પ્રાણલાલ પટેલનું 'નહાવણ' બંનેમાં બાળકો જીવતાં હોવા છતાં પૂતળાં જેવાં પડ્યાં છે.



અરુણનું અદ્ભુત સ્વપ્ન

પ્રકરણ ૮મું
મધ્ય એશિયા પર ઊડતી દૃષ્ટિ

'આપણે ક્યાં ચાલ્યા?' મેં નવાઇ પામતાં પૂછ્યું.

'આફ્રિકા ખંડમાં ઐતિહાસિક દૃષ્ટિએ જો કંઇ જોવાનું હોય તો તે મિસરમાં.' ગરુડરાજ બોલ્યા. 'એ ખંડના બીજા પ્રદેશો તો હજી હમણાં જ જંગલી મટી કંઇક સુધરેલી દશામાં આવ્યા છે. અને ખંડના મધ્ય ભાગમાં તો હજી કોઇ જઇ શક્યું નથી. એ કારણથી તો એ dark continent--અજાણ્યો ખંડ--તરીકે ઓળખાય છે. આથી આફ્રિકાના બીજા દેશો જોવામાં તને ખાસ મજાહ નહિ પડે, એટલે મિસર છોડી આપણે હવે એશિયા તરફ ઊડીએ છીએ.

આ નીચે દેખાય એ રાતો સમુદ્ર. એને વિષેની દંતકથા ખબર છે? મિસરમાં આવી વસેલા યહુદીઓની સ્થિતિ ગુલામ જેવી થઇ ગઇ હતી. એમના નેતા મોઝિસ (મુસા પયગમ્બર)થી આ ખમાયું નહિ. એણે બધા યહુદીઓને મિસર છોડી બીજા દેશમાં ચાલ્યા જવાની સલાહ આપી. પરંતુ ફારાવની પરવાનગી વિના કોઇથી મિસર છોડાય જ નહિ! અને આવા ઉપયોગી ગુલામોને મિસર છોડવાની રજા ફારાવ શાનો આપે? યહુદીઓને અનેક વિટંબણાઓ પડી. આખરે એ લોકો આ રાતા સમુદ્રને રસ્તે નાસી છૂટ્યા. યહુદીઓના ઇશ્વર યહોવાની શક્તિથી રાતા સમદ્રે માર્ગ કરી આપ્યો. પાણી બે બાજુ પર હટી ગયાં અને વચ્ચે થઇ યહુદીઓ સહીસલામત સામે કિનારે પહોંચ્યા. એમની પાછળ પડેલું ફારાવનું લશ્કર પણ સમુદ્ર વચ્ચે થએલા એ માર્ગમાં આગળ તો વધ્યું; પણ અધવચ પહોંચ્યું ત્યાં સમુદ્ર એક થઇ ગયો અને આખું લશ્કર ડૂબી ગયું!'

'સમુદ્ર કેવી રીતે માર્ગ આપે?' મેં પૂછ્યું.

'શ્રીકૃષ્ણને ટોપલામાં સુવાડીને ગોકુળ લઇ જતા વસુદેવજીને જમનાજીએ માર્ગ આપ્યો હતો તેમ.' ગરુડરાજે હસીને જવાબ દીધો.


ભૂરા રંગનો સાગર રાતા સમુદ્ર તરીકે શા માટે ઓળખાતો હશે તે હું સમજ્યો નહિ. થોડી વારમાં તો દરિયો વટાવી અમે જમીન પર ઊડવા લાગ્યા.

'હવે આપણે એશિયાની પુરાણી ને પવિત્ર ભૂમિ પર આવ્યા.' ગરુડરાજ બોલ્યા.

'પવિત્ર શા માટે?' મેં પૂછ્યુ.

'એ અનેક ધર્મોનું ધામ છે; અનેક સંસ્કૃતિઓનો અહીં સંગમ થયો હતો. યહુદીઓ મિસરથી નાસી આવી પૅલેસ્ટાઇનમાં જઇ વસ્યા હતા. આ નીચે દેખાય છે તે સીનાઇ પર્વત. ત્યાં, કહેવાય છે કે, યહોવાએ મોઝિસને દર્શન દીધાં હતાં અને દરેક યહુદીને પાળવા માટે દસ આજ્ઞાઓ Ten commandments–પથ્થર પર લખી આપી હતી. ત્યારથી યહુદીઓ એક ઇશ્વર—યહોવામાં અને એની દસ આજ્ઞામાં માને છે. એમણે પૅલેસ્ટાઇનમાં યરૂસલમ નામનું નગર વસાવ્યું. દુનિયામાં ડહાપણનો ભંડાર ગણાતો સૉલોમન એમનો રાજા થઈ ગયો.

યરૂસલમથી થોડે જ દૂર બેથ્લેહેમ નામનું નાનું ગામડું આવેલું છે. આજે તો એ સારી ખ્રિસ્તી આલમનું પવિત્ર સ્થળ મનાય છે. એ નાનકડા ગામડામાં આજથી એક હજાર નવસો ને તેત્રીસ વર્ષ ઉપર



ઇસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. ઇસુ ખ્રિસ્ત જાતનો યહુદી હતો, પરંતુ યહુદીઓનો ધર્મ એને પરવડ્યો નહિ. યહુદીઓનો ઇશ્વર યહોવા એટલે રુદ્ર સ્વરૂપ એક ભયંકર વિનાશક શક્તિ. મનુષ્યે એના ક્રોધથી ડરતા રહેવાનું. ઇસુ ખ્રિસ્તને લાગ્યું કે ઇશ્વરનો ખરો ગુણ તો પ્રેમ. પ્રેમથી જ એ મહાન છે. માટે યહોવા એ ઇશ્વર હોઇ શકે નહિ. ઇસુ ખ્રિસ્તે પ્રેમના સિદ્ધાંત પર નવો ધર્મ સ્થાપ્યો અને પોતાને ઇશ્વરપુત્ર તરીકે મનાવવા લાગ્યો. આ સિદ્ધાંત માટે ઇસુ ખ્રિસ્તને ઘણું સહન કરવું પડ્યું. યહુદીઓ એની સામે ખૂબ ઉશ્કેરાયા. તે સમયમાં પૅલેસ્ટાઇન રોમના તાબામાં હતું. યરૂસલમમાં રોમના પ્રતિનિધિ પંતીઅસ પીલાત-Pentius Pilate હકુમત ચલાવતો હતો. એ ન્યાયી પુરુષ હતો અને ઇસુ ખ્રિસ્તને ગુનેહગાર ઠરાવવાની વિરૂદ્ધ હતો. પરંતુ લોકો એટલા ઉશ્કેરાયા હતા અને લોકમત ખ્રિસ્તની એટલો વિરૂદ્ધ હતો કે એનું કંઇ ચાલ્યું નહિ અને ખ્રિસ્તને વધ કરવાનો હુકમ એને કરવો પડ્યો. એને શૂળી પર ચઢાવ્યો ત્યારથી શૂળીના આકાર પરથી ચોકડી—ક્રૉસ, એ ખ્રિસ્તીઓની પવિત્ર સંજ્ઞા બની છે. ખ્રિસ્તના મરણ પછી એના અનુયાયીઓ સંત પીટર, સંત પૉલ, જ્હૉન બૅપ્ટિસ્ટ વગેરેએ એનો ધર્મ ખૂબ ફેલાવ્યો. આજે સારો યુરોપ ખ્રિસ્તી ધર્મ પાળે છે. પરંતુ મેં આગળ કહ્યું હતું તેમ આજે તો એ ધર્મ નામનો જ પળાય છે. પ્રેમનું સૂત્ર માત્ર બાઇબલમાં જ છે; લોકોના આચરણમાં તો જરા યે નહિ.

આપણા જમણા હાથ પર નીચે ઇસ્લામની પાક ભૂમિ અરબસ્તાન આવ્યું. ઇસુ ખ્રિસ્ત પછી લગભગ છસો વર્ષે મક્કાના રહેવાસી એક આરબ ઊંટવાળાને સ્વપ્નામાં ઇશ્વરનો સંદેશો મળ્યો. ઇશ્વરનો એ પયગામ દુનિયાને પહોંચાડવાનું મહમ્મદે માથે લીધું ત્યારથી એ મહમ્મદ પયગંબર તરીકે ઓળખાય છે. 'અલ્લા એક છે અને સર્વ શક્તિમાન છે' એ સૂત્ર પર સારો ઇસ્લામ ધર્મ સ્થપાયો છે. અલ્લા–હુ–અકબર—ઇશ્વર મહાન છે—ની ઘોષણા સાથે અને તરવારની ધારે મહમ્મદના અનુયાયીઓએ ઇસલામનો સંદેશો સ્થળે સ્થળે પહોંચાડ્યો છે. મક્કા એ એમનું તીર્થ-સ્થાન બન્યું છે. કુરાને શરીફ, જેમાં મહમ્મદનાં વચનોનો સંગ્રહ કરાયો છે તે એમનું ધર્મપુસ્તક બન્યું છે. ખ્રિસ્તી અને ઇસ્લામી એ બે પડોશી ધર્મો વચ્ચે ભૂતકાળમાં અને વર્તમાનમાં યે ઠીક યુદ્ધો થયાં હતાં

અને થાય છે. યરૂસલમ મુસલમાનોએ લીધું ત્યારે ખ્રિસ્તી યુરોપે એને છોડાવવા માટે ક્રુઝેડ્ઝ--ધર્મની લડાઇઓ-કરી હતી એમ મેં આગળ કહ્યું છે. ખ્રિસ્તનો ક્રૉસ—ચોકડી અને ઇસ્લામનો ક્રેસન્ટ— અર્ધચંદ્ર એ બંને વચ્ચે ઠીક ચડસાચડસી છે, કારણ કે બંને ધર્મ બીજા લોકોને પોતાના ધર્મમાં પલટાવવામાં માને છે. આજે તો એ ધર્મના ઝગડા રાજપ્રકરણ સાથે એટલા ગૂંથાઇ ગયા છે કે ન પૂછો વાત. તેને લીધે પણ બંને વચ્ચે સંપ થવાને બદલે લડાઇ રહેવાની જ.

મધ્ય એશિયા પર એક વખત ઇસ્લામની આણ હતી. મહમ્મદ પયગંબરની ગાદીના વારસો પાછળથી ખલીફ કહેવાયા. એ ખલીફોનું પાટનગર શરૂઆતમાં બગદાદ હતું. એ લોકોના મહાન ખલીફ હરૂન અલ રશીદનું નામ તો તારાથી અજાણ્યું નહિ જ હોય. અરબોના હાથમાંથી જ્યારે સત્તા તુર્કોના હાથમાં ગઇ ત્યારે ખલીફનું પાટનગર બગદાદને બદલે બાઇઝેન્ટીઅમ —કૉન્સ્ટૅન્ટિનોપલ થયું. આજે મધ્ય એશિયાના લોકોનો ધર્મ ઇસ્લામ છે, પણ રાજસત્તા તો પરધર્મી પરદેશીઓના હાથમાં જ છે.

મધ્ય એશિયા એ અનેક પચરંગી પ્રજાનો શંભુમેળો છે. સુમેરિયન, ઍસીરિયન, ફીનીશિયન, ખાલ્ડિયન વગેરે અનેક પ્રજા ત્યાં એકત્ર થઇ. અનેક સંસ્કૃતિઓ પણ ત્યાં જન્મી અને લય પામી. બૅબીલોન અને નીનેવે એ બે પુરાણાં શહેરોએ તો ખૂબ જ ચડતી પડતી જોઇ. આજે તો એ શહેરોના અવશેષ આ નીચે દેખાય છે તે માત્ર ધૂળના ઢગલા જ.

આ યુફ્રેટિસ અને ટાઇગ્રિસ નદી વટાવી એટલે આર્ય પ્રજાનું એક પુરાણું થાણું આવે છે. તે ઇરાન. આર્ય સંસ્કૃતિથી અલંકૃત જરથોસ્તની એ ભૂમિ અનેક વીરકથાઓથી ભરપૂર છે. જરથોસ્ત પણ મોટા ધર્મગુરુ હતા. એમના અનુયાયીઓ તે જરથોસ્તી અથવા પારસીઓ. ઇરાનના બાદશાહની સત્તા એક વખત તો ખૂબ બળવાન હતી. એક તરફ કૅમ્બિસિસ જેવા એના બાદશાહે મિસર જીત્યું હતું, તો બીજી તરફ ઝરસિસ અને દરાયસ જેવા ત્યાંના બાદશાહોએ તે વખતનાં જબરદસ્ત ગણાતાં ગ્રીક રાજ્યો સામે ટક્કર ઝીલી વિજય મેળવ્યો હતો. ઇરાનની સત્તા તોડનાર મેસેડોનિયાનો મહાન સિકંદર. એ સિકંદરે મધ્ય એશિયા જીતી મિસર પણ સર કર્યું હતું અને હિમાલય ઓળંગી છેક હિંદુસ્તાન પહોંચ્યો હતો.

સિકંદરે ઇરાન પર જીત તો મેળવી, પણ ઇરાનનું આર્યત્વ નષ્ટ થયું નહોતું. પરંતુ ઇ.સ. ૬૪૦માં જ્યારે આરબોએ ઇરાન જીત્યું ત્યારે પારસીઓને પોતાનો દેશ છોડી નાસી જવું પડ્યું. ઘણા પારસીઓ હિંદમાં આવી વસ્યા. હિંદીઓએ એમના એ પિત્રાઇ આર્યોનો સારો સત્કાર કર્યો. જરથોસ્તનો ધર્મ ઇરાનમાંથી તો નાબૂદ થયો. ત્યાં આજે ઇસ્લામની આણ વર્તે છે.

એશિયા પાસેથી યુરોપે ઘણું મેળવ્યું છે. આજની યુરોપની સંસ્કૃતિ પણ એશિયાની મૃત સંસ્કૃતિ-પર રચાઇ છે એમ કહું તો ખોટું નહિ. એટલે એશિયા ને યુરોપનો સંબંધ ગુરુશિષ્યના જેવો છે. એ જ શિષ્ય આજે ગુરુને દબાવવામાં પોતાની મહત્તા સમજે છે. મધ્ય એશિયાના ભાગલા પાડી યુરોપની સત્તાઓએ એને પોતપોતામાં વહેંચી લીધા છે, તેમાં સ્વાર્થ સિવાય કશું દૃષ્ટિએ પડતું નથી. ઇરાનને પણ પચાવી પાડવા માટે યુરોપની બે સત્તાઓ વચ્ચે ઠીક ચડસાચડસી ચાલતી હતી. એક હાડકાંના ટુકડા માટે બે કૂતરાઓ ઘુરકાઘુરકી કરે તેમ એ બે સત્તાઓ વચ્ચે ચાલ્યા કરતું હતું. ઇરાનનો પદભ્રષ્ટ શાહ જે ફૅટ બૉય ઑફ પર્શિયા—ઇરાનનો જાડો છોકરો—એ નામથી ઓળખાતો હતો તેને હાથમાં લેવા એ બંને સત્તાઓ મથતી હતી, પણ ઇરાનને ખુશ નસીબે લોકોએ બળવો કરી એ નમાલા શાહને ગાદી પરથી ઉઠાડ્યો. તે પછી એક સાધારણ લશ્કરી અમલદાર રીઝાખાન પહલવી સત્તામાં આવ્યો અને આજે તે ઇરાનનો શાહ થયો છે. ઇરાનની ગુમાએલી સત્તા પાછી આણવાનો પ્રયત્ન એણે સફળ રીતે કર્યો છે. પરદેશી સત્તાનું જોર આજે ઇરાનમાંથી ઓછું થઇ ગયું છે.

યુરોપની સત્તાઓએ વેપારને બહાને ચીનમાં પ્રવેશ કરી એના પણ એવા જ હાલહવાલ કર્યા છે. ચીનનો દેશનેતા સુન યાત સેન અકાળે મરણ પામ્યો. એણે ચીનને સત્તાવાન સ્વતંત્ર દેશ બનાવવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો હતો. પણ આજે ત્યાં એવી એકે વ્યક્તિ નથી કે જે રીઝાખાન પહલવીની માફક એ દેશમાંથી આ પરદેશીઓનાં પગલાં કાઢે.

આમ વાતો કરતા અમે એક મોટી પર્વતમાળ

પર આવી પહોંચ્યા. ઊંચાં શિખરોવાળી બરફથી આચ્છાદિત આ પર્વતમાળ આકાશમાંથી કંઇ અદ્‌ભુત દેખાતી હતી. પર્વતની હારની હાર જોઇ સમુદ્રનાં ડુંગર જેવડાં મોજાંઓ એકાએક ઠરી ગયાં હોય એવો જ ભાસ થતો હતો. અમે સડસડાટ નીચે આવ્યા અને એક સુંદર સ્થળ પર ઊતર્યા. સામે બરફથી આચ્છાદિત સફેદ કમળ જેવો પહાડ શોભતો હતો. સંધ્યાનો સમય થવા આવ્યો હતો અને લાલ સોનેરી રંગનું પ્રતિબિંબ એના બરફ પર પડતું હતું. આખું વાતાવરણ કંઇ અજબ હતું.

'આ કયો પ્રદેશ?' મેં નવાઇ પામતાં પૂછ્યું.

(ચાલુ) **હંસા મહેતા**

અંકજંત્ર-રચના [૫] ચારનો જંત્ર

જેઠ માસના અંકમાં ચારના જંત્રની જે બે રીતો આપવામાં આવેલી, તે ઉપરાંત એક વધુ આ નીચે આપી છે:

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

આકૃતિ-૧

૧	૧૫	૧૪	૪
૧૨	૬	૭	૯
૮	૧૦	૧૧	૫
૧૩	૩	૨	૧૬

આકૃતિ-૨

નિયમ મુજબ પહેલાં તો ચારનો ખાલી જંત્ર દોરી તેમાં, આકૃતિ-૧માં બતાવ્યા મુજબ ૧ થી ૧૬ સુધી અનુક્રમે અંક ગોઠવો. હવે રચના શરૂ કરો. આ રચનામાં ચોરસની બંને કર્ણરેખામાં આવેલાં આઠ સ્થાન (૧, ૬, ૧૧ અને ૧૬ તથા ૪, ૭, ૧૦ અને ૧૩) સ્થિર રહે છે: બાકીનાં આઠ સ્થાનમાં બબ્બેની જોડીમાં આવેલા અંકો સ્થાનાંતર કરે છે. સામસામા પરસ્પર ૨ અને ૩ તે ૧૪ તથા ૧૫ની સાથે, તથા ૫ અને ૯ને ૮ અને ૧૨ની સાથે. પણ એ સ્થાનાંતર સીધું ન થતાં અંકો ઉલટાઇને થાય છે; ૨ અને ૩ની જગ્યાએ ૧૫ અને ૧૪, તેમજ ૧૪ અને ૧૫ની જગ્યાએ ૩ અને ૨; અને એ જ રીતે ૫ તથા ૯ને સ્થળે ૧૨ અને ૮ તથા ૮ અને ૧૨ની જગ્યાએ ૯ તથા ૫. આ રીતે ગોઠવાઇ જશે એટલે બીજી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે અંકજંત્ર તૈયાર થશે.

૧	૧૪	૪	૧૫
૮	૧૧	૫	૧૦
૧૩	૨	૧૬	૩
૧૨	૭	૯	૬

આકૃતિ-૩

એ સિવાય વળી એક બીજી રચના. આકૃતિ-૨ મુજબ થએલી રચનામાં બીજી આડી હારને ઉપાડીને ચોથી આડી હાર તરીકે મૂકી દો અને જે ત્રીજી અને ચોથી આડી હારો છે તેને ખસેડીને અનુક્રમે બીજી ને ત્રીજી આડી હારો તરીકે ગોઠવો. હવે એ જ મુજબ બીજી ઊભી હારને ઉપાડીને ચોથી ઊભી હાર તરીકે લઇ જાઓ અને જે ત્રીજી ને ચોથી ઊભી હારો છે તેમને ખસેડીને અનુક્રમે ઉપર મુજબ બીજી ને ત્રીજી તરીકે ગોઠવો એટલે આકૃતિ ૩માં દર્શાવ્યા મુજબનો સર્વાંગ અંકજંત્ર તૈયાર થશે. **મોહનલાલ પંચોળી**

મોરધ્વજ રાજાનું આંસુ

રાતદિવસ શ્રી કૃષ્ણ ભગવાનની સાથે ને સાથે રહેવાનું તથા સેવા કરવાનું સૌભાગ્ય મળવાથી અર્જુન પોતાને સર્વશ્રેષ્ઠ ભક્ત ગણવા લાગ્યો. ભક્તને પોતાની ભક્તિનું ભાન થાય એ ભગવાન કેમ સાંખી શકે? અર્જુનને લઇને તેઓ તો પહોંચ્યા કાશીએ રાજા મોરધ્વજ પાસે. ભક્તિની પરાકાષ્ઠાનું—'પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે' એવા વૈષ્ણવપણાનું—દર્શન કરાવવા અર્જુનની સાક્ષીએ ભગવાને ગુપ્ત વેશે રાજાની આકરી કસોટી માંડી. ભરદરબારમાં તેઓએ રાજાની પાસે દાન માટે હાથ લંબાવ્યો અને કહ્યું: 'હે રાજા, હું એક ગરીબ બ્રાહ્મણ છું. આ મારો ચેલો છે. અમે ગામતરે જતા હતા ત્યાં તારા નગરની પાસેના અરણ્યમાં એક સાવજ સામો મળ્યો. કોઇ દૈવી જીવ છે. અમે જીવતદાન માગ્યું તો મનખાવાણીમાં કહે કે હું તો જીવતું માંસ ખાનારૂં પ્રાણી છું. તમને છોડી દઉં તો હું ભૂખે મરી જાઉં. મને બ્રાહ્મણનું પવિત્ર માંસ હાથ આવ્યું છે એ છોડી દઉં એટલો મૂર્ખો હું નથી. ચાલો, ભજી લો તમારા દેવને એટલે હું જલદી આહાર પામું.' મેં ને મારા આ શિષ્યે બહુ કાલાવાલા કર્યા. કોઇ રીતે અમને ઉગારી લેવાની પ્રાર્થના કરી ત્યારે તેણે અમને ન ખાવાની એક જ શરત મૂકી. તે એ કે 'જો મને કાશીરાજનું જમણું અંગ લાવી આપો તો તમને હું જવા દઉં. એ મહાભક્ત છે એટલે તેનું દક્ષિણાંગ હું મારે માટે પૂરતું પવિત્ર અન્ન ગણું.'

એમ કહી તે વેશધારી બ્રાહ્મણે મોરધ્વજ રાજાને ફરીને સંભળાવ્યું, 'હે રાજા, અમને બચાવવાનો તારો ધર્મ છે. દરેક રાજા ગોબ્રાહ્મણ પ્રતિપાળક હોવો જ જોઇએ. વળી તું તો વિષ્ણુનો મોટો ભક્ત પણ છે, એટલે તારી પાસેથી વીલે મોઢે અમારે પાછા ફરવું નહિ પડે એવી મારી ખાત્રી છે. જો પોતાનો જીવ તને વહાલો હોય તો વગર સંકોચે તેમ જણાવી દે.

બાકી તું એ સાવજનો શિકાર કરી મને બચાવવાનો પ્રયાસ ન કરતો. મેં તેને તારી વતી અભયદાન આપ્યું છે. બ્રાહ્મણનું વચન ફરે નહિ. એને મારવા કોઇ નીકળે એ પહેલાં અમારે એ સિંહના ભક્ષ્ય બનવું પડશે. પ્રાણને ખાતર સત્ય અમારાથી જતું ન જ કરાય.'

એ બ્રાહ્મણની બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી રાજા બોલ્યો: 'આપ જરા યે શંકા-કુશંકા ન કરો. જડ પદાર્થોનું ઘડાએલું આ માળખું આપના જેવાના ઉપયોગમાં આવે એથી વધુ રૂડું શું?'

રાજાએ તો કરવત મંગાવી. લાકડાનાં મોટાં પીઢીયાં વહેરાય એમ વહેરાવાને પોતે માંચડે જઇ બેઠો અને કૃષ્ણસ્તવન કર્યું. બધી તૈયારી પૂરી થતાં જેવી કરવત મૂકાય છે તેવો પેલો વેશધારી બ્રાહ્મણ બોલી ઊઠયો: 'થોભો, થોભો. વ્હેરણિયાઓ વેરે એ મને નહિ પોસાય. રાજા પૂરી પ્રસન્નતાથી વહેરાય છે કે કેમ એ વિષે મને શંકા છે. કચવાતે મને રાજા પોતાનું અર્ધું શરીર આપે તેના કરતાં અમે બંને ગુરુચેલા સિંહનું ભક્ષ્ય બનવું વધુ પસંદ કરીશું. હે રાજા, તારી રાણી અને કુંવરને બોલાવ, એ સામસામાં બેસીને વહેરે અને તમારા ત્રણમાંથી કોઇની આંખમાંથી જો આંસુંનું એક પણ ટીપું પડે તો તારૂં દક્ષિણાંગ મને નહિ ખપે. સાવજને પવિત્રમાં પવિત્ર ખોરાક જ જોઇએ છે.'

મોરધ્વજ રાજાએ તો રાણીને તથા કુમારને દરબારમાં તેડાવ્યાં. બ્રાહ્મણની બધી શરતો તેમને સંભળાવી, રાજાને બદલે રાણીએ અને કુંવરે પોતે વહેરાવાની આજીજીઓ કરી, પણ રાજા કે બ્રાહ્મણ એકના બે ન થયા. છેવટે રાજાને માથે તેના પુત્ર અને પત્નીએ કરવત માંડી. ત્રણેએ હસમુખે ચહેરે ઇશ્વરનું નામ જપતાંજપતાં એ વિકટ યજ્ઞ આરંભ્યો. રાજકુટુંબનું ક્ષાત્રતેજ અને પેલા ભિક્ષુકનું બ્રહ્મતેજ એવાં કે આખું ગામ દરબારમાં પ્રેક્ષક તરીકે ઉલટયું હતું તો યે કોઇની આનો વિરોધ કરવાની હિંમત ન ચાલી. સૌકોઇ આ દિવ્ય બલિદાન સફળ થવા મૂંગેમૂંગે ઇશ્વરપ્રાર્થના કરવા લાગ્યા. કરવત ધીરેધીરે રાજાના જમણા શરીરને ડાબા શરીરથી વિખુટું પાડવા લાગી. કપાળ સુધીનો ભાગ વહેરાયો ત્યાં રાજાની ડાબી આંખમાંથી એક આંસુ ટપકી પડ્યું!

બસ! બ્રહ્મદેવે ચેલા સાથે ઊભા થઇ ચાલવા જ માંડયું. રાજાએ હાથ જોડી તેમને રોકયા અને સમજાવ્યા કે 'આ આંસુ શરીરની વેદનાને લઇને નથી ખર્યું. એમ હોત તો જમણી આંખમાંથી પણ આંસુ વહેત. આ તો ડાબા અંગને અફસોસ થયો છે કે જમણું અંગ બ્રાહ્મણની સેવામાં કૃતાર્થ થશે, પણ મારે ભાગે કંઇ યે સેવા ન આવી! આવી રીતે ખિન્ન થવાથી ડાબી આંખમાંથી આંસુ પડયું છે. હે ભૂદેવ, તમે નારાજ ન થાઓ. આ જમણું અંગ તો તમને ખપમાં આવે એવું પવિત્ર જ છે.'

કસોટીની હદ આવી. ભગવાનથી હવે વધુ વખત ગુપ્ત ન રહેવાયું. તેઓ પ્રગટ થયા અને મોરધ્વજ રાજાને પાછા સાજાનરવા કરી તેમના ઉપર પોતાના અખૂટ આશિર્વાદ વરસાવ્યા. રાજારાણી સૌ ધન્ય થઇ ગયાં.

મોરધ્વજ રાજા કૃષ્ણના કાળમાં થઇ ગયા કે નહિ, કૃષ્ણ અને અર્જુન એ રાજાની પાસે કયારે ગયા, આ કથાનું મૂળ મહાભારતમાં કે હરિવંશમાં શું છે, આવી રીતે માણસનું જીવતા છતાં વહેરાવું શક્ય છે કે કેમ ઇત્યાદિ ઇતિહાસ જાણવામાં ભકતોને રસ નથી આવતો. અનેક સંતો અને અનેક ભકતોએ આ કથા ભક્તિની—આત્મસમર્પણની પરાકાષ્ટાના નમૂના રૂપે ગાઇ છે, અને શ્રદ્ધાળુઓએ તે સાંભળી તેમાંથી આધ્યાત્મિક પોષણ જમાનાઓ સુધી મેળવ્યું છે.

ચાલુ જમાનામાં પણ એવો એક પ્રસંગ હમણાં જ બની ગયો છે જે ઉપલી વાર્તાનું ફરી એક વાર સ્મરણ કરાવે છે.

પૂજ્ય ગાંધીજીએ જીવતોજાગતો આશ્રમ વેરી નખાવ્યો છે. આશ્રમના મંડળે પોતે જ પોતાની જાતને વેરી. આશ્રમનું જમણું અંગ ખુશી થતુંથતું ભક્ષ્ય બની કૃતાર્થ થયું છે. ડાબું અંગ જે સેવાના ઉપયોગમાં નથી આવી શકયું તે ખિન્ન બની મૂકપણે અશ્રુ સારી રહ્યું છે.

સાબરમતીને પશ્ચિમ કિનારે જે કોઇ વટેમાર્ગુ પસાર થાય છે તેને એ મૂગું અશ્રુ અસ્વસ્થ કર્યા વિના નથી રહેતું.

'મધુકર'

આ અંક સાથે જોડાએલી પીળી પત્રિકા આપે વાંચી?

નિકોલસ રોરિશ

અનુસંધાન પૃ. ૩૬૮થી

પુરાતન સંસ્કૃતિ અને જ્ઞાન તરફ ગઇ, અને ૧૯૨૩ના ઉનાળામાં એમણે હિંદુસ્થાન તરફ પ્રયાણ કર્યું. તે વખતે અમેરિકાના રોરિશ મ્યૂઝિયમની યોજના ઘડાઇ ચૂકી હતી. એક વર્ષમાં તો એ મ્યૂઝિયમ બંધાયું પણ ખરૂં; અને ૧૯૨૪ના માર્ચમાં તેના દ્વાર ખુલ્યાં મુકાયાં ત્યારે ત્યાં મહાનુભાવ રોરિશનાં ૪૦૦ ચિત્રો જમા થઈ ચૂકયાં હતાં.

આ મ્યૂઝિયમના કળામંડળના પ્રકાશ અને ઉષ્માથી હજારો માનવીઓ નવી શક્તિનો પરિચય મેળવી જીવનમાં સર્જનનો હેતુ અને મનુષ્યજીવનનો ઉન્નત દિશાપંથ શોધવા લગ્યાં છે. ખરેખરી મહાન સર્જક શક્તિનું ઝરણ કદી સૂકાતું નથી, પરંતુ માનવ સમાજમાં કોઈ સચેતન બળાનું પૂર ખેંચી લાવે છે. રોરિશની કલાકૃતિના સાન્નિધ્યમાં કોઇપણ સરળ દ્રષ્ટાના મુખમાંથી હૃદયના ઊંડાણમાંથી સ્ફૂરી આવતાં જ્ઞાનરહસ્યો આપોઆપ નીકળી પડે છે. બાળકોને તે કોઇ ઉદ્યાન સમો આહ્લાદ ઉપજાવે છે અને યુવાનોને સર્જનહારની શક્તિની પિછાન કરાવતા નવા પ્રદેશો નજરે ચડે છે. કોઇકે એકમતે ઉચ્ચાર્યું છે કે રોરિશનાં તીર ઊંચા નિશાને ચડયાં છે. એણે વીજળીના ચમકારા ઝીલ્યા છે; વાદળાં જમાવ્યાં ને ઉડાડયાં છે; આકાશની લીલા એણે માણી છે અને પુનઃ સરજી બતાવી છે. પહાડો અને પથ્થરોમાં જગતના દિગ્પાળો એણે નીરખ્યા છે.

રોરિશ મ્યૂઝિયમ તરફથી તેમજ 'રોરિશ અમેરિકન સેન્ટ્રલ એશિયાટિક શોધખોળ મંડળી' તથા બીજી અમેરિકન સંસ્થાઓના સહકારથી રોરિશે હિમાલયને કેંદ્ર રાખી એશિયાનો યાત્રાસંઘ ઉઠાવ્યો. તેનો ઇરાદો એશિયાનો પરિચય મેળવી તેની સમજ યુરોપ આગળ એક મોટી ચિત્રમાળા રજુ કરી તે દ્વારા પ્રત્યક્ષ કરી આપવાનો હતો. તે સંઘમાં તેના પુત્ર ડૉ. જ્યૉર્જ રોરિશ સંઘપતિ હતા.

ઈ.૧૯૨૪માં રોરિશે હિંદ તથા બૃહદ્ તિબેટ અને કારાકોરમ પર્વત ઓળંગી મોંગોલિયા અને અસલ તિબેટ વગેરે એશિયાનાં હૃદયસ્થાન સર કરી લીધાં. એ યાત્રાની આખી યે કથા અદ્‌ભુત છે. તેની ફલપ્રાપ્તિ રૂપે અપૂર્વ કલા અને સંસ્કારસામગ્રી એકઠી થઇ છે એ ખરૂં; પણ તેમાં યે વિઘ્નો અને જોખમો પારાવાર નડયાં હતાં. તેમની આખી યે ટોળીને તુર્કસ્તાનમાં કેદ કરી લેવામાં આવી હતી. જીવનું જોખમ પૂરૂં હતું. તેમનાં હથિયારો જપ્ત થયાં હતાં એટલે બચાવનું કોઇ સાધન નહોતું; અને ૧૫૦૦૦ ફીટની ઊંચાઇએ અસહ્ય ઠંડી તથા શારીરિક યાતના સહન કરતા તેમના મંડળમાંનો એક આદમી અને નેવું જેટલાં જનાવર તો મરી પણ ગયાં. એમ છતાં રોરિશે ૩૫૦ ચિત્રો સંપૂર્ણ તૈયાર કર્યાં અને એશિયાની સંસ્કૃતિ, ચમત્કૃતિ તથા દંતકથાઓ પ્રકટ કરતી અપૂર્વ ચિત્રમાળ જગતને આપી.

તેમનામાં કલાકારની દૃષ્ટિ, તત્ત્વવેત્તાનો આત્મા તેમજ વૈજ્ઞાનિકનો અનુભવ હોવાથી એશિયાની નાડ બીજા કોઈપણ કરતાં તેમણે સારી રીતે પિછાની અને પ્રાચીન સંસ્કૃતિ તથા પ્રાચીન વાણીનાં મૂલ્ય સારવ્યાં.

તેમનું અવલોકન કરનારને કે તેમના પરિચયમાં આવનારને અથવા તેમની કલાકૃતિઓ નિરખતાં કે તેમના આદેશો વાંચતાં તે ફિલસૂફ કે કવિ તરીકે ચિત્રકાર જેટલા જ વિશિષ્ટ લાગે છે,—ખરેખર એક મહર્ષિસ્વરૂપ જ ભાસે છે. તિબેટના મહાન અશ્વઘોષની જેમ તેમની વાણી આ યુગ પ્રતિ તેમજ ભાવિ પ્રતિ મેઘગર્જના કરતી સંભળાય છે.

રોરિશની દૃષ્ટિ નિરંતર સર્વોપરિ જ રહેતી જણાય છે, અને તેથી તે હંમેશાં વિરાટ પગલે આગળ ને આગળ ચાલતા દેખાય છે. છેલ્લાં દસ વર્ષમાં તેમણે આટલાંટિક છ વાર અને હિંદી મહાસાગર પાંચ વાર ઓળંગ્યા. 'મધ્ય એશિયા સંશોધન મંડળ'ના સાથમાં એશિયાના આંતર્ભાગમાં લગભગ દસ હજાર માઇલ ખૂંદી કાઢયા. તેમાં કાશ્મીર, લદાક, તાકલામાકન, ઝુંગારી, અલ્તાઇ, સાઇબીરિયા, મોંગોલિયા, તિબેટ અને છેવટે હિંદુસ્તાન જોઇ નાખ્યાં. એ પ્રવાસમાં ૧૫,૦૦૦થી ૨૨,૫૦૦ ફીટ ઊંચાઇની લગભગ ૩૦ ખીણો પસાર કરી, અને તેના ફળ રૂપે પુષ્કળ ચમત્કૃતિભરી ચિત્રાવલિઓ ને વૈજ્ઞાનિક શોધખોળો પ્રકટ કરી. તેનાં એ અદ્‌ભુત ચિત્રો ન્યૂ યૉર્કના રોરિશ મ્યૂઝિયમમાં જમા થયાં છે. અમેરિકન પત્રકારો એ મ્યૂઝિયમને (Cathedral of culture) સંસ્કારિતાનું મહાધામ કહે છે.

એ કૃતિઓમાં અમાપ માનવશક્તિમત્તા ને સર્જક પ્રભાવનું દર્શન થાય છે. જગતને આવી સમૃદ્ધિ એક સુવર્ણમંજૂષામાં અર્પતા મહાશય રોરિશનું એક સૂચક ચિત્ર તેમના જ પુત્ર સ્વેટોસ્લાવ (Svetoslav) રોરિશે

દોરેલું છે. રશિયા છોડી તેમણે અમેરિકાને જેમ પોતાનું બનાવ્યું તેટલા જ પ્રેમથી આજે તેમણે હિમાલયમાં, સીમલાથી સોએક માઇલ દૂર કુલુ પર્વતો વચ્ચે 'નગર' માં * નિવાસ સ્થાપ્યો છે અને તેને નામ 'ઉરૂસ્વતી હિમાલયન રીસર્ચ ઇન્સ્ટીટયૂટ' આપ્યું છે.

આ મથકમાં પ્રાચીનશાસ્ત્રો, તત્ત્વજ્ઞાન, વનસ્પતિ અને જીવસૃષ્ટિની શોધખોળો તેમજ નિગૂઢ અભ્યાસ ચાલુ રાખે તેવા સંચાલકોનું મંડળ રહે છે. તેનાં આદ્ય સ્થાપકો તરીકે શ્રીમાન નિકોલસ રોરિશ અને તેમનાં પત્ની હેલીના રોરિશનું નામ અમર રહેશે. આ આશ્રમને માટે જોઇતી જમીન તથા મકાનો તેમણે સંસ્થાને અર્પણ કરી દીધાં છે. ત્યાંની હવામાં જ આયુર્વેદમાં વર્ણવેલી ૪૦૦૦ વનસ્પતીઓના ગુણદોષની આધુનિક રીતે પ્રથક્કરણોની નોંધ થઇ ચૂકી છે. તિબેટી ભાષા શીખવાનું વ્યાકરણ તથા કોષ વગેરે પણ ત્યાંથી પ્રકટ થયાં છે. ઉપરાંત તિબેટી મઠોમાં સંઘરાએલા અપૂર્વ જ્ઞાનગ્રંથોનું સંશોધન ચાલે છે અને તેમાં અનુભવી લામા ગુરુઓ પણ શામેલ છે. વળી ત્યાંથી 'ઉરૂસ્વતી જર્નલ' નામનું પત્ર પણ બહાર પડે છે.

છેલ્લાં દસ વર્ષમાં નિકોલસ રોરિશનાં ચિત્રો અને આદેશો મારફત પ્રકટ થતી માનવ સંગઠન અને સંસ્કૃતિની ભાવનાઓ પ્રચારનારાં બાવન રોરિશ મંડળો અસ્તિત્વમાં આવ્યાં છે. તે પોતે તો જગત આખાને પોતાનું ગૃહ માને છે. પ્રત્યેક દેશનું સર્વોત્તમ રહસ્ય તે પકડે છે, તેમાં રાચે છે, તે પ્રબોધે છે અને જગતના વિકાસ માટે પ્રયાસો કરી સહાય તથા સહકાર આપે છે.

પ્રકાશના પંથે અને સર્વોચ્ચ સંસ્કૃતિને માર્ગે પ્રયાણ કરતા દરેક જનનો તે મિત્ર અને સહાયક થવાથી તેને જગત આખામાં ઉમળકાભર્યો આવકાર અને આભારદર્શન મળે છે. જનતાની અપેક્ષાઓ પૂરવા અવિશ્રાંત શ્રમ કરતા નિકોલસ રોરિશે જગતની સાંસ્કૃતિક સામગ્રીઓનું રક્ષણ કરવાને માટે Banner of Peace (શાંતિ ધ્વજ)નું નિર્માણ કર્યું છે. આ ધ્વજ રોરિશ શાંતિકરાર (peace pact)ના સંકેત રૂપે આખી દુનિયામાં એક અનિવાર્ય જરૂરિયાત તરીકે સ્વીકાર પામ્યો છે.

૧૯૩૧માં એ રોરિશ પૅકટની પહેલી પરિષદ બેલ્જિયમમાં બ્રુગ્સ ખાતે થઇ. તેમાં લાખો વૈજ્ઞાનિકો, કલાકારો ને રાજપુરુષોએ સહકાર આપ્યો હતો. પચીસ મુલકોના પ્રતિનિધિઓએ ત્યાં હાજરી આપી હતી. રોરિશ પૅકટ બુકના પહેલા પુસ્તકમાં એ બધાનાં મંતવ્યો તથા અભિપ્રાય પ્રકટ થયા છે.

હિંદમાંથી કવિવર રવીન્દ્રનાથ સર જગદીશ બોઝ ને સર રામન જેવા પુરુષોએ એ કરાર પર સહી આપી છે. આ વર્ષના નવેમ્બરની ૧૭મી તારીખે યુનાઇટેડ સ્ટેટ્સમાં રોરિશ શાંતિધ્વજનો મહાન ઉત્સવ થનાર છે. આજે એ ધ્વજ કેટલી યે સંસ્થાઓ ઉપર ફરકે છે. જાંબલી રંગના ત્રણ ગોળા એક વર્તુળમાં સફેદ ધ્વજમાં મૂકેલા છે. આ ધ્વજ રેડક્રૉસની જેમ કળાવિજ્ઞાન, ધર્મ, જ્ઞાન અને દરેક સંસ્કૃતિપરાયણ સંસ્થાનું સંરક્ષણ તથા સંગોપન જાળવવાને પ્રચારવામાં આવ્યો છે. પ્રો. રોરિશે પોતે તે વિષે કહ્યું છે કે 'શારીરિક રક્ષણ માટે જેમ રેડક્રૉસનો ધ્વજ છે તેમ માનવજાતિના આધ્યાત્મિક આરોગ્ય માટે આ શાંતિધ્વજ રક્ષક બનો.'


'સંસ્કારિતા એ પ્રકાશનું આવાહન છે, માનવતાનું ધામ છે, જીવનની સુવાસ છે, જીવનસૌન્દર્યનું ઐક્ય છે; એ ચેતનવતી શક્તિ છે.'

આમ અનેક રીતે પ્રો. રોરિશ પોતાની કલા અને મંત્રોને પોતાનાં જ જીવન ને કર્તવ્યો દ્વારા વ્યક્ત કરી રહ્યા છે. જગતના રાજકીય વાડા વટાવીને તે સમસ્ત માનવજાતિ પર પ્રેમ અને બંધુતાનો સંદેશો છર્વરાવી રહ્યા છે. એ કહે છે કે ભલે એક દેશની કલાકૃતિ અને સંસ્કૃતિજનક પદાર્થો, પુસ્તકો તથા સાહિત્ય યોગ્ય રીતે બીજા દેશોમાં પ્રતિષ્ઠિત થાઓ. ઘણીવાર એક દેશ અજ્ઞાન અને વહેમથી જે ફેંકી દે છે તે બીજા દેશમાં સંરક્ષાઇને ચિરંતન બને છે, અને તેના વતનનું ગૌરવ ભવિષ્યકાળ માટે સાચવી રાખે છે. રશિયાની અનુપમ

નગર જવાનો ખરો રસ્તો આ છે: અમૃતસરથી N.W. રેલવેની એક શાખા પઠાનકોટ જાય છે. પઠાનકોટથી લાઇટ રેલવે મંડીની રાજધાની જોગેન્દ્રનગર સુધી પહોંચે છે. ત્યાંથી કુલુ ખીણ સુધી મોટર બસ સર્વિસ છે. છેવટના ત્રણ માઇલ પગથી અથવા ઘોડેસવારીથી જવું પડે છે.

કુલુ બ્રિટિશ હિંદનો ભાગ છે, પણ ખરી રીતે હિમાલયનું એક દ્વાર છે અને ત્યાંથી તિબેટ તથા મધ્ય એશિયામાં જવાનો માર્ગ મળે છે. કુલુનો માર્ગ અતિ સુંદર, રમણીય અને ફળદ્રુપ છે. નગર સુધી જવાનો રસ્તો બ્યાસ નદીને કિનારે હોવાથી પ્રવાસ મધુર બને છે.




POST CARD

Yours sincerely,

ડાબી બાજુ–પ્રો. રોરિશનું ચિત્ર 'અંધકાર પર વિજય મેળવતો પ્રકાશ.'
જમણી બાજુ–આ લેખના લખનાર ઉપર મહર્ષિ રોરિશે લખેલો પત્ર.

સમૃદ્ધિ અને તેવાં તેમનાં ચિત્રો તે જ કારણે આજે અમેરિકા અને બીજા અનેક દેશોનાં ચિત્રાલયોમાં પરમ આદરપૂર્વક સ્થાન પામતાં દેખાય છે. હિંદુસ્તાનમાં પણ અલ્લાહાબાદ અને બનારસની કલાસમિતિઓએ, તેના રક્ષણ માટે યોગ્ય ભવનોમાં રાખવાની ખાત્રી આપતાં, શ્રી રોરિશ મહાશયે મોટાં અદ્દભુત ચિત્રોના સંગ્રહો વિનામૂલ્યે કાયમી થાપણ તરીકે તેમને સોંપ્યા છે. આ રીતે લગભગ ૭૦૦ જેટલાં તેમનાં ચિત્રો વીસેક મુલકોમાં પ્રદર્શન માટે વહેંચાએલાં છે.

પ્રો. રોરિશનાં ચિત્રો ચિત્રકળાની અનુપમ લીલા છે એટલું જ કહેવાથી તેના ગુણોની મર્યાદા બાંધી શકાય એમ નથી. તેમના મોટા રંગસુરખીભર્યા ચિત્રપટો પહેલી જ વાર જોનારને પણ એક પ્રકારના નવીન જીવનનો આહ્લાદ પ્રકટ્યા વિના રહેતો નથી. આવો અનુભવ સર્વોચ્ચ શક્તિમત્તા અને સર્જકપ્રાણના સંસ્પર્શની પરીક્ષા છે. તેમનાં ચિત્રો જોનારને એમ જ લાગે કે ખુદ ચેતનના તંતુએ બંધાએલ કોઇ કલાકલેવરનાં દર્શન કરતો તે સૌંદર્યસાગરની લહેરો માણી રહ્યો છે.

આવી થનગનાટભરી ઊર્મિઓ ઉછળાવનાર કળાનો પ્રાદુર્ભાવ શી રીતે અને ક્યાંથી સંભવે છે તે પ્રશ્નનો જવાબ વિકટ છે. તેમનાં ચિત્રો રશિયન, ઇટાલિયન, તિબેટન, હિંદી, ઇરાની તથા અમેરિકન ઘાટીઓથી સંમિશ્રિત એક નવી જ પદ્ધતિનાં સર્જનો લાગે છે. મનુષ્યો અને દેવતાઓ, દિવ્ય અને ભયાનક સત્ત્વો તેમનાં ચિત્રોમાં કોઇ અજબ રાસ ખેલતાં લાગે છે. વાદળાંની અપાર વૈભવભરી સવારીઓ, ધારદાર ખડકોની અંધારી ઊંડી ખાણો, શાંત ચિંતન કરતાં મેદાનો, વીજળીના ચમકાર અને વંટોળિયા અગર નીરવ નિર્જન સાગરકાંઠા એ તેમની કુદરતના વિવિધ પડદા છે અને તેના પર માનવબળોની અનંત ક્રીડાનાં રૂપોને પ્રકટાવે છે. દૃશ્ય અને અદૃશ્ય જગતની વચ્ચેનો પડદો ઊંચકી તે જગતની વિવિધ પુરાણસૃષ્ટિનાં પાત્રોને નવીનવી રીતે રજુ કરે છે અને તેનાં રહસ્યોને ધ્વનિ અર્પે છે; સાથે પ્રકાશ, રૂપ અને રંગનું ચેતન ચમકાવતું અદ્દભુત સંગીત જમાવે છે. આટલું સ્વાતંત્ર્યભર્યું હસ્તલાઘવ તથા વિવિધ તત્ત્વોની જમાવટ અને મેળ કરવાની ખૂબી વિશ્વવ્યાપી પ્રભુતા સમી સર્જનશક્તિને લઇને જ સંભવે.

રોરિશને મન સકળ સૃષ્ટિ અચેતન કે સ્થિર નથી, પણ સતત, જીવંત અને અવિરતપણે પ્રવાહી ભાસે છે. જગતની જાતજાતની ચડતીપડતી, તોફાનો અને પ્રગતિ એમને અનંતની લીલાઓ લાગે છે. તેમનાં કેટલાં યે ચિત્રોથી પ્રતીત થાય છે કે તે ભૂત, વર્તમાન અને ભવિષ્યને એક રૂપે નિહાળે છે. સૌંદર્ય વડે તે શાંતિ અને જ્ઞાનની ઉપાસના સાધે છે. એ કહે છે કે 'સૌંદર્યનાં કિરણો સર્વ પવિત્રતાનાં દ્વારો ઉઘાડશે.'

સ્થાપત્યવિશારદ, પુરાણજ્ઞાતા, શિક્ષણવિધાયક, કવિ, ચિત્રકાર, પયગંબર—સર્વકોઇ આ સૌંદર્યવિધાતા રોરિશમાં દૃશ્યમાન થાય છે. તેમને સર્વ કળાઓ એક રૂપે દર્શન દે છે. કો મહાકવિની તન્મયતા અને આર્ષ દૃષ્ટિ તેમનાં ચિત્રો અને મહાલયપટો (frescoes)માં તેમના નિત્ય જીવનના સહજ પ્રસાદ જેવાં વ્યાપક છે. તેમનાં ચિત્રોમાંની તેજસ્વિતા અનન્ય છે. બ્રહ્માંડવિહારી આત્માની પાંખોથી તે નિર્બંધપણે જાણે અનંતના

પટ ખેડે છે. સૃષ્ટિઓના અંધારા અંતરગાળા પર કે તોફાનોના વંટોળ પર તે સૌંદર્યના રાહ બતાવી જાણે છે અને કલ્પનાના અમાપ સામ્રાજ્ય પર શાસન બજાવે છે. તેમનાં સર્વ ચિત્રો જાણે જળહળતી જ્યોતિનાં બનેલાં લાગે છે. બધી યે સંસ્કૃતિનાં જળ તેમણે પીધાં છતાં તે કોઇ રૂઢિ કે શૈલીનું અનુકરણ કરતા નથી. માત્ર સ્વયં પ્રજ્ઞાના આદેશ પ્રમાણે જ તે ચિત્રકામ કરે છે. એમનાં ચિત્રોમાં જે સાયુજ્ય, તાલમેળ, સ્પંદનો, રંગની ભભક તથા રૂચિર વર્ણભંગ, છાયાપ્રયોગ અને પ્રકાશન, ચેતન અને બલિષ્ટતા જણાય છે તેના કૌશલ્ય પર જ્ઞાતાઓ ગ્રંથો રચી શકે એમ છે. તેમની કળાની ખરી ખૂબી જ એ છે કે શૈલી કે પદ્ધતિ ચિત્રવિષયના નિરૂપણની દાસી માત્ર લાગે છે.

તેમનાં ચિત્રોનો પ્રભાવ બાહ્ય કારીગરી કરતાં યે તેમના અંતરની આત્મપ્રભાને લઇને છે. કોઇ સ્ત્રી, પુરુષ કે બાળક તેમનાં ચિત્રોની સાન્નિધ્યમાં અનંત સાગરના ધ્વનિ શ્રવણ કર્યા વિના રહે નહિ. કેટલાક ડૉકટરો માને છે કે તેમનાં ચિત્રો દરદીઓના આરોગ્ય પર ભારે ગુણદાયક બને છે. રોરિશની કળાદષ્ટિ અતિ વિસ્તારથી જગતને ઘેરી વળે છે. 'કળા સર્વદેશી— સર્વવ્યાપી બનવી જોઇએ; ન કોઇ રાજસત્તા કે પ્રજામત, સંપ્રદાય કે પરિસ્થિતિ તેનાં અંતરાય બને. સૌંદર્યનો પ્રેમ ખીલવી પૂર્વ અને પશ્ચિમની પ્રજાઓ ભ્રાતૃભાવમાં લીન થાય. સકળ જીવન ધર્મવિધિ બની રહે.


કળા પ્રકાશમાન આત્માનો ઉદ્દગાર છે; એ પરમ પ્રકાશ આપનારી છે, પ્રત્યેક શાળામાં સર્જનપંથના માર્ગ ખોલો. કલા સૌ કોઇની છે, સૌ કોઇ માટે છે. નવો યુગ આવે છે, ઉઘાડો બારણાં!' આવો તેમનો સતત સંદેશ છે.

બધાં દિવ્ય દ્વારો સૌંદર્યનાં કિરણોથી ઊઘડશે. જેમનાં જીવન સૌંદર્યમય છે તે જ એ કિરણો આપશે.

'પ્રેમ, સૌંદર્ય અને કર્તવ્ય' દરેક મનુષ્યોનો ધ્યાનમંત્ર બનો. કવિઓ, પયગંબરો અને ઋષિઓ યુગોથી એમ કહેતા આવ્યા છે. **રવિશંકર રાવળ**

[આ લેખ તથા તેને લગતાં ચિત્રો તૈયાર કરવાની મૂલ્યવાન સામગ્રી સર ચીનુભાઇના ગ્રંથભંડારમાંથી મળી છે જેને માટે અમે ઋણી છીએ.]

બા ળ વિ ભા ગ



પારિજાતક

પારિજાતક દેવોનું વૃક્ષ છે. એનાં ફૂલ માટે તો રાધાજી રિસાયાં હતાં. કહે છે કે શ્રીકૃષ્ણે એમને મનાવવા નંદનવનમાંથી એને પૃથ્વી પર આણ્યું. ધન્ય એ રાધાજી, ધન્ય એ શ્રીકૃષ્ણ, ધન્ય એ નંદનવન અને ધન્ય એ પારિજાતક વૃક્ષ!

શ્રાવણ–ભાદરવાથી પારિજાતકને ફૂલો ઊઘડે છે. સાંજે લાલ એઠકે હજારો કળીઓ મોં બીડીને ઝાડની ડાળે હીંચકે છે. મધરાત પછી આસ્તે આસ્તે હજારો કળીઓનાં મોં ઊઘડશે અને તેમાંથી સુગંધનો ઝરો વહેશે. ચોમેર સુગંધ, સુગંધ અને સુગંધનો પથારો થશે.

ધીરે ધીરે એઠકેથી ફૂલેફૂલ ખરવા માંડશે. ઝાડની નીચે પીળી દાંડલી અને ધોળી પાંખડીની રંગોળી પૂરાશે; કેટલા યે સાથિયા અને નિત્યનવા આકારો ઘડાશે; અને જ્યારે હજારો ફૂલો ખરીખરીને નીચે પડશે ત્યારે ફૂલોની ગંધથી પૃથ્વીનું પ્રથમ અભ્યંગ થશે અને ત્યારપછી ફૂલજળથી તે નહાશે. કોઇ કવિ એ ફૂલોની બીછાયત જોઇ કવી ઊઠશે કે 'અરે, ઉષાનું આ કેટલું કોમળ મધુર આસન છે? મિત્ર પારિજાતકે કેવું સુંદર એ ગૂંથ્યું છે! અને ધરણીના બાજઠે એ કેવું કલાપૂર્ણ બિછાવ્યું છે!'

ખરતાં ફૂલોની સામે તારાઓ આંખો મલકાવીને વાતો કરે છે: તમારે રોજ રોજ ખરવાનું અને અમારે કાળે કાળે ખરવાનું. અમે પણ બ્રહ્માંડનાં પારિજાતક પુષ્પો છીએ. અમે પણ રાત્રે ઊઘડીએ છીએ અને તેજતેજના ફૂવારા ઊડાડીએ છીએ, ને અમે પણ તમારી પેઠે જ અહો ને આકાશને બાજઠે અમારી રંગોળીઓ રચવાના.

વહેતા સમીરને પારિજાતકનાં ફૂલો કહે છે; તું અમારો મિત્ર છે. અમારો આ સુગંધ–સંદેશો દેશદેશ લઇ જજે. સારા અને નરસા સૌને સરખા ગણી તું અમારો ગંધપરાગ આપજે અને કહેજે કે પારિજાતક

તમારૂં છે અને તેનું સર્વસ્વ તમને જ આપે છે. સમીર! તું લોકોને કહેજે કે આપણી પાસે જે છે તે સૌને આપવા માટે છે. હું આપીને કૃતાર્થ થવા માટે છું. મારો ગંધ હું સૌને આપીને કૃતપુણ્ય થાઉં છું.

પારિજાતક મારા જ બાગમાં છે. મેં જ તે વાવેલું છે. મને તે અત્યંત પ્રિય છે. પારિજાતકને જોઇને હું હસું છું–આનંદભરિત બનું છું. ધ્યાનસ્થ થાઉં છું. **ગિજુભાઈ**

એમ? કેમ

સવાલ

માકડ, મચ્છર વગેરે જંતુ કરડે છે ત્યારે ચામડી ઉપર સોજો કેમ આવે છે? જો માકડ કરડે ત્યાંથી માણસનું લોહી ઓછું થતું હોય તો એટલો ખાડો પડવો જોઇએ અને માકડ પોતાનું લોહી આપણા શરીરમાં દાખલ કરતો હોય તો તે મરી જવો જોઇએ; પરંતુ માકડ, મચ્છર, જૂ વગેરે માણસનું લોહી પીનારા જંતુઓ હોઇને તેમનું પોષણ થાય છે. વળી કરડેલી જગ્યાએ ચામડી સૂજી જાય છે તો એનું શું કારણ!

જવાબ

શરીરમાં લોહીનાં રજકણો બે જાતનાં હોય છે: ધોળાં અને રાતાં. ધોળાં રજકણોનું કામ સમારકામ કરવાનું હોય છે તેથી શરીરના જે ભાગનું લોહી કરડને લીધે કે વાગવાને લીધે ઓછું થયું હોય ત્યાં લોહીનાં એ ધોળાં રજકણો એકદમ ભેગાં થઇ જાય છે અને તેટલા ભાગમા થઇને બીજું લોહી પસાર ન થાય તે માટે આસપાસનો માર્ગ રોકી દે છે. કરડવાળા ભાગને આરામ મળતાં અને મરામત પૂરી થતાં એ સોજો ઊતરી જાય છે.

સવાલ

જો ધોળાં રજકણોનું કામ મરામત કરવાનું હોય તો કેટલાક મચ્છરોનું ઝેર શરીરમાં દાખલ થઇ મૅલેરિયા તાવ તથા બીજા ચેપી રોગો કેમ થાય છે?

જવાબ

જો માણસનું શરીર પૂરેપૂરૂં તંદુરસ્ત હોય તો મચ્છરના કરડવાળી જગ્યાએ પહોંચેલાં ધોળાં રજકણો અને મચ્છરના ઝેર વચ્ચેની લડાઇમાં ઝેરનો નાશ થાય છે. પરંતુ જો શરીરમાં રોગની સામે થવાની શક્તિ ઓછી હોય તો આ ધોળાં રજકણો સાથેની લડાઇ દરમ્યાન રજકણોના લશ્કરમાં ભંગાણ પાડી કેટલુંક ઝેર શરીરમાં દાખલ થાય છે. પરંતુ શરીરમાં દાખલ થયા પછી શુદ્ધ લોહી મચ્છરના ઝેરને આગળ વધતું અટકાવવા સતત લડાઇ કર્યા કરે છે, તો પણ જો લોહી પૂરેપૂરૂં તંદુરસ્ત ન હોય તેમજ નવું શુદ્ધ લોહી જોઇએ તેટલું ન મળી શકતું હોય તો છેવટે તમામ લોહીમાં ઝેર દાખલ થાય છે. અને તાવ આવે છે. તાવ આવે છે એ પણ શરીર અને મૅલેરિયાના ઝેર વચ્ચેની લડાઇ જ છે. તે દરમ્યાન શરીરના તમામ ભાગને આરામ મળે તો મૅલેરિયાનું ઝેર દૂર થાય. દાક્તરો ક્વિનાઇન આપે છે તે શરીરની કુમકે બહારની મદદ સમાન છે. ફક્ત આ લડાઇ દરમ્યાન જોવાનું એટલું કે પેટમાં અપચો ન થાય તથા આંતરડાં સાફ રહે. આટલા માટે જુલાબ અને ઉપવાસની ભલામણ દાક્તરો કરે છે.

કેટલાક રોગના જંતુઓ શ્વાસોચ્છ્વાસ મારફત તથા ખોરાક મારફત પણ શરીરમાં દાખલ થાય છે. તે વખતે પણ શરીરનું શુદ્ધ લોહી આ ઝેરને નાબૂદ કરવા લડી લે છે. જો હારે તો શરીર માંદું પડે, જીતે તો ચેપ નથી લાગતો. આવા ચેપી જંતુઓની સામે લડત ચલાવવામાં મદદરૂપ થાય તેટલા માટે જ રોગના મારણ માટે દાક્તરો ઈંજેકશન આપે છે. **વેણીલાલ બૂચ**

ભેગાં થાય

ડોશીઓ ડોશીઓ ભેગી થાય,
છીંકણી ચપટી લેતી જાય,
મોઢે મૂછો કરતી જાય,
નાકે જાળાં ભરતી જાય,
ડોશીઓ ડોશીઓ ભેગી થાય.

ડોસા ડોસા ભેગા થાય,
હુક્કા પાણી કરતા જાય,
કાવા કસુંબા લેતા જાય,
મૂછોને વળ દેતા જાય,
ડોસા ડોસા ભેગા થાય.

છોકરાં છોકરાં ભેગાં થાય,
લડતાં લડતાં રમતાં જાય,
રોતાં રોતાં હસતાં જાય,
પડતાં પડતાં ઊભાં થાય,
છોકરાં છોકરાં ભેગાં થાય.

રમણલાલ સોની



માધુકરી

કલકલનિર્ઝરશૃંખલ ગિરિતલ, લતાશૃંખલિત તરુવરમૂલ,
દલવિશૃંખલિત પુષ્પિત પરિમલ. ગિરિશૃંખલ અવનીપટફૂલ.
સિંધુતરંગજડાયાં તિમિરે વિભાવરી વરસે ઝમઝમ,
તારકજડિતા વિશ્વશૃંખલા બ્રહ્મપદે બાજે ખનખન.
હડૂહડૂ કરતી આજે ગાજે મુખરશૃંખલા
મારે પગ પાણીપોચી પણ કરવા કાં ન ગમે ટુકડા? —ઉમાશંકર જોશી

ગ્રંથમહિમા

એક પ્રસંગ યાદ આવે છે: કોઈ એક પેઢીના પ્રેસિડેન્ટની ઑફિસમાં બે માણસો મુલાકાતે આવેલા છે. એ પુરાણા ઓરડાની દિવાલોને ઓકનાં વિશાળ કબાટોથી શણગારેલી છે. કાચની તકતીઓની આરપાર અમીરી બાંધણીવાળાં પુસ્તકોના પીઠભાગ મનને લલચાવતા ઝગમગી રહ્યા છે. લાગે છે કે અહીં ખરેખર કોઈ પુસ્તકપ્રેમી રહેતો હોવો જોઇએ. માથે આવી ભારે કામોની જવાબદારી હોવા છતાં એ સંગ્રાહકે લલચાવનારી બાંધણી પાછળ પૈસા ખરચવામાં બાકી નથી રાખી એ સાચે જ કેટલું સુંદર છે!

બે આવનારાઓમાંનો એક જણ આત્મવૈભવના એ ખજાનાને હાથમાં લઇને એનાં પાનાં ફેરવવાની લાલચને વશ થાય છે. કબાટે તાળું મારેલું નથી, એટલે હાથ લંબાવીને પુસ્તકનો આ રસિયો એકાદ પુસ્તક લેવા કરે છે. પણ આ શું? આખી યે અલમારી એના મસ્તક પર ઢળી પડે છે! પુસ્તકોનું તો ત્યાં નામનિશાન પણ નહોતું! એ તો પુસ્તકોના દેખાવરૂપ ખોખાં માત્ર હતાં!! પોતાની ઉલ્લાસભરી વાંછનાની આવી વિડંબના થતાં પેલો પુસ્તકપ્રેમી તરત જ એ નકલિયા પુસ્તકમાલાને ફરીથી એની મૂળ અલમારી પર કાંપતે હાથે ગોઠવી દે છે. 'ચાલ, આપણે અહીંથી ઝટપટ નાસી છૂટીએ. આવા દંભીને ત્યાં આનાથી વિશેષ ઔચિત્યની આશા કેવી?' બીજો સામું હસીને કહે છે: 'અહીં પુસ્તકોને ચહાવા માટે શિક્ષા કરવામાં આવે છે કેમજે પુસ્તક વાંચવામાં જ માત્ર સુખાનુભવ નથી થતો, પરંતુ હાથમાં રાખવાથી પણ થાય છે.'

દુનિયા પર ઠેકઠેકાણે આવાં કેટકેટલાં માયાવી પુસ્તકાલયો વેરાએલાં હશે? અને એના માલિકો કોને છેતરવા માગે છે?—પોતાનાં આપ્તજનોને કે પોતાની જાતને જ? આ ઢોંગ પાછળ જ્ઞાનનો અસાધારણ સૂક્ષ્મ તિરસ્કાર અને માનવ સિદ્ધિના સાક્ષીરૂપ પુસ્તક તરફ સભ્યતાથી વીંટેલું અપમાન જ છુપાએલું હોય છે, અને આ રીતે કેવળ પુસ્તકના અંતર્ગત લખાણની જ વિડંબના થતી નથી, આવાં જૂઠાણાંથી પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે એના પ્રાણુસર્જન પાછળના ખરા હાર્દને પણ હલાલ કરવામાં આવે છે.

'તમારા દુશ્મનો કોણ છે તે મને કહો અને હું કહી દઈશ કે તમે કોણ છો' એવું એક પ્રાચીન વચન છે. આપણે કહી શકીએ, 'મને તમારૂં ચોપડીઓનું કબાટ બતાવો અને હું તમને કહીશ કે તમે કોણ છો.'

માણસને જિંદગીમાં થકવી નાખે એવું જો કોઈ કામ હોય તો એક આ છે: પોતાને યોગ્ય ઘરની શોધ. અનેક મકાનોમાં અનિચ્છાપૂર્વક પણ ઘૂસીને તમે જોશો તો ત્યાં જીવનની હકીકતોનું નિરીક્ષણ થશે. મોટા અમીરી દેખાવના અનેક મકાનો તમે જોઇ વળો. એમાં પુસ્તકોનું કબાટ ક્યાં છે? લખવાનું મેજ ક્યાં છે? એના ઓરડાઓ બીજી અનેક વિચિત્રઢંગી વસ્તુઓથી ખીચોખીચ ભરેલા હશે. પણ એમાં માત્ર આ બે મિત્રો જ ગેરહાજર? —લખવાનું મેજ અને ચોપડીઓનું કબાટ!! એમને

ગોઠવવા જેટલી જગ્યા ક્યાંય છે ? તપાસ કરતાં જણાશે કે નાનકડું એકાદ મેજ હજી યે ક્યાંક મૂકી શકાય, પણ દિવાલો સાથે તો એવી રીતે કામ લેવામાં આવ્યું છે કે કબાટને માટે ક્યાંય જગ્યા જ ન મળે.

ઘરની માલિકણ તમારી નિરાશા જોઇને અંદરનો એકાદ ગોખલો તમને બતાવશે અને તમારી માગણી પર વિચાર કરવાની પોતે તકલીફ લઈ રહી છે એવું કૃપાસ્મિત ફરકાવતી બોલશે, 'તમારી કને જો એટલાં બધાં ચોપડાં હોય તો આ ખાનાનો બીજી કશી ઘરકામની ચીજો માટે ઉપયોગ ન કરતાં એને વાપરી શકો છો.' એ પરથી સાફ જણાઈ આવશે કે પુસ્તકો જેવો વૈભવ માણવાને માટે આ ગોખલાના સાંકડા ક્ષેત્રફળને કેવું બાદશાહી માનવામાં આવે છે!

પુસ્તકો પ્રત્યેના આ શોકભર્યા મુરબ્બીપણાનું વલણ જોઈ રસ્તાઓ પર ઠેરઠેર ઊભાં કરેલાં કિંમત વિનાનાં પુસ્તકાલયો યાદ આવી જાય છે, અને અતિ વિરલ પ્રતોમાંથી ચીરેલાં અમૂલ્ય પાનિયાંમાં ચવેણું કે ચીભડું વીંટીને આપવામાં આવે છે એની અનેક વાતોની શોકભરી સ્મૃતિ ફરી એક વાર તાજી થઈ જાય છે. એ વખતે જ્યારે તમે તમને સોંપાએલા એ નાના ગોખલા તરફ જોઇને મનમાં વિચારી રહ્યા હો કે માંડમાંડ સોએક પુસ્તકો પણ એમાં સમાવી શકાય ત્યારે ફરીથી આ 'દુન્યવી' ડાહ્યાઓ તમને કહેતા સંભળાય છે: 'તો પછી આટલી ચોપડીઓ જ શિદને રાખવી?' અને તેઓ તો પેલા નામચીન મુસલમાન વિજેતાના શબ્દોનું જ પુનરૂચ્ચારણ કરતા હોય છે. કુરાનમાં માણસને જરૂરજોગું બધું જ આવી જાય છે એ માન્યતા પર એ વિજેતાએ અનેક અમૂલ્ય પુસ્તકાલયોનો વિનાશ કરવાનો હુકમ આપ્યો હતો.

લખવાના મેજની ગેરહાજરીનો ખુલાસો એમ યાદ કરાવીને આપવામાં આવે છે કે મેજ તો ઑફિસમાં જ રાખવામાં આવે છે એમ મનાય છે. આમાં સાફ સૂચન છે કે ઑફિસની બહાર માનસિક પ્રવૃત્તિ હોઇ જ ન શકે અને સાંજની ફુરસદ તો મગજમારીમાંથી બચીને મોજમજામાં ગાળવા માટે જ છે. અને આમ, આ કહેવાતી ફુરસદની વિશ્રાંતિ જેનો ઉપયોગ ચેતનાના સંચય અને સુધારણામાં થવો જોઇતો હતો તે વાટની ધૂળમાં મોતી ફેંકી દેવામાં આવે એમ વેડફી દેવામાં આવે છે.

અને આ રીતે પુસ્તક એ આજકાલના લોકાચારમાં એક શોખનું સાધન થઈ પડયું છે. પુસ્તકના રસિયાઓને 'ડાહ્યા'ઓ શોખીન ગંડુઓ લેખે છે. મધ્યમ કોટિનાં માણસો તો વાંચવાનું જ લગભગ ભૂલી જાય છે, અને તેઓ ઘણી વાર ભોળપણથી કબૂલ પણ કરે છે કે 'મારાથી લાંબી ચોપડીઓ વાંચી શકાતી નથી', ... 'મારાથી એકાગ્ર રહી શકાતું નથી', ... 'મને વખત જ મળતો નથી', ... આમ ઘણા ય માણસો ક્રિકેટ મૅચ તરફ જતાંજતાં કે પડોશી વિષે ગપ્પાં મારવાની ગંભીર પ્રવૃત્તિ કરતાંકરતાં બોલતા હોય છે!

જ્ઞાનના ખજાના જેવાં ઘર વસાવવાનો વખત અને પૈસો તો ઘણો ય હોય છે. પણ આપણી હમેશની જંજાળોમાં આવા ખજાનાઓનો ખ્યાલ સરખો આવી શકતો નથી. માણસો શા વડે જીવે છે? ઘણીઘણી ચીજો વડે. પણ જીવનમાં માત્ર આ જ વસ્તુનું ભાન તેને થતું નથી; એક સર્જન તરીકે પુસ્તકના સૌંદર્યનો સાક્ષાત્કાર કરવો એ જ બનતું નથી.

એ જ રીતે તમે મિત્રોનું ચારિત્ર્ય અને સત્ત્વ એમને ધીરેલી ચોપડી શી દશામાં પાછી આવે છે એ ઉપરથી તપાસી શકશો. એ પણ સાચું છે કે ઘણી વાર એવાં યે માણસો જોવામાં આવે છે જે પુસ્તકો તરફ બહુ સંભાળ અને માનપૂર્વકનું વલણ રાખતા હોય છે, અને ત્યારે જ સમજી શકાય છે કે છેક પંદરમી ને સત્તરમી સદીઓના કેટલાક ગ્રંથો શી રીતે સચવાઈ રહ્યા. પણ શોકની વાત છે કે ઘણી વાર તો પુસ્તકો ફરી સમારી ન શકાય એટલાં ખરાબ કરી મૂકેલાં પાછાં આપવામાં આવે છે, અને જોનારનો અંતરાત્મા લેખકને થએલા એ નાપાક અપમાનથી વ્યથિત થઈ જાય છે. કશાકની સાથે પુસ્તકને બળી જવા દેવું, તેનાં પાનિયાં ચીરી કાઢવાં, ક્વચિત્ ક્વચિત્ તેના ખૂણા ફાડી નાખવા, અને કદીકદી પસંદ પડી જાય તે સુશોભનો તેમાંથી કાપી લેવાં,—એ બધું આજે અનાચારમાં લેખાતું નથી. પ્રત્યેક ગ્રંથપાલને ખોવાએલાં પુસ્તકો વિષે જ નહિ પણ હમેશ માટે ખંડિત કરેલી કેટલીક પ્રતો વિષે કંઈ ને કંઈ ફરિયાદો હોય છે જ.

પુસ્તકનો વિનાશ કરનાર પોતાની આત્મજાગૃતિની અધમ કોટિ ઉઘાડી પાડે છે. એ તો સ્વતઃસિદ્ધ છે કે જે કોઈ ખરા ભાવથી પુસ્તક વાંચે તે એને બગાડતાં

કે ફાડતાં ડરે. ખરે જ એ કલ્યાણની નિશાની છે. અત્યારનાં વિશ્વવ્યાપી ઐહિક અને આધ્યાત્મિક કટોકટીના સંજોગોની વચ્ચે પુસ્તકો પ્રત્યેનું લોકોનું વલણ એ પણ એક ખાતરીની નિશાની તરીકે લેખી શકાશે. ખરેખર, જ્યારે આપણે નિસ્પૃહપણે પુસ્તકોને ચાહતા થયા હોઈશું અને કલાસર્જન તરીકે એનું પ્રેમપૂર્વક રક્ષણ કરતાં શીખ્યા હોઈશું ત્યારે જીવનના કેટલાક વિકટ પ્રશ્નો પણ એની મેળે ઉકેલાઈ જશે—કશા ય વાદવિવાદ વગર, કોઈપણ જાતના દુર્વિચાર કે વિગ્રહ વગર. અને ત્યારે તો ચોપડીઓના કબાટ માટે, લખવાના મેજ માટે અને પોતાની હાજરીથી 'તે સત્ય, સનાતન, સુંદર'ની સ્મૃતિ તાજી કરી રહેતી પુણ્યપ્રતિમાઓ માટે આપણાં મકાનોમાં જગ્યા થશે.

કોઈ કહેશે, "આ તો હું ક્યારનો ય જાણું છું. આમાં કશું મારે નવું નથી.' કોઈ એમ કહે તો કેવું સારું! તો તો ઊલટું એના જોર પર એ એકાદ વધુ ચોપડી વાંચશે, અને દરેક ઘરના આ સાચા મિત્રો પ્રત્યેનું એનું વલણ વધારે ઇંતેજારીભર્યું થશે તથા એ જાણીતું વાક્ય વારંવાર તથા બીજાઓને જે આટલું જાણીતું છે તે વિષે ઊલટો બોલ્યા કરશે. કારણકે લોકો જેને અમલમાં મૂકતા નથી તેને વિષે જ ઘણીવાર બોલતા હોય છે કે 'ઓહો, આ તો અમને કયારનું ય ખ્યાલમાં હતું.' ત્યારે એમને સામું કોઇએ ચોંટાડ્યું રહ્યું કે 'તો તો તમારે માટે એ વધારે ભૂંડું!'

અત્યારનાં પુસ્તકો, કદ અને કસ બંનેમાં બહુ નજીવાં હોય છે. જાણે લેખક વાંચનારાઓને લંબાણ લખાણથી કંટાળો આપતાં ડરતો હોય એમ દેખાઈ આવે છે, કેમકે પ્રકાશક તેના કાનમાં વાંચકવર્ગને શું જોઇએ છે તે ગુરુમંત્ર ફૂંકતો જ હોય છે.

વળી એકાએક તમને એ પણ સમજાશે કે ઘણીખરી ચોપડીઓ તો ગરીબવર્ગ જ વાંચતો હોય છે, અને જ્ઞાનની, સિદ્ધિની તમન્ના આવતી કાલ માટે કોળિયો અન્ન મેળવવા મરી મથનારા એ લોકોને જ હોય છે. જગતના માહિતીકોશ (Almanac of World Information)માં જોતાં આપણને પ્રજાના ભણેલા વિભાગના આંકડા અને જગતનાં જાહેર પુસ્તકાલયોના ગ્રંથોની સંખ્યાના આંકડા જોતાં રમૂજ પડશે. આ રાષ્ટ્રીય જ્ઞાનખજાનાઓમાં પુસ્તકોની જે સંખ્યા રાખવામાં આવી હોય છે તે સરકારી યાદીઓએ જાહેર કરેલી સંખ્યાથી કેટલી અસંગત હોય છે! આ બોધક આંકડા આપણે અહીં નહિ ટાંકીએ, કેમકે પુસ્તકોની સંખ્યાઓની સુસંગતતાથી જેને પરિચય મેળવવો જ છે તેવા દરેકને તો એવા વાર્ષિક જગતપંચાંગ (World Almanac) મળી જ રહેશે. ઘણા લોકોને તો એમાંના આંકડા ભારે અજાયબીભર્યા પણ લાગશે.

અને એ પણ આપણે ભૂલી જવું ન જોઇએ કે અક્ષરજ્ઞાન જોકે સંસ્કારિતા ભણી એક પગથિયારૂપે છે, છતાં માત્ર એના આંકડા ઉપરથી પુસ્તકો વંચાતાં હોવાની કે પ્રજા સંસ્કારિતા તરફ પ્રગતિ કરતી હોવાની કોઇ ખાતરી નથી. જો કોઈ બીજી ગણત્રી કાઢે કે અક્ષરજ્ઞાન મેળવેલું છે એવાં માણસોમાંથી કેટલાઓ પુસ્તકો વાંચતા નથી, તો એનાં પરિણામો બહુ બોધક નીવડે; અને તે પછી પણ જો વાંચનારાઓની સંખ્યામાંથી સસ્તી નવલકથાઓના વાચકોને બાદ કરવામાં આવે તો આપણને ખબર પડે કે ગંભીર ભારેખમ પુસ્તકો ને પ્રતોને આખા જગતની વસ્તીના પ્રમાણમાં કેટલા જૂજ લોકોનો ટેકો છે. આ હકીકતને હજી આગળ, લઇ જઇએ તો ભારેખમ પુસ્તકો પ્રત્યે માત્ર વલણ જ બતાવનારા નહિ પણ તેના વાચનને યોગ્ય અને ડહાપણભરી રીતે જીવનમાં ઉતારનારા કેટલા છે એ વાત પણ તપાસવા જેવી છે.

પુસ્તકો પ્રત્યેના પ્રેમભરી કાળજીના હૃદયસ્પર્શી પ્રસંગો પણ હજી ભૂલાયા નથી. પેલો ગરીબ લેખક જે પોતાની પ્રિય નવવધૂને લગ્નની ભેટ તરીકે પોતાને સૌથી વધુ પ્રેરણાદાયી કલાકારની કૃતિ વિષેનો—પોતાને મન અમૂલ્ય વસ્તુ જેવો—લેખ આપવા લલચાયો હતો એની વાત તો ભૂલી ભૂલાય એમ જ નથી. અત્યંત બાળવયમાં પણ આવો પુસ્તકપ્રેમ સ્વતંત્રપણે પ્રગટી આવે છે એના દાખલા પણ અવિસ્મરણીય જ છે. એક અત્યંત ધનાઢ્ય ઘરની બાલિકા, કલાકાર ડોરેનાં સુશોભન-ચિત્રોવાળી બાઇબલની આવૃત્તિ મહામહેનતે ઊંચકી જાય છે. એનાથી એ ઉપડાય એમ પણ નથી. એને આ ચોપડી લઈ જતી રોકવામાં આવે છે, પણ મુરબ્બીઓની ગેરહાજરીનો પ્રસંગ આવતાં એનો એ લાભ લે છે. તોફાન કે ગમ્મત ખાતર નહિ, પણ મહાન આકૃતિઓ સાથે એકતાન થવામાં સ્વાતંત્ર્યની આ ક્ષણનો તે ઉપયોગ કરી લે છે. પોતાના હૃદયની જ

પ્રેરણાથી સ્વતંત્રપણે સાચા સુખના અફર મિત્રને શોધી કાઢવા કબાટમાં ગોતાગોત કરી મૂકનારાં, આવાં બાળકો પ્યારાં લાગે છે; કારણકે એડિસને નાનપણમાં સહજપણે જ ચોપડીઓનું કબાટ ગોતી કાઢ્યું હતું અને માનવતાનું શી રીતે પોતે કલ્યાણ કરી શકે એનો પોતાના મનમાં સાક્ષાત્કાર મેળવ્યો હતો. અત્યારે લોકરુચિને બહુ ગમતા પત્રકારિત્વના કાર્યમાં પણ ઉપયોગી વસ્તુનો ફેલાવો કરવાનો હાર્દિક પ્રયત્ન જ વ્યક્ત થાય છે.

બાઈબલની મહાન વાતો પર પોતાના પ્રથમ પ્રયત્નો અને પ્રેરણાઓને ઠાલવી દેનાર મહામના રસ્કિનને પણ આપણે અહીં સંભારી લઇએ. બીજાં ઘણાં ઉદારચરિત માણસોને પણ સંભારી લઇએ. વિચારમાં રહેલી અને વિચાર કરવાની કળા ઉપર પુરાણા વખતથી કંઇ ને કંઈ કહેવાતું જ આવ્યું છે. પણ પ્રત્યેક કળાનો વિસ્તાર અને વૃદ્ધિ થવી જોઇએ; અને પવિત્ર વિચારની આ કળાની વેદી તો પુસ્તકના કબાટ કને જ શોભેને?

પુસ્તકોના કબાટ તરફ આપણે કોઇ રંજન કરનાર મિત્ર કે કોઈ શીખ દેનાર મુરબ્બી તરફ જોતા હોઇએ એમ નહિ પણ એક માર્ગદર્શક અથવા પ્રાણવિધાતા તરફ જોતા હોઇએ એમ જોતા થઇએ. મહાન વિચારકોનાં પ્રબળ સર્જક મહામાનસ એમાંથી શું પ્રગટી આવતાં નથી? એમાંથી જ શું પ્રાણશક્તિ ફૂટી આવતી નથી? અથવા તો સારાં ય અનિષ્ટો સામે અને અસ્તિત્વને રોધતી અડચણો સામે ઝૂઝવાની શક્તિ એમાંથી જ શું વહી રહી નથી? ઇષ્ટ સર્જનના ઉલ્લાસના ફૂવારા એમાંથી જ શું ફૂટી નીકળતા નથી?

(અનુવાદ) નિકોલસ રોરિશ

ગૉથિક બાંધણી

મકાનોમાં ગૉથિક બાંધણી અણીદાર બુરજો અને કમાનદાર થાંભલાથાંભલીઓથી પરખાઇ આવે છે. આ બાંધણીના ઉત્પાદકો ગૉથ લોકો હતા એમ ઘણા માની લે છે, પણ ખરી રીતે બારમા સૈકામાં ફ્રાન્સમાંથી તેની શરૂઆત થઇ હતી. પરંતુ સોળમા સૈકામાં લોકોએ તિરસ્કારથી તેને જંગલી જાતિનું નામ આપવા માંડ્યું, કારણકે તેમને તે બહુ ભારેખમ અને બિહામણી લાગતી. ખરી રીતે તેને સારેસૅનિક ઢબ કહેવી જોઈએ એમ સ્થપતિ મિ. રેન કહે છે. બારમા સૈકામાં યુરોપના ખ્રિસ્તીઓએ યરૂસલેમ માટે ધાર્મિક યુદ્ધ આદર્યું ત્યારે મુસલમાની ઢબની બાંધણીને તેઓ સારેસૅનિક કહેતા. ખરું જોતાં ગૉથિક યુરોપ અને એશિયાની બાંધણીનું સંમિશ્રણ છે.

રેલવેના પાટાની પહોળાઇ

મોટી રેલવેના પાટાની પહોળાઇ (Gauge) ૪ ફૂટ ને ૮॥ ઇંચ હોય છે, તેનું કારણ મૂળ તો કોલસાની ખાણમાંથી કોલસા લઇ જવાને ઘોડાથી ખેંચાતી ટ્રામના લાકડાના પાટાની પહોળાઇ ૪ ફૂટ ૮॥ ઇંચ હતી તે. આ પહોળાઇ જૂની ઢબના રેંકડા પ્રમાણે રાખી હતી અને ઘોડાને દોડવા પૂરતી હતી. સમય જતાં લાકડાના પાટાને બદલે લોખંડના પાટા થયા અને જાનવરને બદલે વરાળનાં એન્જિન થયાં, પણ પાટા તો એના એ રહ્યા! એમ છતાં ગ્રેઈટ વેસ્ટર્ન રેલવેના પાટા ૭ ફીટ ૦। ઇંચ પહોળા હતા, કારણકે તેના ઈજનેર બ્રુનેલનું માનવું એવું હતું કે પાટા જેમ પહોળા તેમ ઘણો બોજો ખેંચી શકાય અને ગતિ વધારી શકાય. પણ જેમ જેમ બીજી રેલવેઓ વધી તેમ તેમ આ ગેઇજ (પહોળાઇ)ના વાંધા ઊઠવા લાગ્યા. આખરે નૅરો ગેઇજ (મધ્યમ પહોળાઇ)ને રૉયલ કમિશને પ્રજાકીય ધોરણ તરીકે ઠરાવ્યું.

સલેપાટનું મૂળ

સલેપાટ અથવા સ્લિપર્સ રેલગાડીના પાટા નીચે નાખવામાં આવે છે. તે અસલ તો નૉર્વેજિયન શબ્દ 'sleips' સ્લેપ્સ છે. એનો અર્થ કોઈપણ વસ્તુ સહેલાઇથી ખેંચવાને સરળતા ખાતર નીચે ગોઠવેલો લાકડાનો કે કોઈ જાતનો સામાન. આથી સડક બાંધવામાં વપરાતો સામાન સ્લેપ કહેવાતો. પછી રેલવે બંધાવા લાગી ત્યારે નૉર્વેમાંથી લાકડાનો જથ્થો આવ્યો તેની સાથે એ શબ્દ પણ આવ્યો ને અંગ્રેજ મજૂરવર્ગે તેનો અપભ્રંશ સ્લિપર કરી નાખ્યો અને હિંદુસ્તાનમાં સલેપાટ બની ગયો! હવે તો બાંધકામોમાં કે યંત્રમાં આડા નાખેલા ગમે તે પાટો સ્લિપર જ કહેવાય છે.

ટપાલનું નામ પોસ્ટ શાથી?

પોસ્ટ ઑફિસમાં પોસ્ટ શબ્દ અતિ જૂના યુગમાંથી ચાલ્યો આવે છે. એક ટપાલવાળો પત્ર બીજી ઑફિસે પહોંચાડે, ત્યાંથી બીજો તેને આગળ લઇ જાય એમ ટપાલ પહોંચાડવાની રીત ચીનમાં ત્રણ હજાર વર્ષ પહેલાં ચાલુ હતી. યુરોપમાં તે ૧૪૭૦માં લૂઈ ૧૧માએ ફ્રાંસમાં દાખલ કરી. ૧૪૮૧માં એડવર્ડ ચોથાએ અપનાવી. ૧૬૬૫માં ઇંગ્લંડ, સ્કૉટલંડ અને આયર્લંડનાં મુખ્ય શહેરો વચ્ચે ટપાલ ચાલુ થઇ અને હાલનું સ્વરૂપ ૧૬૬૦માં આવ્યું. પોસ્ટ શબ્દ લૅટિન ભાષામાંથી આવ્યો છે. પોસ્ટ એટલે મૂકવું. રસ્તે રસ્તે પથ્થરનો ઢગલો કરવામાં આવતો તેને પોસ્ટ કહેતા. આજે ઠેકાણે ઠેકાણે ટપાલના થાંભલા ઊભા કર્યા છે તેને એ રીતે પોસ્ટ કહીએ છીએ.

બાર પગો કરોળીઓ

છ અને આઠ પગના કરોળીઆ આજ સુધી જાણમાં હતાં ૧૦૦ વર્ષ પહેલાં જ્યોર્જીઆના દક્ષિણ ધ્રુવ પ્રદેશમાંથી દસ પગનો કરોળીઓ મળ્યો હતો પણ હમણાં તેજ પ્રદેશોમાં ૧૨૦૦ ફીટની ઉંડાઇએથી બાર પગનો જળચર કરોળીઓ હાથ ચડ્યો છે.

ચાળીસેક વરસ પર નાસિક જિલ્લાના યેવલા ગામમાં મસ્જિદ આગળ વાજાં વગાડવાની બાબતમાં હિંદુ-મુસલમાન રમખાણ થએલું તે વિષેની તંત્રીનોંધ લોકમાન્યને 'કેસરી'માં લખવી હતી પરંતુ એ કદી પણ બહારથી મળેલી હકીકતોની પૂરતી ચોકસી કર્યા વિના એક લીટી પણ પોતાના પત્રમાં લખતા નહિ. આ સમયે એમના પુત્ર ભયંકર માંદગીને બિછાને હતા, છતાં પૂના છોડવાની દાક્તરોની મનાઇને ન ગણકારતાં, જાતે યેવલા જઇને જોઈતી માહિતી લઈ આવ્યે જ રહ્યા.

~

અનેકાર્થી શબ્દ: **ઓડવું**=હોડકું;એક જાતનું ફળ; ધરવું-રજુ કરવું-હંબાવવું; ખાળવું-રોકવું-ખેંચવું;મુશ્કેલીથી બોલીને પોતાનો અર્થ સમજાવવો.

~

કહેવતો: 'સુતારના ઘરનો દીવો'-કોઇ કામ કરતાં કોઇને બહુ વાર થતી હોય તે સંબંધમાં આ કહેવત વપરાય છે. એક સુતારે ખરે બપોરે પોતાની સ્રીને દીવો કરવાનું કહ્યું એ જોઇને ઘેર આવેલા મહેમાનને આશ્ચર્ય થતાં તેણે ખુલાસો કર્યો કે અત્યારથી કહેકહે કરીશ ત્યારે માંડ રાત પડતાં દીવો કરશે. એના જ જેવી બીજી બે કહેવતો છે: 'વાત કરતાં વાંઝણી વિયાય' અને 'સોઢી શણગારે ત્યાં સવાર પડી જાય.'



માત્ર ઘરનાં સાધન વડે ડિસ્ટિલ્ડ વૉટર (બાષ્પજળ) બનાવી લેવાની સહેલી રીત: નાળચા ઉપર કપ ઊંધો લટકાવીને તેમાંથી પડતાં ઠરેલી વરાળનાં ટીપાં નીચે પ્યાલામાં ઝીલી લો.


> મુશ્કેલીઓને હટાવ્યા વિના માત્ર તકથી મળેલો વિજય ઝાકળના બિંદુ જેવો છે: ખોટો ને ક્ષણિક.

ન્યાયાધીશ—હું હવે ફરીથી તને અહીં જોવાની આશા ન રાખું ને, બંધવા?

કેદી—કેમ એમ સાહેબ? આપ શું રાજીનામું આપવાના છો?

~

નવાઇ જેવું લાગશે, પણ સાચી વાત છે કે ૧૦૦ ગૅલન પેટ્રોલિયમમાંથી ૧૦૫ ગૅલન પેટ્રોલ બને છે!



ઉપરના વર્તુલમાં જે સ્થળે ચોરસના ખૂણા અડે છે તે પાસાં બેઠેલાં જણાય છે. પણ દષ્ટિભ્રમ છે. કંપાસ લઇને ખાત્રી કરી જોશો તો વર્તુલ સાચું જણાશે.

~


છેલ્લી વસ્તી ગણત્રી પ્રમાણે હિંદની એકંદર વસ્તી આજે પાંત્રીસ કરોડ ને ત્રીસ લાખની છે. તેમાં—

હિંદુ	૨૩૯૧૯૫૦૦૦
જૈન	૧૨૫૨૦૦૦
બુદ્ધીસ્ટ	૧૨૭૮૭૦૦૦
સીખ	૪૩૩૬૦૦૦
પારસી	૧૧૦૦૦૦
મુસલમાન	૭૭૬૭૮૦૦૦
યાહુદી	૨૪૦૦૦
ખ્રિસ્તી	૬૨૯૭૦૦૦
વિવિધ જાતો	૮૨૮૦૦૦૦
ઇતર ધર્મીઓ	૫૭૧૦૦૦

અમેરિકાના કોલંબિયા પરગણાના ઍન્ટિયોકિયા નામના ગામમાં રહેતી ડૅાના સિલેસ્ટિના નામની ૧૦૩ વર્ષની બાઇને ૮૪૬ જીવતા વંશજો છે અને તે દરેકને તેમનું નામ લઇને બોલાવી શકે છે!

~

ઇંગ્લંડના વેલ્સ પ્રાંતના ઍંગલ્સી પરગણામાં આવેલા એક ગામડાનું નામ માત્ર આટલું જ લાંબું છે: LLANFAIRPWLLGWYNGYLLGOGERYCHWYRNDROBWLLLLANTYSILIOGOGOCH.



પવનનો વેગ માપવાનું યંત્ર

તીરની નિશાની વડે હવાની દિશા દર્શાવતી ચિત્રની ઉપરની યોજના તો જાણીતી છે. તેની સાથોસાથ જ હવાનો વેગ માપવાનું યંત્ર પણ આવે છે. ઉપરની કુંદડીમાંના વાટકામાં હવા ભરાવાને લીધે તે જેટલા વેગથી ફરે તેનો આંક નીચેની ઘડિયાળનો કાંટો બતાવે. ઘડિયાળમાં વૈજ્ઞાનિક ગણતરી કરીને આંક મૂક્યા હોય તે પરથી કલાકના કેટલા માઈલના વેગે પવન ફૂંકાય છે તેનું માપ મળે.

'કુમાર'ના આ અંકનો વધારો



'શ્રીપાલ રાસ'માંનું એક સુંદર ચિત્ર

શ્રી જૈન ચિત્રકલ્પદ્રુમ

ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલાનો તાજેતરમાં બહાર પડનારો

અપૂર્વ ઐતિહાસિક સંગ્રહ


(વિ. સં. ૯૨૭ થી ૧૯૭૦ સુધી)

[ઉપરના નમૂના મુજબનાં ચોવીસ રંગીન તથા ચાળીસ સાદાં, પ્રાચીન મૂલ્યવાન અપ્રકટ ચિત્રોની અતિ દુર્લભ કલાસામગ્રીથી મંડિત આ પુસ્તકને લગતી સવિસ્તર માહિતી તથા બીજા નમૂનાઓ વિષે અંદર જુઓ.]



શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ

સંચાલક · સારાભાઇ મણિલાલ નવાબ



પંદરમા સૈકાના કલ્પસૂત્રની એક પ્રતમાંનું તે સમયનો લગ્નપ્રસંગ દર્શાવતું એક આલેખન





હસ્તલિખિત ગ્રંથોને શણગારતાં સુશોભનો અને કિનાર-આલેખનો (બૉર્ડરો)માં જે વિપુલ, વિવિધ અને સમૃદ્ધ કલ્પનોથી ભરેલી કલાસામગ્રી સંઘરાએલી પડી છે તે તો અણમોલ છે. બહાર પડનારા આ ગ્રંથમાં એવાં જે અનેક ત્રિરંગી તથા સાદાં સુશોભનો આવવાનાં છે તેના માત્ર બે નમૂના આ ઉપર આપ્યા છે. ઉપર: અષ્ટમંગલનું કિનાર–આલેખન. નીચેઃ હસ્તીયુગ્મનો સુશોભનોમાં ઉપયોગ.



ઇન્દ્રસભા તથા દેવશય્યામાંથી દેવની ઉત્પત્તિ દર્શાવતું સંગ્રહણીસૂત્રમાંનું એક આલેખન

આદિથી અંત સુધી કુમાર કાર્યાલયમાં જ તૈયાર થનારો અતિ મૂલ્યવાન વિરલ અને અપૂર્વ કલાસંગ્રહ

શ્રી જૈન ચિત્રકલ્પદ્રુમ

જેમાં પાછલા નમૂનામાં બતાવ્યા મુજબની મૂળની આબેહૂબ પ્રતિકૃતિ દાખવતી ૨૪ પૂર્ણરંગી
તથા આ સામે અને ઉપર બતાવી છે તેવી ૪૦ એકરંગી ચિત્રપ્લેટો છે, અને તેમાં બધાં મળીને

સવાસો ઉપરાંત ચિત્રો સંઘરાયાં છે.

એ કલાસામગ્રી ઉપરાંત એ ચિત્રો ઉપર વિવેચન કરતા મનનીય લેખો; તેનાં ઉપલબ્ધ સ્થાનો, તેને લગતા ઇતિહાસ વગેરેની માહિતી આપતો લેખ; તથા પ્રાચીન લેખનકલાની પદ્ધતિ અને તેનાં સાધનો, સોનેરી રૂપેરી રંગીન શાહીઓ વગેરેની બનાવટનાં રસાયણો આદિ હકીકતો પર પ્રકાશ પાડતો વિસ્તૃત અભ્યાસપૂર્ણ લેખ આ પુસ્તકના મહત્ત્વમાં ઉમેરો કરશે.

સુંદર છપાઇ • આકર્ષક રૂપરંગ • પાકા પૂઠાની મજબૂત બાંધણી • સુંદર કેઇસમાં મૂકેલો ગ્રંથ

પ્રાચ્યવિદ્યાશાસ્ત્ર, સાહિત્ય, ધર્મ, કલા, બધી દૃષ્ટિએ મૂલ્યવાન ને આકર્ષક એવો આ ગ્રંથ ગુજરાતી સાહિત્ય-માં પહેલી જ વાર બહાર પડે છે. ગુજરાતી ચિત્રકળાના ઇતિહાસમાં તો આ ગ્રંથ ઘણો કિંમતી ફાળો આપશે.

મંત્રણા-મંડળ

શેઠ બકુભાઇ મણિલાલ (અમદાવાદ)
શેઠ જીવતલાલ પ્રતાપસીંગ (મુંબઇ)
શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા I.C.S. (હિંદી કળાના મીમાંસક)
બાબુ પૂરણચંદજી નહાર (કલકત્તા) (જૈન પુરાતત્ત્વના ખાસ અભ્યાસી)
શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયા (આૅ. ઇ. યં. મે. જૈ. સો.ના મંત્રી)
મણિલાલ મગનલાલ શેરદલાલ
શેઠ મગનલાલ રણછોડદાસ (સુરત)
શ્રી બાપાલાલ ચુનીલાલ ઝવેરી
રામનારાયણ વિશ્વનાથ પાઠક ('પ્રસ્થાન'ના તંત્રી)
શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી (મંત્રીઃ ગુજરાત સાહિત્ય સભા)
શ્રી રવિશંકર રાવળ (વિખ્યાત કલાકાર; 'કુમાર'ના તંત્રી)
શ્રી બચુભાઇ રાવત (કુમાર કાર્યાલય)
શ્રી કનુ દેસાઈ (કલાકાર)
શ્રી જીવણચંદ સાકરચંદ ઝવેરી (સુરત)
શ્રી ચંદુલાલ મોહનલાલ કોઠારી
શ્રી મૂળચંદ ડી. દલાલ (મુંબઇ)

ગુજરાતી આવૃત્તિની માત્ર પાંચસો પ્રત જ છપાશે. સૌએ પોતાની નકલ તાકીદે મેળવી લેવી.

પાછળ જણાવેલી કિંમતે અગાઉથી ગ્રાહક થવા ઇચ્છનારે, જણાવેલાં સ્થળે મનીઑર્ડર અથવા ચેકથી નાણાં મોકલવાં.
પોસ્ટેજ—પૅકિંગ ખર્ચનો રૂપિયો એક વધુ મોકલવા વિનતિ છે.



પ્રાચીન કલ્પસૂત્રમાંનું એક ચિત્ર

આવનારાં ચિત્રોની સૂચિ

(૧) વિ. સં. ૯૨૭ના તાડપત્ર ઉપરનાં પાંચ ચિત્રો. (૨) પરમાર્હત્ ગુર્જરેશ્વર કુમારપાળના સમયના તાડપત્રની પ્રત ઉપરથી લીધેલાં, ૧૬ વિદ્યાદેવીઓ, લક્ષ્મી, સરસ્વતી તથા યક્ષયક્ષિણીઓનાં ૨૧ ચિત્રો. (૩) સંવત ૧૩૮૯ના સમયના કલ્પસૂત્રના ચિત્રાવશેષો. (૪) મોગલ સમય પહેલાંની સોનેરી પ્રત ઉપરથી લીધેલાં લગભગ પાંત્રીસ ચિત્રો તથા અતિદુર્લભ ત્રિરંગી બોર્ડરો સંખ્યા ૭૪. (૫) સંગ્રહણી સૂત્રમાંથી લીધેલા ભુવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક નિકાયના દેવોનાં મુગલ સમયનાં અદ્ભુત ચિત્રો. (૬) કલ્પસૂત્રની આજુબાજુની વેલબુટ્ટીઓની સુંદર બોર્ડરો. (૭) શ્રીપાલ રાસમાંનાં ગુજરાતના વહાણવટાનાં તથા તેને લગતાં બીજાં ચિત્રો. તેમાંથી જ લીધેલ હીરવિજયસૂરી તથા સમ્રાટ અકબરનું એક અપ્રસિદ્ધ ત્રિરંગી ચિત્ર. આ ઉપરાંત બીજાં ચિત્રો મળીને ચોવીસ ત્રિરંગી પ્લેટો તથા લગભગ ચાળીસ બ્લૅક ઍન્ડ વ્હાઈટ પ્લેટો.

કિંમત

અગાઉથી ગ્રાહક થનાર માટે રૂ. ૧૫

પાછળથી રૂ. ૨૧

અંગ્રેજી આવૃત્તિ : અગાઉથી ગ્રાહક થનારને રૂ. ૩૫ પાછળથી રૂ. ૪૦

અગાઉથી ગ્રાહક થવાનાં સ્થળો

અમદાવાદમાં : કુમાર કાર્યાલય, રાયપુર; ગુર્જર ગ્રંથ રત્નાકર કાર્યાલય, રીચીરોડ; ધી યંગમેન્સ જૈન સોસાયટી, પાંજરા પોળ; સારાભાઇ મણિલાલ નવાબ, માંડવીની પોળમાં નાગજીભૂધરની પોળ. એ ઉપરાંત મુંબાઇમાં તથા સુરતમાં : ધી યંગમેન્સ જૈન સોસાયટીની ઑફિસ; કલકત્તામાં : 'નવચેતન ઓફિસ, ૧૦ પૉલૉક સ્ટ્રીટ; અથવા રમણલાલ અમૃતલાલ ઝવેરી પો બૉ. નં. ૬૮૩૧.